# My Arihant Book

Gunjan Shah

shahgunjan2000@yahoo.com

shahgunjan80@gmail.com

shahgunjan@jainuniversity.org

Ahmedabad

# ભાવના ગીતો


| નંબર | ગીતો | પાના નં. |
|---|---|---|
| ૧ | મારી આંખોમાં પાર્શ્વપ્રભુ | ૧ |
| ૨ | સિદ્ધગિરિનો મહિમા | ૨ |
| ૩ | ઝગમગતા તારલાનું દેરાસર | ૩ |
| ૪ | તમે બોલો બોલોને પારસનાથ | ૪ |
| ૫ | મારા ઘટમાં બિરાજતા | ૫ |
| ૬ | પ્રભુ તારૂં મંદિર તો | ૬ |
| ૭ | વઢીયાર દેશનો રાજીયો | ૭ |
| ૮ | કર્મો કરેલા | ૮ |
| ૯ | તારા વિના વીર મને | ૯ |
| ૧૦ | સુગંધી જળ છંટાવો | ૧૦ |
| ૧૧ | તારા શરણે આવ્યો છું | ૧૧ |
| ૧૨ | સોનામાં સુગંધ ભળે | ૧૨ |
| ૧૩ | યહ હે પાવન ભૂમિ | ૧૩ |
| ૧૪ | પભુની આંગી રૂડી | ૧૪ |
| ૧૫ | પ્રભુ તેં મને જે આપ્યું છે | ૧૫ |
| ૧૬ | પાપીને તું પ્યાર કરી લે | ૧૬ |
| ૧૭ | આશ ભરીને | ૧૭ |
| ૧૮ | ઈતની શકિત હમેં | ૧૮ |
| ૧૯ | તમે મન મુકીને વરસ્યા | ૧૯ |
| ૨૦ | જય ગિરનાર, જય આબુજી | ૨૦ |
| ૨૧ | એક જનમ્યો રાજદુલારો | ૨૧ |
| ૨૨ | જપી લે, જપી લે | ૨૨ |
| ૨૩ | નામ હે તેરા તારણહારા | ૨૩ |
| ૨૪ | સમતાથી દર્દ સહું | ૨૪ |
| ૨૫ | મેરા જીવન તેરે હવાલે | ૨૫ |
| ૨૬ | આંખડી મારી પ્રભુ | ૨૬ |
| ૨૭ | હે ત્રિશલાના જાયા | ૨૭ |
| ૨૮ | અમી ભરેલી નજરું રાખો | ૨૮ |
| ૨૯ | હેલો મારો સાંભળો | ૨૯ |
| ૩૦ | મારું આયખું ખુટે જે ઘડીએ | ૩૦ |
| ૩૧ | રંગાઇ જાને રંગમાં | ૩૧ |
| ૩૨ | ઓ કરુણાના કરનારા | ૩૨ |
| ૩૩ | એક પંખી આવીને ઉડી ગયું | ૩૩ |
| ૩૪ | તું તારે કે ના તારે | ૩૪ |
| ૩૫ | સમરો મંત્ર ભલો નવકાર | ૩૫ |

| નંબર | ગીતો | પાના નં. |
|---|---|---|
| ૩૬ | તારે દ્વારે આવીને કોઈ | ૩૬ |
| ૩૭ | મારી આ જીવનનૈયા | ૩૭ |
| ૩૮ | મુક્તિ મળે કે ના મળે | ૩૮ |
| ૩૯ | નેમ - રાજુલ | ૩૯ |
| ૪૦ | પૂજો પૂજો પારસનાથ અલબેલા | ૪૦ |
| ૪૧ | પ્રભુ તારું ગીત | ૪૧ |
| ૪૨ | નૈયા ઝુકાવી મેં તો | ૪૨ |
| ૪૩ | મહાવીર સ્વામી મારા | ૪૩ |
| ૪૪ | ફુલ નહીં તો પાંખડી | ૪૪ |
| ૪૫ | પ્રેમ ભરેલું હૈયું લઈને | ૪૫ |
| ૪૬ | જા સંયમ પંથે દીક્ષાર્થી | ૪૬ |
| ૪૭ | વગડાની વચ્ચે વાવડી | ૪૭ |
| ૪૮ | અમે તારા દિવાના | ૪૮ |
| ૪૯ | લીંબુના વનમાં | ૪૯ |
| ૫૦ | તારો એક જ આધાર | ૫૦ |
| ૫૧ | ઉંચા ઉંચા દહેરાસર | ૫૧ |
| ૫૨ | જયકારી રે જિન તારો | ૫૨ |
| ૫૩ | ભક્તિ કરતાં છુટે | ૫૩ |
| ૫૪ | હું તને ભજુ છું | ૫૪ |
| ૫૫ | મંગલમય છે નામ | ૫૫ |
| ૫૬ | પંખી રે પંખી રે | ૫૬ |
| ૫૭ | ચંદનબાળા | ૫૭ |
| ૫૮ | ચાર દિવસનાં ચાંદરણા | ૫૮ |
| ૫૯ | પારસનાથ આધાર | ૫૯ |
| ૬૦ | સાહેબો શંખેશ્વર સોહામણો | ૬૦ |
| ૬૧ | પભુ રાખજે ઉઘાડા દ્વાર | ૬૧ |
| ૬૨ | તમે સહારા રે | ૬૨ |
| ૬૩ | શંખેશ્વર કા નાથ હે | ૬૩ |
| ૬૪ | ટીલડી રે | ૬૪ |
| ૬૫ | ઝનન ઝનન ઝનકારો | ૬૫ |
| ૬૬ | રંગ રંગ રેલી | ૬૬ |
| ૬૭ | દરશન દેજો નાથ | ૬૭ |
| ૬૮ | મૈલી ચાદર | ૬૮ |
| ૬૯ | ચડતી પડતી થાય | ૬૯ |
| ૭૦ | દુહા | ૭૦ |
| ૭૧ | શંખેશ્વર દાદા છે કેવા | ૭૧ |

| નંબર | ગીતો | પાના નં. |
|---|---|---|
| ૭૨ | આજ મારા પ્રભુજી | ૭૨ |
| ૭૩ | જીંદગીમાં કેટલું કમાણા રે | ૭૩ |
| ૭૪ | આજ તારે ખોળે રમવાને | ૭૪ |
| ૭૫ | ઓ જિન તેરે ચરણકી | ૭૫ |
| ૭૬ | એવા અલબેલા છે | ૭૬ |
| ૭૭ | ક્યું ન ભયે હમ મોર | ૭૭ |
| ૭૮ | મારી આજની ઘડી | ૭૮ |
| ૭૯ | મને જડ્યું રે જગતમાં | ૭૯ |
| ૮૦ | જયવીર જયવીર | ૮૦ |
| ૮૧ | હે કિરતાર મને | ૮૧ |
| ૮૨ | લેતાં મારા પ્રભુજીનું નામ | ૮૨ |
| ૮૩ | અમે તમારે દ્વારે | ૮૩ |
| ૮૪ | જિનશાશનની રખવાળી | ૮૪ |
| ૮૫ | સહારો દ્યો તમે | ૮૫ |
| ૮૬ | દાદા તારા દ્વારે | ૮૬ |
| ૮૭ | મહાવીર જીનેશ્વરા | ૮૭ |
| ૮૮ | ભાઇ રે ભાઇ | ૮૮ |
| ૮૯ | મારા વીરને ખમ્મા | ૮૯ |
| ૯૦ | મારા દાદાને દરબારે | ૯૦ |
| ૯૧ | એકવાર શાંતિનાથદાદા | ૯૧ |
| ૯૨ | તું પ્રભુ મારો | ૯૨ |
| ૯૩ | પેલા શેત્રુંજયના | ૯૩ |
| ૯૪ | ઘોર અંધારી રે | ૯૪ |
| ૯૫ | ઓ મુલેવા સેવક તેરે હમ | ૯૫ |
| ૯૬ | સેવા હો મુક્તિ મેવા | ૯૬ |
| ૯૭ | ટહુકા કરતો જાય | ૯૭ |
| ૯૮ | તમે ઝુલો તો તમને | ૯૮ |
| ૯૯ | શ્રાવણ નો મહિનો | ૯૯ |
| ૧૦૦ | મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું | ૧૦૦ |
| ૧૦૧ | ખોટા રસ્તે આવેલી રકમ | ૧૦૧ |
| ૧૦૨ | શાંતિનાથ દાદા રે | ૧૦૨ |
| ૧૦૩ | આવે છો ને સંકટ હજારો | ૧૦૩ |
| ૧૦૪ | હું છું અનાથ મારો | ૧૦૪ |
| ૧૦૫ | ઈલાચીકુમાર | ૧૦૫ |
| ૧૦૬ | સેવક કબ દુર પ્રભુ સે | ૧૦૬ |
| ૧૦૭ | તારી આંગી | ૧૦૭ |

| નંબર | ગીતો | પાના નં. |
|---|---|---|
| ૧૦૮ | જાનાર તો જતાં રહ્યાં | ૧૦૮ |
| ૧૦૯ | મુકિતપુરીના સ્વામી | ૧૦૯ |
| ૧૧૦ | ભાદરવો મહિનો | ૧૧૦ |
| ૧૧૧ | દાદાજીના દેરા ઉપર | ૧૧૧ |
| ૧૧૨ | હે શંખેશ્વર સ્વામી | ૧૧૨ |
| ૧૧૩ | ત્રિશલા માતા પારણું ઝુલાવે | ૧૧૩ |
| ૧૧૪ | ઝુલો ઝુલો વીર | ૧૧૪ |
| ૧૧૫ | જાત્રા કરવાનાં | ૧૧૫ |
| ૧૧૬ | જાગ્યો રે આતમા | ૧૧૬ |
| ૧૧૭ | મારે ભકિત તમારી કરવી | ૧૧૭ |
| ૧૧૮ | જિનશાસનનો પોકાર | ૧૧૮ |
| ૧૧૯ | અમે ગ્યા’તા દેરે | ૧૧૯ |
| ૧૨૦ | જૈનો રે | ૧૨૦ |
| ૧૨૧ | માં શારદા | ૧૨૧ |
| ૧૨૨ | મારી નાવડીમાં | ૧૨૨ |
| ૧૨૩ | દુઃખીયાને આરામ | ૧૨૩ |
| ૧૨૪ | હું તો આવ્યો તમારે દરબાર | ૧૨૪ |
| ૧૨૫ | હૈયું નમે પ્રભુ તારી કને | ૧૨૫ |
| ૧૨૬ | મલ્લિ જિણંદ | ૧૨૬ |
| ૧૨૭ | કરશો ના કોઇ પ્રમાદ | ૧૨૭ |
| ૧૨૮ | દુનિયા મેં તુ આયા | ૧૨૮ |
| ૧૨૯ | જીંદગી બેકાર ચાલી જાય | ૧૨૯ |
| ૧૩૦ | સમ્યક્ દર્શન | ૧૩૦ |
| ૧૩૧ | મહાવીર વીરતાવાલા | ૧૩૧ |
| ૧૩૨ | પ્રભુ ભકત જુએ તારી વાટ | ૧૩૨ |
| ૧૩૩ | મુકિત તણાં સપનાં | ૧૩૩ |
| ૧૩૪ | ઓ ઉડનારા પંખી | ૧૩૪ |
| ૧૩૫ | સિધ્ધાચલ સ્વામી પ્યારા | ૧૩૫ |
| ૧૩૬ | કાયાનું રૂડુ પીંજરૂ | ૧૩૬ |
| ૧૩૭ | માનવનો જન્મ મળ્યો | ૧૩૭ |
| ૧૩૮ | છોડી દો જગની આ જંજાળ | ૧૩૮ |
| ૧૩૯ | કોઇ પાલીતાણા જઇને | ૧૩૯ |
| ૧૪૦ | શંખેશ્વર પાર્શ્વજીની વાર્તા | ૧૪૦ |
| ૧૪૧ | ચારે બાજુ આરસ | ૧૪૧ |
| ૧૪૨ | આવ્યો દાદાને દરબાર | ૧૪૨ |
| ૧૪૩ | લાગો છો કેવા પ્યારા | ૧૪૩ |

| નંબર | ગીતો | પાના નં. |
| --- | --- | --- |
| ૧૪૪ | પ્રભુ આમ છેટા છેટા | ૧૪૪ |
| ૧૪૫ | કોયલ ટહુકી રહી | ૧૪૫ |
| ૧૪૬ | દાદા તારા વીનાં | ૧૪૬ |
| ૧૪૭ | જીવન અંજલિ થાજો | ૧૪૭ |
| ૧૪૮ | બંધન બંધન ઝંખે મારું મન | ૧૪૮ |
| ૧૪૯ | મંગળકારી મંગળધામ | ૧૪૯ |
| ૧૫૦ | તું મને ભગવાન | ૧૫૦ |
| ૧૫૧ | સિધ્ધાચલનાં વાસી | ૧૫૧ |
| ૧૫૨ | અંતરજામી સુણ અલવેસર | ૧૫૨ |
| ૧૫૩ | સુણો ચંદાજી | ૧૫૩ |
| ૧૫૪ | દીન દુઃખીયાનો તું છે બેલી | ૧૫૪ |
| ૧૫૫ | શાંતિ જિનેશ્વર સાચો સાહિબ | ૧૫૫ |
| ૧૫૬ | મારો મુજરો લ્યોને રાજ | ૧૫૬ |
| ૧૫૭ | ઐસી દશા હો ભગવાન જબ | ૧૫૭ |
| ૧૫૮ | દાદા આદિશ્વરજી | ૧૫૮ |
| ૧૫૯ | માતા મરૂદેવીના નંદ | ૧૫૯ |
| ૧૬૦ | સિધ્ધાચલની ગોદમાં | ૧૬૦ |
| ૧૬૧ | લેજે ઉગારી | ૧૬૧ |
| ૧૬૨ | અક્ષય તૃતિયા | ૧૬૨ |
| ૧૬૩ | સંભવનાથ ચરિત્ર | ૧૬૩ |
| ૧૬૪ | નેમ-રાજુલ (૨) | ૧૬૪ |
| ૧૬૫ | આહ! કેવું ભાગ્ય જાગ્યું | ૧૬૫ |
| ૧૬૬ | બહુ આશ લઇને આજ | ૧૬૬ |
| ૧૬૭ | એક મરૂદેવીનો લાડકડો | ૧૬૭ |
| ૧૬૮ | પરમ પુનિત તવ ચરણ કમળમાં | ૧૬૮ |
| ૧૬૯ | ડૂબી જશે જો નાવડી મારી | ૧૬૯ |
| ૧૭૦ | વિષ ભરીને વિષધર સૂતો | ૧૭૦ |
| ૧૭૧ | ભલે કંઇ મુજને ના મળે | ૧૭૧ |
| ૧૭૨ | વીર જન્મ | ૧૭૨ |
| ૧૭૩ | મને વ્હાલું લાગે દાદા તારું નામ | ૧૭૩ |
| ૧૭૪ | પાંચ ગતિ (દુઃખડા નિવારો મારા) | ૧૭૪ |
| ૧૭૫ | ગરવા ગુણોનું ગુંજન (દેવાધિદેવ તણાં દિલ) | ૧૭૫ |
| ૧૭૬ | રાહબરનું ઋણ (બધી મિલકત તને ધરું તો પણ) | ૧૭૬ |
| ૧૭૭ | મારા વ્હાલા પ્રભુ કયારે મળશો | ૧૭૭ |
| ૧૭૮ | સાચો સંગમ પ્રભુ સાથે | ૧૭૮ |
| ૧૭૯ | એક જ અરમાન છે મને | ૧૭૯ |

| નંબર | ગીતો | પાના નં. |
|---|---|---|
| ૧૮૦ | ઓ શંખેશ્વરના પાર્શ્વપ્રભુ | ૧૮૦ |
| ૧૮૧ | અહો અહો પાસજી મુજ મળિયા | ૧૮૧ |
| ૧૮૨ | | ૧૮૭ |
| ૧૮૩ | | ૧૮૮ |
| ૧૮૪ | | ૧૮૯ |
| ૧૮૫ | | ૧૯૦ |
| | | |
| | **ચૈત્યવંદન** | |
| ૧ | કલ્પવૃક્ષની છાંયડી | ૧ |
| ૨ | જય ચિંતામણી પાર્શ્વનાથ | ૨ |
| ૩ | શાંતિ જિનેશ્વર સોળમા | ૩ |
| ૪ | સિદ્ધારથ સુત વંદિયે | ૪ |
| ૫ | શ્રી સીમંધર જગધણી | ૫ |
| ૬ | આજ દેવ અરિહંત નમુ | ૬ |
| | | |
| | | |
| | | |
| | **થોય** | |
| ૧ | પ્રહ ઉઠી વંદુ | ૧ |
| ૨ | શ્રી શત્રુંજય તીરથ સાર | ૨ |
| ૩ | પાર્શ્વ જિણંદા વામા નંદા | ૩ |
| ૪ | શંખેશ્વર પાસજી પૂજીએ | ૪ |
| ૫ | શાંતિ સુહંકર સાહિબો | ૫ |
| ૬ | શ્રી સીમંધર જિનવર | ૬ |
| ૭ | મહાવિદેહમાં ક્ષેત્રમાં | ૭ |
| ૮ | કલ્લાણકંદં | ૮ |
| ૯ | સંસારદાવાનલ દાહ નીરં | ૯ |
| | | |
| | | |
| | **વધાઇ** | |
| | | |
| | **આરતી** | |
| | | |
| | **મંગળદીવો** | |
| | | |
| | **છડી** | |

| <u>નંબર</u> | <u>ગીતો</u> | <u>પાના નં.</u> |
|---|---|---|
| | | |
| ૧ | માણિભદ્રવીરની આરતી | ૧૮૨ |
| ૨ | માણિભદ્રવીરની પ્રાર્થના | ૧૮૩ |
| ૩ | માણિભદ્રવીરનો છંદ | ૧૮૪ |
| ૪ | પદ્માવતીમાતાની આરતી | ૧૮૫ |
| ૫ | પદ્માવતીમાતાની પ્રાર્થના | ૧૮૬ |
| | | |
| | | |

# <u>મારી આંખોમાં પાર્શ્વપ્રભુ</u>

મારી આંખોમાં પાર્શ્વપ્રભુ આવજો રે, હું તો પાંપણના પુષ્પે વધાવું;

મારા હૈયાના હાર બની આવજો રે......૧૦

તમે વામાદેવીના જાયા, ત્રણ લોકમાં આપ છવાયા;

મારા મનના મંદિરમાં પધારજો રે......૨૦

ભવસાગર છે બહુ ભારી, ઝોલા ખાતી રે નાવડી મારી;

નૈયાના સુકાની બની આવજો રે......૩૦

મને મોહરાજાએ હરાવ્યો, મને મારગ તમારો ભુલાવ્યો;

જીવનના સારથી બની આવજો રે......૪૦

મારા દિલમાં રહ્યા છો આપ, મારા મનમાં ચાલે તારો જાપ ;

મારા મનના મયુર બની આવજો રે......૫૦

## સિદ્ધગિરિનો મહિમા

(રાગઃ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું......)

સિદ્ધગિરિનો પવિત્ર મહિમા, મુજ પાપોને દૂર કરે
અમી ભરેલી ને અલબેલી, મુર્તિ જોતાં ચિત્ત હરે
ત્રણ ભુવનમાં મહિમાવંતું, સિદ્ધક્ષેત્ર આ ધામ છે
મુનિ અનંતા મુકિત પામ્યા, મુકિતનું મુકામ છે...૧
પંચમ આરે દુષમ કાલે, શ્રધ્ધાનું આ સ્થાન છે
આત્મ કમલને વિમલ કરતું, વિમલાચલ એનું નામ છે...૨
શાશ્વતગિરિના ગુણલા ગાતા, હૈયે હર્ષ અમાપ છે
ભવોભવ તારી સેવા મળજો,
એજ હંસનો જાપ છે...૩

## ઝગમગતા તારલાનું દેરાસર

ઝગમગતા તારલાનું દેરાસર હોજો

એમાં મારા પ્રભુજીની પ્રતિમા હોજો ..... ઝગમગતા

અમે અમારા પ્રભુજીને ફુલોથી વધાવીશું,

ફુલો ના મળે તો અમે કળીઓથી સજાવીશું,

કળીઓથી સુંદર ડમરો હોજો ..... એમાં મારા .૧.

અમે અમારા પ્રભુજીને સોનાથી સજાવીશું,

સોનું ના મળે તો અમે રૂપાથી સજાવીશું,

રૂપાથી સુંદર હિરલા હોજો ..... એમાં મારા .૨.

અમે અમારા પ્રભુજીને મંદિરમાં પધરાવીશું,

મંદિરના મળે તો અમે હ્યદયમાં પધરાવીશું,

હ્યદય સિંહાસન પર બિરાજો ..... એમાં મારા .૩.

## તમે બોલો બોલોને પારસનાથ

તમે બોલો બોલોને પારસનાથ, બાળક તમને બોલાવે,
તમે આંખડી ખોલોને એકવાર , બાળક તમને બોલાવે ।।

મારા કરેલા કર્મો આજે રે નડયાં,
મારા અવળા તે લેખા કોણે રે લખ્યાં;
મારા પુર્વનાં પ્રગટયાં છે પાપ, બાળક તમને બોલાવે ।। તમે.....

કંઠ સુકાયો મુખેથી બોલાતું નથી,
શ્વાસ રૂંધાયો, આંખે દેખાતું નથી;
હું તો રડું છું હૈયા ભાર, બાળક તમને બોલાવે ।। તમે.....

મારી આશાનો દિપક બુઝાઇ ગયો,
ચારેકોર અંધકાર છવાઇ ગયો;
મારા જીવનમાં પડી છે હડતાલ, બાળક તમને બોલાવે ।। તમે.....

તમે શાંતિની ગોદમાં પોઢી ગયા,
તરછોડી જતાં ના આવી દયા;
હવે કયાં સુધી કરવો વિશ્રામ, બાળક તમને બોલાવે ।। તમે.....

તમારા વિના આસું કોણ લુછે,
મારી ભકિતના ભવોયે કોન પુછે;
વીરવીજય પ્રાણ આધાર, બાળક તમને બોલાવે ।। તમે.....

## મારા ઘટમાં બિરાજતાં

મારા ઘટમાં બિરાજતાં અરનાથજી, જિનવરજી,મહાવીર પ્રભુજી.....
તારા દર્શન કરીને થયું પાવન આ મન,
તારા મુખને જોઇને થયું જીવન ધન્ય...મારા પાર્શ્વ પ્રભુજી

હું તો વીર પ્રભુજીની ભકિત રે કરું, મારૂ જીવન પ્રભુ તારા ચરણે ધરું,
તારી મુર્તિ જોઇને દાદા કરું રે નમન, મારૂ મોહી લીધું મન...મારા પાર્શ્વ પ્રભુજી

હું તો નામ રટણ કરૂ ઘડી રે ઘડી, હવે સાંભળજો દાદા મારે ભીડ રે પડી,
તારી આંખ્યુંમાં જોઇ છે પ્રેમની ઝોળી, મારા તારણગારા...મારા પાર્શ્વ પ્રભુજી

મારો આતમ બન્યો છે આજ બડભાગી, મારી હૈયા મેલ્યા છે શણગારી,
તમે વ્હેલા પધારો મારા આંગણિયે, ભકતો કરે છે નમન...મારા પાર્શ્વ પ્રભુજી

## <u>પ્રભુ તારૂં મંદિર તો</u>

પ્રભુ તારૂં મંદિર તો આ જગનો સહારો છે,
સુખીયા કે દુઃખીયાનો પ્રભુ તું તો સહારો છે. .... પ્રભુ તારૂં

મોહ અને માયાનાં....વાદળ અહીં દેખાય છે,
તેમાં પ્રભુ પ્રતિમાજી, સૌને ધર્મ પમાડે છે..... પ્રભુ તારૂં

પ્રભુ મારા અને તારામાં.... એતો જીવન વિતાવે છે,
મારૂ કહે તે મારે , તારૂ કહે તે તારે..... પ્રભુ તારૂં

આ દોરંગી દુનિયા તો .... પ્રભુ જેમ તેમ બોલે છે,
પ્રભુ સાચો સહારો છે, જે અંતર ખોલે છે..... પ્રભુ તારૂં

## વઢીયાર દેશનો રાજીયો

વઢીયાર દેશનો રાજીયો ને વ્હાલા શંખેશ્વરા પાર્શ્વનાથ નામ,
કે હોવે હોવે ..... શંખેશ્વરા પાર્શ્વનાથ નામ,
કે હું તો તારા ચરણોની સેવા માંગુ આજ (૨)...

એકસોને આઠ પ્રભુ પાર્શ્વ તારા નામ છે,
વઢીયાર દેશમાં તું શંખેશ્વરા પાર્શ્વનાથ છે;
કેમ વીસારું તને વમાના નંદન, મારા હૈયામાં કરો તમે વાસ..... કે હોવે હોવે

વામાના નંદન તને કોટી કોટી વંદન
શીવપદ પામવાને કરું તારું પુજન,
ભકતોની વ્હારે તમે આવતાંને પ્રભુ, પુરજો સૌની આશ..... કે હોવે હોવે
શંખેશ્વરા પાર્શ્વનાથ નામ,
કે હું તો તારા ચરણોની સેવા માંગુ આજ (૨)...

## કર્મો કરેલાં

(રાગ: એ મેરી આંખો કે રંગીન સપને ......)

કર્મો કરેલાં મુજને નડે છે,
હૈયું હીબકા ભરીને રડે છે,
જીવવા ચહું તો જીવાતું નથી,
મરવા ચહું તો મરાતું નથી....કર્મો કરેલાં

કોઇ જન્મે કર્મ મેં હસીને કર્યાં,
આંસુંડા આજ મારા નયનમાં ભર્યા,
મેં પ્રયાસો કર્યા માણવા જીંદગી,
કર્મ મુજને સફળ ના થવા દે ફરી....કર્મો

જીંદગી ના મળે, મોત આવે અગર,
મોત પણ ના મળે કર્મ તુટયાં વગર,
જાણ ન્હોતી મને આ પરીણામની,
તો કરત નહિ હું સંગત બુરા કામની....કર્મો

## તારા વિના વીર મને

(રાગઃ તારા વિના શ્યામ મને ......)

તારા વિના વીર મને એકલડું લાગે, દરશન દેવાને વ્હેલાં આવજો;
તારા વિના પ્રભુ મને સુનુ સુનુ લાગે, દર્શન વ્હેલાં આપજો..... તારા વિના

રોજેરોજ યાદ આવે; પ્રભુ વિરહની વેદના સતાવે (૨)
આવું હું તારે દ્વાર, માંગું હું તારી પાસ,
દર્શન દેવાને વ્હેલાં આવો આવો આવો વીર ...૧

ભકિતનાં રંગે રંગાણી; પ્રભુ પ્રીત મારે મનડે બંધાણી(૨)
ભકિતથી મુકિત મળો, છુટકારો સૌથી મળો,
દર્શન દેવાને વ્હેલાં આવો આવો આવો વીર ...૨

## સુગંધી જળ છંટાવો

(રાગઃ બહારો ફુલ વરસાવો ......)

સુગંધી જલ છંટાવો, પ્રભુ પારસ પધારે છે (૨)
મોતીના ચોક પુરાવો, પ્રભુ પારસ પધારે છે (૨)
    કરૂણાસાગર પ્રભુ પ્યારા, જગતનાં દુઃખ ટાળે છે,
    આપી નવકારમંત્ર શ્રી સર્પને, એ દેવ બનાવે છે;
    પ્રભુને પ્રેમે વધાવો, પ્રભુ પારસ પધારે છે (૨)
બેસી સિંહાસને પ્રભુજી,, ઉપદેશ ટુંકો આપે છે,
કમઠની શઠતા ભુલીને, સમભાવ તે વરસાવે છે;
ભક્તિની ધુન લગાવો, પ્રભુ પારસ પધારે છે (૨)
    પાર્શ્વ શંખેશ્વરા પ્યારા, અમીઝરા નામ તારું છે,
    વિશ્વને વારવા કાજે, જે અમૃત વરસાવે છે;
    ખુશીના ગીત વગડાવો, પ્રભુ પારસ પધારે છે (૨)

## <u>તારા શરણે આવ્યો છું</u>

આવ્યો છું તારે દ્વારે, દર્શન દ્યો મુક્તિ દ્યો
આ સંસારે માયામાંથી, દર્શન દ્યો મુક્તિ દ્યો.

તારા શરણે આવ્યો છું સ્વીકારી લે, મને લઇ જા પ્રભુ તારા ધામમાં (૨)

તારા હું ગુણલા ગાવું, બીજું હું કાંઇ ન માંગુ,
તારા હું દર્શન પામું, બીજું હું કાંઇ ન માંગુ,
મારા ભવોભવનાં (૩) બંધન તું તોડી દે....હવે
તમે છો દીનદયાળુ, મહેર કરોને કૃપાળુ,
ભક્તોનું મનડું માંગુ, ભક્તિમાં મનડું મારૂ,
મારી નૈયાને (૩) તું પાર ઊતારી લે....હવે
તારા હું ગુણલા સમરૂ, બીજું હું કાંઇ ન જાણું,
નવકારનો જાપ કરૂ હું, બીજું હું કાંઇ ન જાણું,
મારા સારાયે (૩) નાતાને તોડી દે....હવે

## સોનામાં સુગંધ ભળે

એક ઘડી પ્રભુ ઉર એકાંતે, આવીને સ્નેહે મળે....

સોનામાં સુગંધ ભળે (૨)

ખોયું હોય જીવનમાં જે જે, પાછું આવી મળે,

જ્યાં જ્યાં હાર થઇ જીવનમાં, ત્યાં ત્યાં જીત મળે; સોનામાં સુગંધ ભળે (૨)

ના કાંઇ લેવું, ના કાંઇ દેવું, ચિન્તા એની ટળે,

ના હોય મૃત્યુ, ના હોય જીવન, ફેરા જગતનાં ટળે;સોનામાં સુગંધ ભળે(૨)

કર્મ કીધાં હોય જે જીવનમાં, સઘળાં સાથે બળે,

કરુણાસાગર વીર પ્રભુનો, સાચો સંબંધ મળે ; સોનામાં સુગંધ ભળે (૨)

## યહ હે પાવન ભૂમિ

યહ હે પાવન ભૂમિ, યહાં બાર બાર આના,
પ્રભુ વીર કે ચરણોમેં  આકર કે ઝુક જાના.....યહ હે..

તેરે મસ્તક મુગટ હે, તેરે કાનોમેં કુંડલ હે,
તું તો કરુણાસાગર હે, મુજ પર કરુણા કરનાં.....યહ હે..૧

તું જીવન સ્વામી હે, તું અંતર્યામી હે,
મેરી વિનંતી સુન લેના, ભવ પાર કરા દેના.....યહ હે..૨

તેરી સાંવલી સુરત હે, મેરે મનકો લુભાતી હે,
મેરે પ્યારે પ્યારે જિનરાજ, યુગ યુગમેં અમર રહેના.....યહ હે..૩

તેરા શાશન સુંદર હે, સભી જીવો કા તારક હે,
મેરી ડુબ રહી નૈયા, નૈયા પાર લગા દેના.....યહ હે..૪

## પભુની આંગી રૂડી

(રાગઃ કુમકુમનાં પગલાં પડયાં......)

પ્રભુની આંગી રૂડી, પ્રભુનાં રૂપ દીઠાં (૨)
જોવા લોકો ટોળે વળ્યા રે .....
પ્રભુ તારા દર્શનથી દુઃખડા ટળ્યાં.

પ્રભુ તું જો પધાર, મન મંદિર માંય,
થાશે હર્ષ અપાર, થાશે પાવન અવતાર (૩)
હે....જો દીપે દરબાર, લાવે ભકિત રસથાળ,
સૌ ભાવથી ગાવે આજ તારા ગુણગાન (૩)
દિવડીયા જ્યોત થકી, અજવાળા આજ થયાં
મનડાં ભારોભાર ભર્યાં રે .....પ્રભુ તારા દર્શનથી દુઃખડા ટળ્યાં.

પ્રભુ તેજનો અંબાર, પ્રભુ રૂપનો ભંડાર,
પ્રભુ દર્શન દેશે તો, થાશે આનંદ અપાર (૩)
હે....ભાવું ભાવનાનો સાર, તારે દાખવો દાતાર,
કૃપા કરજે અમ રંક ઉપર થોડી લગાર (૩)
દયા દાદાની થાયે, મંડળનો સાથ મળે,
ભવોભવનાં દુઃખ હરસે રે.....પ્રભુ તારા દર્શનથી દુઃખડા ટળ્યાં.

## પ્રભુ તેં મને જે આપ્યું છે

પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શે વાળુ,
બસ તારી ભકિત કરી કરીને મારા મનડાને વાળું.....પ્રભુ તેં મને જે

પ્રભુ નરક નીગોદથી તેં તાર્યો, મને અનંતા દુઃખોથી ઉગાર્યો,
તારા ઉપકારો અનંતા છે, એનો બદલો હું શે વાળુ ..... બસ તારી

અહીં લગી પહોંચ્યો પ્રભુ તારી કૃપા, તુજ શાશન પામ્યો તારી કૃપા,
જૈમ ધર્મ તણી બલિહારી છે, એનો બદલો હું શે વાળ, ..... બસ તારી

પ્રભુ મોક્ષ નગરનો  સથવારો, હું મોહનગરમાં વસનારો,
તું ભવોભવનો ઉપકારી છે, એનો બદલો હું શે વાળુ ..... બસ તારી

તું તો બન્યો પ્રભુજી વિતરાગી, હું રમતો બનીને રંગરાગી,
તારું શરણું હું પામ્યો છું, એનો બદલો હું શે વાળું ..... બસ તારી

આવ્યા ભવના મુસાફર અનુરાગી, તુજ દર્શનના છે અભિલાષી,
ભવોભવની અટવી જાય ભાગી, એનો બદલો હું શે વાળું ..... બસ તારી

# <u>પાપીને તું પ્યાર કરી લે</u>

(રાગઃ કાચ કી દિવાર ન તોડી......)

પાપીને તું પ્યાર કરી લે, પાપીનો ઉધ્ધાર થશે,
તારા નામે ધર્મ તણો દુનિયામાં જયજયકાર થશે....પાપીને તું

ધર્મ કહે છે આ દુનિયામાં, જીવ બધાનો સરખો છે,
ઉંચાનીચા કર્મ ભલે હો, આત્મા સૌનો સરખો છે;
મુકિતનો અધિકાર જગતમાં સૌ જીવો નો સરખો છે,
સરખા સૌને તું સમજી લે, સૌની ઉપર પ્યાર થશે.....તારા નામે

પત્થરને પણ ઘાટ ઘડી તું, દેવ તણો આકાર ધરે,
પાવન એનું રૂપ ખીલવવા, મંત્રોનો ઉચ્ચાર કરે;
પત્થરથી શું માનવ ભૂંડો, એને કાં ધિક્કાર કરે,
ઝેર જશે જો આંખોમાંથી, અમૃતનો સંચાર થશે.....તારા નામે

હેત ભર્યા જે તુજ હૈયામાં, એના ઉપર ઢોળી દે,
કરૂણાની પાવન ધારામાં, એના પાપ ઝબોળી દે;
બંધ થયા છે ચક્ષુ એનાં, હળવે રહીને ખોલી દે,
એનો પણ ઉદ્ધાર થશે ને, તારો પણ ઉધ્ધાર થશે.....તારા નામે

## આશ ભરીને

આશ ભરીને આવ્યો સ્વામી, ભકિતમાં નહિ રાખુ ખામી,
પુરજો મારી આશ, ઓ શંખેશ્વરા
રાખજો મારી લાજ, ઓ શંખેશ્વરા....

તાર હો તાર ઓ પ્રભુજી, હું તો જેવો છું તેવો તમારો,
કોઇ નથી અહીં માહરું, પ્રભુ આપી દે મુજને સહારો,
પાર કરો, ઉદ્ધાર કરો, મુજ જીવન નૈયા, ઓ શંખેશ્વરા....૧

શંખેશ્વરા હો પરમેશ્વરા.... પરમેશ્વરા હો શંખેશ્વરા
પુરજો મારી આશ....

ભાન ભુલી ગયો છું, સન્મતિ તું મુજને દેજે,
રાહ ભુલી ગયો છું, મને રાહ બતાવી તું દેજે,
માયા કરી આ દુનિયામાં, રઝળી પડયો છું આજ, ઓ શંખેશ્વરા....૨

શંખેશ્વરા હો પરમેશ્વરા.... પરમેશ્વરા હો શંખેશ્વરા
પુરજો મારી આશ, ઓ શંખેશ્વરા.

## ઈતની શકિત હમેં

ઈતની શકિત હમેં દેન દાતા, મનકા વિશ્વાસ કમજોર હો ના,
હમ ચલે નેક રસ્તે પે હમસે, ભુલ કરભી કોઇ ભુલ હો ના...ઈતની

દુર અજ્ઞાન કે હો અંધેરે, તુ હમે જ્ઞાન કી રોશની દે,
હર બુરાઈસે બચકર રહે હમ, જીતની ભી દે ભલી જીંદગી દે,
બૈર હો ના કીસીકા કીસી સે, ભાવના મનમેં બદલે કી હો ના....હમ

હમ ન સોચે હમેં કયા મિલા હે, હમ યે સોચે કિયા કયા હે અર્પણ,
ફુલ ખુશીયોં કે બાંટે સદા હમ, સબકા જીવન બન જાયે મધુવન,
અપની કરૂણાકા જલ તુ બહાકે, કર દે પાવન હર એક મન કા કોના....હમ

## <u>તમે મન મુકીને વરસ્યા</u>

તમે મન મુકીને વરસ્યા, અમે જનમોજનમનાં તરસ્યાં,
તમે મુશળધાએ વરસ્યા, અમે જનમોજનમનાં તરસ્યાં.

હજાર હાથે તમે દીધું પણ, ઝોળી અમારી ખાલી,
જ્ઞાન ખજાનો તમે લુંટાવ્યો, તો યે અમે અજ્ઞાની;
તમે અમૃતરૂપે વરસ્યા, અમે જનમોજનમનાં તરસ્યાં....તમે

સ્નેહની ગંગા તમે વહાવી, જીવન નિર્મળ કરવા,
પ્રેમની જયોતી તમે જલાવી, આતમ ઉજજવળ કરવા;
તમે સુરજ થઈને ચમકયા, અમે અંધારામાં ભટકયાં....તમે

શબ્દે શબ્દે શાતા આપે, એવી તમારી વાણી,
એ વાણીની પાવનતાને અમે કદી ના પીછાણી;
તમે મહેરામણ થઈ ઉમટયા, અમે કાંઠે આવી તરસ્યા....તમે

# <u>જય ગિરનાર, જય આબુજી</u>

જય ગિરનાર, જય આબુજી, જય બોલો તળાજા તીર્થની (૨),
જૈનો માટે લખશે મુનિઓ, વિધવિધ ગાથા જ્ઞાનની, જય જય ગરવી ગિરનારની..

મહાવીર ગૌતમ નેમનાથના, ત્યાગી ભાવ ભુલાય નહીં,
જૈન બંધુ તો તેને રે કહીએ, નવકારમંત્ર ભુલાય નહીં, (૨)
જય સેરિસા, જય ભોંયણીજી, જય બોલો પાનસર તીર્થની.... જૈનો માટે

ગિરનારની પહેલી ટુંકે, બાવીસમાં પ્રભુ નેમનાથ,
સિદ્ધાચલની નવમી ટુંકે, ભેટયા દાદા આદીનાથ, (૨)
જય રાણકપુરી, જય પાવાપુરી, જય બોલો સમેતશિખર તીર્થની.... જૈનો માટે

વસે તારંગા નાથ અજીત ને, પાટણ ગામે પંચાસરા,
ઝગડીયામાં આદીનાથ ને, પાર્શ્વ પધાર્યા શંખેશ્વરા, (૨)
જય કેસરીયાજી, જય ઉપરીયાળા, જય બોલો ભદ્રેશ્વરતી ર્થની.... જૈનો માટે

વસ્તુપાલને તેજપાલનાં, ભવ્ય જીનાલય દેલવાડા,
જોતા થાકે આખુ વિશ્વ ને, યાદ એની ભુલાય નહી, (૨)
જય ત્રિશલા દેવી, જય વામાદેવી, જય બોલો મરૂદેવા માતની.... જૈનો માટે

## એક જનમ્યો રાજદુલારો

એક જનમ્યો રાજદુલારો, દુનિયાનો તારણહારો,
વર્ધમાનનું નામ ધરીને, પ્રગટયો તેજ સિતારો .....એક જનમ્યો

પૃથ્વી પરથી અંધકારનાં, વાદળ જાણે વિખરાયા,
ગાયે ઉમંગે ગીત અપ્સરા, દેવોનાં મન હરખાયા,
નારકીનાં જીવોએ નીરખ્યો, તેજ તણો ઝબકારો રે.....એક જનમ્યો

ધાન વધ્યાં ધરતીના પેટે, નીર વધ્યાં સરવરીયાનાં,
ચંદ્ર સુરજનાં તેજ વધ્યાં ને, સંપ વધ્યાં સૌ માનવનાં,
દુઃખના દિવસો દુર ગયાં ને, આવ્યો સુખનો વારો રે.....એક જનમ્યો

રંક જનોના દિલમાં પ્રસર્યુ, આશભરેલું અજવાળું,
બેલી આવ્યો દીનદુઃખીયાનો, રહેશે ના કોઇ નોંધારૂ,
ભીડ જગતની ભાંગે એવો, સૌનો પાલનહારો રે.....એક જનમ્યો

વાગે છે શરણાઇ ખુશીની, સિદ્ધારથનાં આંગણીયા,
હેતે હિંચોળે ત્રિશલા રાણી, બાલકુંવરને પારણીયે,
પ્રજા બની આનંદે ઘેલી, ઘરઘર ઉત્સવ પ્યારો રે.....એક જનમ્યો

## જપી લે, જપી લે

જપી લે, જપી લે, જપી લે પારસનાથ,
ઓ માયાનાં જીવડાં જપી લે પારસનાથ.

ઉંચી ઉંચી વાદળીયો આકાશે ઝોલા ખાય, (૨)
કોણ જાણે, કયારે વરસે, એ તો ના કહેવાય....ઓ માયાનાં

મંદીરમાં પુજારી આવે, પુજા કરી જાય, (૨)
કોણ જાણે, કયારે આવે, એ તો ના કહેવાય....ઓ માયાનાં

મંદીરમાં તો માળી આવે, ફુલ ચઢાવી જાય, (૨)
કોણ જાણે, કયારે આવે, એ તો ના કહેવાય....ઓ માયાનાં

દેવલોકમાંથી દેવો આવે, ભાવના ભાવી જાય, (૨)
દેવલોકમાંથી દેવો આવે, નૃત્ય કરી જાય, (૨)
કોણ જાણે, કયારે આવે, એ તો ના કહેવાય....ઓ માયાનાં

# <u>નામ હે તેરા તારણહારા</u>

નામ હે તેરા તારણહારા, કબ તેરા દર્શન હોગા,
જિન કી પ્રતિમા ઇતની સુંદર, વો કિતના સુંદર હોગા.

સુનીવર મુનીવર જીનકે આગે, નિશદિન શીશ ઝુકાતે હે,
જો ગાતે હે પ્રભુ કી મહિમા, વો સબ કુછ પા જાતે હૈ; (૨)
અપને કષ્ટ મિટાને કો, (૨) તેરે ચરણોમેં વંદન હોગા....જિનકી

તુમને તારે લાખો પ્રાણી, યે સંતો કી વાની હૈ,
તેરી છબી પર મેરે ભગવન, યે દુનિયા દિવાની હૈ; (૨)
ઝુમઝુમ તેરે ગીત સુનાઉ, (૨) મંદિરમેં મંગલ હોગા....જિનકી

મનકી મુરાદે લેકર સ્વામી, તેરે ચરણોમેં આયે હૈ,
ચરણોમેં તેરે શીશ ઝુકાકર, તેરે હી ગુણ ગાતે હૈ; (૨)
જગ સે પાર ઉતરને કો, (૨) તેરે ગીતોકા સરગમ હોગા....જિનકી

## સમતાથી દર્દ સહું

(રાગઃ હોઠો સે છુલો તુમ......)

સમતાથી દર્દ સહુ, પ્રભુ એવું બળ દેજો,
મારી વિનંતી માનીને, મને એટલું ફળ દેજો..

કોઇ ભવમાં બાંધેલા, મારા કર્મો જાગ્યા છે,
કાયાનાં દર્દ રૂપે, મને પીડવા લાગ્યા છે;
આ જ્ઞાન રહે તાજું, એવું સીંચન જળ દેજો..... મારી વિનંતી

દર્દોની આ પીડા, સહેવાથી મટશે નહીં,
કલ્પાંત કરૂ તો પણ, આ દુઃખ તો ઘટશે નહીં;
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચય બળ દેજો..... મારી વિનંતી

આ કાયા અટકી છે, નથી થાતી ધર્મક્રિયા,
ના જઇ શકું સુણવાને, ગુરૂની વાણી પાવન;
જિન મંદિર જોવાનું, ફરીને અંજળ દેજો..... મારી વિનંતી

નથી થાતી ધર્મક્રિયા, એનો રંજ ઘણો મનમાં,
દીલડું તો દોડે છે, પણ શકિત નથી તનમાં;
મારી હોંશ પુરી થાયે, એવા શુભ અવસર દેજો..... મારી વિનંતી

છોને આ દર્દ વધે, હું મોત નહીં માંગુ,
વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહીં ત્યાગુ;
રહે ભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજો..... મારી વિનંતી

## મેરા જીવન તેરે હવાલે

મેરા જીવન તેરે હવાલે, પ્રભુ ઈસે પલપલ તું હી સંભાલે (૨)

ભવસાગરમાં જીવનનૈયા, ડોલ રહી હૈ ઓ રખવૈયા, (૨)
અબ આ કે તું હી બચાલે ..... પ્રભુ ઈસે

યે જીવનધન તુમસે પાયા, સબ કુછ તેરા ના હી પરાયા, (૨)
ઈસે સ્વીકારો રખવાલે..... પ્રભુ ઈસે

મોહ માયા કે બંધન તોડો, હે પ્રભુ અપની શરણમે લે લો, (૨)
ઈસ પાપી કો અપનાલે ..... પ્રભુ ઈસે

## આંખડી મારી પ્રભુ

(રાગઃ દિલ કે અરમા આંસુઓ સે......)

જ્યાં તમારા મુખનાં દર્શન થાય છે, (૨)
આંખડી મારી પ્રભુ હરખાય છે.

પગ અધીરા દોડતાં દહેરાસરે, (૨)
દ્વારે પહોંચુ ત્યાં અજંપો થાય છે..... જ્યાં તમારા

દેવનું વિમાન જાણે ઉતર્યું, (૨)
એવું મંદિર આપનું સોહાય છે..... જ્યાં તમારા

ચાંદની જેવી પ્રતિમા આપની, (૨)
દિલમાં ઠંડક અનેરી થાય છે..... જ્યાં તમારા

બસ! તમારા રૂપને નીરખ્યા કરું, (૨)
લાગણી એવી ત્યદયમાં થાય છે..... જ્યાં તમારા

# હે ત્રિશલાના જાયા

હે ત્રિશલાના જાયા, માંગુ તારી માયા,
ઘેરી વળ્યા છે મુજને મારા પાપોના પડછાયા....

બાકુળાનાં ભોજન લઈને, ચંદનબાળા તારી(૨),
ચંડકૌશીનાં ઝેર ઉતારી, એને લીધો ઉગારી(૨),
રોહીણી જેવા પંથ લુંટારા, તુજ પંથે પલટાયા..... હે ત્રિશલાના જાયા

જુદા થઈને પુત્ર જમાઇ, કેવો વિરોધ કરતાં(૨),
ગાળો દે ગોશાળો તોયે, દિલમાં સમતા ધરતાં(૨),
ઝેરનાં ઘુંટડા ગળી જઈને, પ્રેમનાં અમૃત પાયા..... હે ત્રિશલાના જાયા

સુલસા જેવી શ્રાવિકાને, કરૂણા આણી સંભારી(૨),
વિનવું છું હે મહાવીર સ્વામી લેશો નહિ વીસારી(૨),
સળગંતા સંસારે દેજો, સુખની શીતળ છાયા..... હે ત્રિશલાના જાયા

## અમી ભરેલી નજરું રાખો

અમી ભરેલી નજરું રાખો, મહાવીર શ્રી ભગવાન રે,
દર્શન આપો, દુઃખડા કાપો, મહાવીર શ્રી ભગવાન રે.

ચરણ કમલમાં શીશ નમાવું, વંદન કરું મહાવીર રે,
દયા કરીને ભકિત દેજો(૨), મહાવીર શ્રી ભગવાન રે.... અમી ભરેલી

હું દુઃખીયારો તારે દ્વારે, આવી ઉભો મહાવીર રે,
આશીષ દેજો, ઉરમાં લેજો(૨), મહાવીર શ્રી ભગવાન રે.... અમી ભરેલી

તારા ભરોસે જીવન નૈયા, હાંકી રહ્યો મહાવીર રે,
બની સુકાની પાર ઉતારો(૨), મહાવીર શ્રી ભગવાન રે.... અમી ભરેલી

ભકતો તમારા કરે વિનંતી, સાંભળજો મહાવીર રે,
મુજ આંગણમાં વાસ તમારો;
મુજ આંગણમાં વાસ કરોને; મહાવીર શ્રી ભગવાન રે.... અમી ભરેલી

## હેલો મારો સાંભળો

શત્રુંજય સમરું સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર.

હેલો મારો સાંભળોને શત્રુંજાના રાજા,
નાભીરાજાના બેટા, માતા મરૂદેવીના નંદ
મારો હેલો સાંભળો હો ..... જી

હુકમ કરો તો દાદા તારી જાત્રાએ આવું,
ભવોભવનાં કર્મ ખપાવી મોક્ષપુરીમાં જાવું.... મારો હેલો

ઉંચા ઉંચા ડુંગરાને વસમી છે વાટ,
હું કેમ કરીને આવું દાદા પકડો મારો હાથ.... મારો હેલો

નર અને નારી તારી જાત્રાએ આવે,
ચરણ કમળ તારા સેવીને ભવસાગર તરી જાય .... મારો હેલો

આદેશ્વર દાદાની અદ્ભુત લીલા ન્યારી,
આ સેવકનો હાથ પકડી લઈ લ્યોને ઉગારી.... મારો હેલો

## મારું આયખું ખુટે જે ઘડીએ

(રાગઃ જરા સામને તો આઓ છલીએ......)

મારું આયખું ખુટે જે ઘડીએ, ત્યારે મારા હ્યદયમાં પધારજો,
છે અરજી તમોને બસ એટલી, મારા મૃત્યુને સ્વામી સુધારજો...

જીવનનો ના કોઈ ભરોસો, દોડાદોડીના આ યુગમાં,
અંતરીયાળે જઈને પડું જો, ઓચિંતા મૃત્યુના મુખમાં;
ત્યારે મારા સ્વજન બની આવજો, થોડા શબ્દો ધરમનાં સુણાવજો....છે અરજી

દર્દો વધ્યાં છે આ દુનિયામાં, મારે રીબાવી રીબાવીને,
એવી બીમારી જો મુજને સતાવે, છેલ્લી પળોમાં રડાવીને;
ત્યારે મારી મદદમાં પધારજો, પીડા સહેવાની શકિત વધારજો....છે અરજી

જીવવું થોડું ને જંજાળ ઝાઝી, એવી સ્થિતિ આ સંસારની,
છુટવા દે ના મરતી વેળાએ, ચિંતા મને જો પરીવારની,
ત્યારે દિપક તમે પ્રગટાવજો, મારા મોહ, તિમિરને હટાવજો....છે અરજી

## રંગાઇ જાને રંગમાં

રંગાઇ જાને રંગમાં, તું રંગાઇ જાને રંગમા,
મહાવીર તણા સત્સંગમાં, આદીનાથ તણા તું રંગમાં.... રંગાઇ જાને

આજે ભજશું, કાલે ભજશું, ભજશું આદીનાથ,
કયારે ભજશું પારસનાથ,
શ્વાસ ખુટશે, નાડી તુટશે, (૨) પ્રાણ નહી રે તારા અંગમાં.... રંગાઇ જાને

સૌ જીવ કહેતા પછી જપીશું, પહેલાં મેળવી લ્યો દામ,
રહેવાના કરીલો કામ,
પ્રભુ પડયો છે કયાં રસ્તામાં, (૨) સૌ જન કહેતા સંગમાં.... રંગાઇ જાને

ઘડપણ આવશે ત્યારે ભજીશું, પહેલાં ઘરના કામ તમામ,
પછી ફરીશું તીરથધામ,
આતમ એક દી ઉડી જાશે, (૨) તારી કાયા રહેશે પલંગમાં.... રંગાઇ જાને

## <u>ઓ કરુણાના કરનારા</u>

ઓ કરુણાના કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી,
મારા સંકટનાં હરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.

મેં પાપ કર્યા છે એવા, હું ભુલ્યો તારી સેવા, (૨)
મારી ભુલોના ભુલનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

હું અંતરમાં થઇ રાજી, ખેલ્યો છું અવળી બાજી, (૨)
અવળી સવળી કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

હે પરમકૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા, (૨)
વિષને અમૃત કરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

ભલે છોરું કછોરું થાયે, તું માવતર કહેવાયે, (૨)
મીઠી છાયાના દેનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

મને જડતો નથી કિનારો, મારો કયાંથી આવે આરો, (૨)
મોક્ષ મારગનાં દેનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

છે ભકતનું જીવન ઉદાસી, તારે શરણે લે વીતરાગી, (૨)
ભકતોના દિલ હરનારા, તારી કરુણાનો કોઇ પાર નથી.... ઓ કરુણાના કરનારા

# <u>એક પંખી આવીને ઉડી ગયું</u>

એક પંખી આવીને ઉડી ગયું, એક વાત સરસ સમજાવી ગયું,
એક પંખી આવીને ઉડી ગયું.....

આ દુનિયા એક પંખીનો મેળો, કાયમ કયાં ટકવાનો છે,
ખાલી હાથે આવ્યા એવા, ખાલી હાથે જવાનું છે,
જેને તે તારું માન્યું તે તો, અહીંનું સૌ અહીં રહી ગયું .... એક પંખી આવીને

જીવનપ્રભાતે જન્મ થયો ને, સાંજ પડે ઉડી જાતું,
સગા, સંબંધી, માયા, મુડી, સૌ મુકી અલગ થાતું,
એકલવાયું આતમ પંખી, સાથે કઈ ના લઇ ગયું .... એક પંખી આવીને

પાંખોવાળા પંખી ઉંચે, ઉડી ગયા આકાશે,
ભાન ભુલી ભટકે ભવરણમાં, માયા મૃગજળના આશે,
જગતની આંખો જોતી રહી ને, પાંખ વિના એ ઉડી ગયું .... એક પંખી આવીને

ઝરમા કુળની લક્ષ્મી ગાંઠે, સત્કર્મોનો સથવારો,
ભવસાગર તરવાને માટે, અન્ય નથી કોઇ આરો,
જતાં જતાં એ પંખી જીવનનો, સાચો મર્મ સમજાવી ગયું .... એક પંખી આવીને

## તું તારે કે ના તારે

તું તારે કે ના તારે, તારો સાથ ના છોડું,
જે જોડયા તુજને હાથ, બીજે કયાંય ના જોડું. તું તારે કે ના તારે

ચમત્કાર દેખાડી કોઇ મુજને ભરમાવે, વિચારોની ક્રાંતિ ફેલાવી કોઇ બહેલાવે,
અનાથ સમજીને લાલચમાં કોઇ લપડાવે, એ માયાવી મૃગજળ પાછળ નાથ ના દોડું
...જે જોડયા તુજને હાથ

ભલેનેદિવસો આવે ભુખ્યા તરસ્યા રહેવાનાં,સમુલા ઉપસર્ગોને એકી સાથેસહેવાના,
કદાચ જગનાં લોકો મુરખ મુજને કહેવાના, પણ સમજીને લીધો તે સંગાથ ના છોડું,
...જે જોડયા તુજને હાથ

ભરોસો છે કે મારો બેડો પાર થઇ જાશે, મને તુ વહેલો મોડો સામે પાર લઇ જાશે,
તમા ઝંઝાવાતો ઠંડા થઇને રહી જાશે, જે મુકયો છે તારામાં તે વિશ્વાસ ના તોડું,
...જે જોડયા તુજને હાથ

## સમરો મંત્ર ભલો નવકાર

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પુરવનો સાર,
એના મહિમાનો નહી પાર, એનો અર્થ અનંત અપાર.

સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિવસ અને રાત,
જીવતાં સમરો, મરતાં સમરો, સમરો સૌ સંગાથ..... સમરો મંત્ર

જોગી સમરે, ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે, દાનવ સમરે, સમરે સૌ નિઃશંક..... સમરો મંત્ર

અડસઠ અક્ષર એનાં જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અડસિદ્ધિ દાતા..... સમરો મંત્ર

નવપદ એનાં નવવિધિ આપે, ભવોભવનાં દુઃખ કાપે,
વીર વચનથી હ્યદયે સ્થાપે, પરમાતમ પદ આપે..... સમરો મંત્ર

## <u>તારે દ્વારે આવીને કોઇ</u>

તારે દ્વારે આવીને કોઇ, (૨)
ખાલી હાથે જાય ના, કરુણાનિધાન કરુણાનિધાન.

આ દુનિયામાં કોઇ નથી રે, તુજ સરીખો દાતાર,
અપરંપાર દયા છે તારી, તારા હાથ હજાર,
તારી જયોતિ પામીને કોઇ (૨), અંધારે અટવાય ના.... કરુણાનિધાન

શરણે આવેલાનો સાચો, તું છે રક્ષણહાર,
ડગમગતી જીવનનૈયાનો, તું છે તારણહાર,
તારા પંથે જનારો કદિયે, ભવરણમાં ભટકાય ના.... કરુણાનિધાન

ખુટે નહિ કદાપિ એવો, તારો પ્રેમ ખજાનો,
મુકિતનો મારગ બતલાવે, એવો પંથ મજાનો,
તારે શરણે જે કોઇ આવે, રંક પછી રહી જાય ના.... કરુણાનિધાન

## મારી આ જીવનનૈયા

(રાગઃ રમૈયા વતા વૈયા......)

મારી આ જીવનનૈયા, (૨)
જો જે ના ડુબે નૈયા, (૨)

નાવ ઝોલે ચડી, ઉંચે આંધી ચડી, મારે જાવું છે દુર, કાંઇ સુઝે નહીં,
નથી જડતી કડી, રાત કાળી નડી, ઘનઘોર ઘટા જાણે છાઇ રહી,
દશા છે આવી મારી, મને તું લે ઉગારી, જો જે ના ડુબે નૈયા, (૨) .... મારી આ

મેઘ ભીષણ ગરજે, વીજ કડકડ બોલે, મને એકે કિનારો ના જોવા મળે,
જાણે પાણી તળે, સામું કોઇ ના મળે, તને યાદ કરું છું હું પળે પળે,
સાગર છે બહુ તોફાની, પ્રભુ તું છે સુકાની, જો જે ના ડુબે નૈયા, (૨) .... મારી આ

ચંદ્ર વાદળ દેખાય, તારલીયા ના દેખાય, રાત અંધારી કેમે કરી ના સહેવાય,
નાવ મારી અથડાય, મોજા સાથે પછડાય, નાવ તુટી અંદરમાં પાણી ભરાય,
નૈયા જો ડુબે મારી, જાશે લાજ પ્રભુ તારી, જો જે ના ડુબે નૈયા, (૨) .... મારી આ

## <u>મુકિત મળે કે ના મળે</u>

મુકિત મળે કે ના મળે, મારે ભકિત તમારી કરવી છે,
મેવા મળે કે ના મળે, મારે સેવા તમારી કરવી છે.

મારો કંઠ ન હોય મધુરો ભલે, મારો સુર બેસુરો હોય ભલે,
શબ્દો (૨) મળે કે ના મળે, મારે કવિતા તમારી કરવી છે..... મુકિત મળે

હું પંથ તમારો છોડું નહીં, ને દુર દુર કયાંયે દોડું નહીં,
પુન્ય (૨) મળે કે ના મળે, મારે પુજા તમારી કરવી છે..... મુકિત મળે

આવે જીવનમાં તડકાને છાયા, સુખ કે દુઃખના પડે પડછાયા,
કાયા (૨) રહે કે ના રહે, મારે માયા તમારી કરવી છે..... મુકિત મળે

## <u>નેમ - રાજુલ</u>

મુશ્કીલ સંયમ નેમ તમારો ભવ તરવા લીયે,
પ્રીત તમારી નવનવ ભવની, રાજુલ કે લીયે.

તોરણ આવ્યા નેમ પ્રભુજી, બજે શહેનાઇ શોરો કરતી,
પશુપંખીની રો રો કરતી, નેમજી દિલમાં ધરતાં અરજી,
ઘનઘોર ઘટા છાઇ ત્યાં, રાજુલ કે લીયે, પ્રીત તમારી .....

નેમજી કહે છે હું ના પરણું, છોડું આ સંસારનું તરણું,
સંયમ સાથે હું તો પરણું, મીઠુ લાગે એક એ ઝરણું,
સહસાવનમાં સંયમ લઉ હું, ભવ તરવા લીયે, પ્રીત તમારી .....

સાજન રોવે મા'જન રોવે, ધ્રુસકે ધ્રુસકે રાજુલ રોવે,
હરણા રોવે, ઝરણા રોવે, આકાશે પણ તારા રોવે,
વીનવે સૌ કોઇ રડતી આંખે, રાજુલ કે લીયે, પ્રીત તમારી .....

નેમજી કહે છે આપણ બંને, સંયમ લઇ જગમાં વીચરીયે,
જૈમ ધર્મનો ઝંડો લઇને, ગઢ ગિરનારે મુકિત વરીયે,
ચાલો રાજુલ મારી સાથે, સંયમ કે લીયે, પ્રીત તમારી .....

સંયમ લઇને સુખીયા થાવે, ભવોદધી તારણહાર કહાવે,
મુકિતપુરીનાં રાહ બતાવે, ભવી જીવને ભવપાર તરાવે,
__________ મંડળ ગાવે, ભવ તરવા લીયે, , પ્રીત તમારી .....

## પૂજો પૂજો પારસનાથ અલબેલા

પૂજો પૂજો પારસનાથ અલબેલા,
ઘણી ખમ્મા પારસનાથ અલબેલા,
રીઝો રીઝો પારસનાથ અલબેલા,
અલબેલા રે......હો

તું તો શંખેશ્વરનો વાસી(૩),પારસનાથ અલબેલા.
પૂજો પૂજો પારસનાથ અલબેલા.

તું તો વઢીયાર દેશનો વાસી(૩),પારસનાથ અલબેલા.
પૂજો પૂજો પારસનાથ અલબેલા.

તેં તો બળતો નાગ ઉગાર્યો(૩),પારસનાથ અલબેલા.
પૂજો પૂજો પારસનાથ અલબેલા.

તારે નાકે આવ્યા'તા પાણી(૩),પારસનાથ અલબેલા.
પૂજો પૂજો પારસનાથ અલબેલા.

તને મળ્યા ધરણેન્દ્ર મેઘમાળી(૩),પારસનાથ અલબેલા.
પૂજો પૂજો પારસનાથ અલબેલા.

## <u>પ્રભુ તારું ગીત</u>

પ્રભુ તારું ગીત મારે ગાવું છે,
પ્રેમનું અમૃત પાવું છે.... પ્રભુ તારું ગીત

થાય જીવનમાં તડકાને છાંયા, માંગું હું તારી એક જ માયા,
ભક્તિનાં રસમાં ન્હાવું છે.... પ્રભુ તારું ગીત

ભવસાગરમાં નાવ ઝુકાવી, ત્યાં તો અચાનક આંધી ચડી આવી,
સામે કિનારે મારે જાવું છે.... પ્રભુ તારું ગીત

તું વીતરાગી, હું અનુરાગી, તારા જીવનની રટ મને લાગી,
પ્રભુ તારા જેવું મારે થાવું છે.... પ્રભુ તારું ગીત

## નૈયા ઝુકાવી મેં તો

નૈયા ઝુકાવી મેં તો જો જે ડુબી જાય ના,
ઝાંખો ઝાંખો દીવો મારો જો જે તે બુઝાય ના.

સ્વારથનું સંગીત ચારેકોર બાજે,
કોઇ નથી કોઇનું આ દુનિયામાં આજે;
તનનો તંબુરો જો જે બેસુરો થાય ના..... ઝાંખો ઝાંખો દીવો

પાપ અને પુણ્યનાં ભેદ રે ભુલાતાં,
રાગ ને દ્વેષ આજે ઘટ ઘટ ઘુંટાતા;
જો જે આ જીવતરમાં ઝેર પ્રસરાય ના..... ઝાંખો ઝાંખો દીવો

શ્રદ્ધાના દીવડાને જલતો તું રાખજે,
નિશદીન સ્નેહ કેરું તેલ એમાં પુરજે;
મનનાં મંદિરિયે જો જે અંધારુ થાય ના..... ઝાંખો ઝાંખો દીવો

## મહાવીર સ્વામી મારા

(રાગઃ આવો આવો દેવ મારા......)

મહાવીર સ્વામી મારા મુજને જાવું પેલે પાર, મુજને મારગડો દેખાડ,
આડા કંટક કાંકરાને કેમ કરીને જવાય, મુજને મારગડો દેખાડ.

ભવસાગરમાં ભમતાં ભમતાં હજુ ના આવ્યો પાર,
રાગ દ્વેષનાં અનેક બંધન, (૨) છુટે ના ભગવાન..... મુજને

નાવડી મારી મધદરીયે છે, બેઠી ઝોલા ખાય,
સુકાની થઈને મહાવીર આવોને, (૨) અમને ઉતારો ભવપાર..... મુજને

નાવડી મારી ડુબી રહી છે, સહાય કરો ભગવાન,
આઠ કર્મોનો ક્ષય કરીને, (૨) આવું તમારી પાસ..... મુજને

## ફુલ નહીં તો પાંખડી

ફુલ નહીં તો પાંખડી પ્રભુ, તારા ચરણે ધરવી,
જનમો જનમની, તન મન ધનની, મોહવાસના હરવી.

તારી દયાથી મળ્યું છે મુજને, એ છે સઘળું તાહરું,
સ્વાર્થ અને અભિમાનથી હું, કરતો માહરું માહરું;
આ જગની સૌ માયા મમતા, (૨) તારા ચરણે ધરવી ..... જનમો જનમની

નરકની ગોદનાં મહાદુઃખોથી, તેં પ્રભુ અમેન તાર્યા,
હર ક્ષણ પળે તો પ્રભુ, અમે ભલે ને વિસાર્યા,
ગુણ અનંતા છે પ્રભુ તાહરા, (૨) તારી યાચના કરવી ..... જનમો જનમની

આ સંસારી સુખ મેળવવા, પાપનું પાણી વલોવ્યું,
સ્વામી તારી ભકિત જેવું, સુખ કયાંયે ના જોયું,
ભકિત હ્યદયે કરું સમર્પણ, (૨) તારે કરુણા કરવી ..... જનમો જનમની

## પ્રેમ ભરેલું હૈયું લઈને

(રાગઃ કાચ કી દીવાર ન તોડી......)

પ્રેમ ભરેલું હૈયું લઈને, તારે દ્વારે આવ્યો છું,
જો તું મુજને તરછોડે તો, દુનિયામાં હું કયાં જાઉં ... પ્રેમ ભરેલું

જાણું ના હું પુજા તારી, જાણું ના ભકિતની રીત,
કાલીઘેલી વાણીમાં હું, ગાતો પ્રભુજી તારા ગીત;
બાળ બનીને ખોળે તારા હું રમવાને આવ્યો છું ..... જો તું મુજને તરછોડે

સંસારીના સુખડા કેરી, વાત વિસારી મેલી છે,
દિનદયાળા હે જગત્રાતા, એક હવે તું બેલી છે;
કંઈક જનમનાં પાપો મારા, ધોવાને હું આવ્યો છું ..... જો તું મુજને તરછોડે

પ્રભુજી તારા દર્શન કાજે, નયનો મારા તલસે છે,
નાનકડી આ આંખલડીથી, અશ્રુધારા વરસે છે;
ચાકર થઈને ચરણે તારા, રહેવાને હું આવ્યો છું ..... જો તું મુજને તરછોડે

## જા સંયમ પંથે દીક્ષાર્થી

(રાગઃ બાબુલ કી દુઆએ લેતી જા......)

જા સંયમ પંથે દીક્ષાર્થી, તારો પંથ સદા ઉજમાળ બને,
જંજીર હતી જે કર્મોની, તે મુકિતની વરમાળ બને.

હોંશે હોંશે તું વેશ ધરે, તે વેશ બને પાવનકારી,
ઉજવળતા એની ખુબ વધે, જેને ભાવથી વંદે સંસારી;
દેવો પણ ઝંખે દર્શનને, તારો એવો દિવ્ય દેદાર બને ..... જા સંયમ પંથે

જે જ્ઞાન તને ગુરૂએ આપ્યું, તે ઉતરે તારા અંતરમાં,
રગરગમાં એનો સ્રોત વહે, ને પ્રગટે તારા વર્તનમાં;
તારા જ્ઞાન દીપકનાં તેજ થકી, આ દુનિયામાં ઝાકઝમાળ બને ..... જા સંયમ પંથે

વીતરાગ તણા વચનો વદતી, તારી વાણી હો અમૃતધારા,
કોઇ મારગ ઢૂંઢે અંધારે, તારા વેણ કરે ત્યાં અજવાળા;
વૈરાગ્ય ભરી મધુરી ભાષા, તારા સંયમનો શણગાર બને ..... જા સંયમ પંથે

જે પરીવારે તુ આજ ભળે, તે ઉન્નત હો તુજ નામ થકી,
જીતે સહુનો પ્રેમ સદા તારા, સ્વાર્થ વિહોણા કામ થકી;
શાસનની જગમાં શાન વધે, તારા એવા શુભ સંસ્કાર બને ..... જા સંયમ પંથે

અણગાર તણાં જે આચારો, એનું પાલન તું દિનરાત કરે,
લલચાવે લાખ પ્રલોભનો, પણ તું ધર્મ તણો સંગાથ કરે;
સંયમનું સાચું આરાધન, તારો તરવાનો આધાર બને ..... જા સંયમ પંથે

## વગડાની વચ્ચે વાવડી

(રાગઃ વગડાની વચ્ચે વાવડી ને......)

વગડાની વચ્ચે વાવડી ને, વાવડીની વચ્ચે પાવાપુરી,
મહાવીરના દરબારે લીલાલ્હેર લીલાલ્હેર છે....

એનીકોર પેલીકોર ડુંગરા ડોલે,
ઉત્તરદખ્ખણ ડુંગરા ડોલે, (૨)
હે નાની અમથી દેરડી ને દેરડીએ બાંધ્યા તોરણીયા,
તોરણીયાનાં પાન લીલાછમ લીલાછમ છે....

ઈશાની વાયરો વીંઝણો ઢોળે,
વેરી મન મારું ચઢયું ચગડોળે, (૨)
હે ભાલ પર ચમકે ટીલડી ને માથે જડીયેલ પાઘલડી,
પાઘલડીનાં હીરા રાતાચોળ રાતાચોળ છે.....

## અમે તારા દિવાના

(રાગઃ હમ તુમ્હે ચાહતે હે ઐસે……)

અમે તારા દિવાના થઈએ (૨)
રાત દિવસ પ્રભુ,…. અમે ગુણલા તમારા ગઈએ….અમે

તારા વીના જીવન સુનું લાગે (૨)
સાચું કહું છું પ્રભુ,…. અમે તમને છોડીને કયાં જઈએ….અમે

અમને તારો છે મોટો સહારો (૨)
સુખ દુઃખની વાતો,…. તારા વીના અમે કોને કહીએ…..અમે

સોંપ્યું સઘળુ તમારા ચરણોમાં (૨)
નામ લેતા તારું,…. અમે દુઃખડા હસતે મોંએ સહીએ….અમે

## લીંબુના વનમાં

લીંબુના વનમાં, લીંબુડા ઝાઝા, (૨)
અડધા કાચા ને અડધા પાકા, પણ શોભા શોભા.... લીંબુના વનમાં

ભારત દેશમાં ધર્મો ઘણાં છે, (૨)
ના આવે જૈન ધર્મની તોલે, પણ શોભા શોભા.... લીંબુના વનમાં

જૈન ધર્મમાં તીર્થો ઘણાં છે, (૨)
ના આવે શત્રુંજયની તોલે, પણ શોભા શોભા.... લીંબુના વનમાં

જૈન ધર્મમાં મંત્રો ઘણાં છે, (૨)
ના આવે નવકાર મંત્રની તોલે, પણ શોભા શોભા.... લીંબુના વનમાં

## તારો એક જ આધાર

(રાગઃ રંગાઈ જાને રંગમાં……)

તારો એક જ છે આધાર (૨)

આ ધરતી પર અગણિત માનવ,
તો યે નિરાધાર, પ્રભુ તો યે નિરાધાર….. તારો એક જ

દુર દુર જાવું છે હજીયે,
કોઈ નથી સથવાર, પ્રભુ કોઈ નથી સથવાર….. તારો એક જ

ભુલો પડયો છું ભવસાગરમાં,
જાવું છે પેલેપાર, પ્રભુ જાવું છે પેલેપાર….. તારો એક જ

કિનારો બતલાવો પ્રભુજી,
વિનવું વારંવાર, પ્રભુ વિનવું વારંવાર….. તારો એક જ

## ઉંચા ઉંચા દહેરાસર

(રાગઃ ઉંચા ઉંચા બંગલા બંધાવો......દેશ રે જોયા પરદેશ જોયા)

ઉંચા ઉંચા દહેરાસર બંધાવો, એમાં પ્રભુજીની પ્રતિમા પધરાવો
કે મુર્તિ કેવી ઝગમગ ઝગમગ થાય (૨) ....

કે મારે દાદા વીના કેમ ચાલશે હો રાજ,
દાદા પાર્શ્વનાથ જો હોય અમારી સાથ....કે

આ પ્રભુ વિના કેમ ચાલશે હો રાજ,
દાદા આદેશ્વર જો હોય અમારી સાથ....કે

ઓ પ્રભુજી તમને વીનવું હો રાજ,
ફેરા ભવોભવ કેરા ટાળજો તુમ આજ....કે

## જયકારી રે જિન તારો

જયકારી રે જિન તારો ધર્મ છે રે,
એનો ઝંડો ગગન લહેરાય રે, વીર તારું શાસન છે જયકારી....

ઉપકારી છે અહિંસાની ભાવના રે,
જેને ભાવે તે ભવ તરી જાય રે, વીર તારું આગમ છે ઉપકારી....
મહાવીર તારી આણા છે ઉપકારી

સુખકારી છે સત્યતણી સાધના રે,
એને સાધે તે સિદ્ધ બની જાય રે, વીર તારો સંદેશો સુખકારી....
મહાવીર તારા સુત્રો છે સુખકારી

## ભક્તિ કરતાં છુટે

ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ, પ્રભુ એવું માંગું છું,
રહે જનમોજનમ તારો સાથ, પ્રભુ એવું માંગું છું.

તારી મનોહર મુર્તિ હું જોયા કરું,
રાત દિવસ રટણ તારું કર્યા કરું;
અંત સમયે રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગું છું....ભક્તિ કરતાં

મારી આશા નિરાશા કરશો નહી,
મુજ અવગુણ સામે જોશો નહી;
શ્વાસોશ્વાસ રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગું છું....ભક્તિ કરતાં

મારા પાપને આપ સમાવી લેજો,
તારા ભકતને દાસ બનાવી દેજો;
એ જ અંતરની અભિલાષ, પ્રભુ એવું માંગું છું....ભક્તિ કરતાં

# <u>હું તને ભજુ છું</u>

(રાગઃ જીંદગી એક સફર હે સુહાના......)

હું તને ભજુ છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... (૨)

પૈસો મારો પરમેશ્વર, પુજુ હું એને પલપલ ભર, (૨)
તારી પુજા કરું હું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... હું તને

એમ તો હંમેશા મંદિરે આવું, આવું એવો પાછો સિધાવું, (૨)
બે ઘડી બેસુ છું રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... હું તને

ગામગામાંતરે જાવું પડે, યા મહેમાન જો આવી ચડે, (૨)
તો તારો વારો બીજા રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... હું તને

ભકિત મારી રીઝવે તને, મલવા આવે તું જો મને, (૨)
આવજે કોઇ બીજા રવિવારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... હું તને

ઓચ્છવ રાખું રવિવારે, ઊછામણી તો રવિવારે,
વરઘોડા તો રવિવારે, ગુરૂજી આવો રવિવારે,
તો આ મોટા ભગત ત્યાં પધારે, બાકી કયાં છે સમય પ્રભુ મારે.... હું તને

## મંગલમય છે નામ

મંગલમય છે નામ મહાવીર, મંગલમય છે નામ,
આપે છે આરામ મહાવીર, મંગલમય છે નામ.

સર્વ જીવોને સુખ દેનારું, અંતરના તિમિર હરનારું (૨)
થાકયા પાકયા દિનદુઃખીયાનો, એ જ ખરો વિશ્રામ .... મહાવીર

સુરનર મુનિવર કિર્તન કરતાં, નામ લઈ ભવસાગર તરતાં (૨)
ભકિત ભાવે ગુંજન કરતાં, જાગે આતમરામ .... મહાવીર

મહાવીર નામનો મહિમા ભારી, જીવન જેનું સદા ઉપકારી (૨)
એના નામે શાતા પામે, જગનાં જીવ તમામ .... મહાવીર

# પંખી રે પંખી રે

(રાગઃ પરદેશી પરદેશી......)

પંખી રે પંખી રે ઉડી જજે, સિદ્ધાચલને ધામ, સિદ્ધાચલને ધામ.

દાદાના ચરણે જાજે, વંદન કરજે, કેસર ને શ્રીફળ દાદાના ચરણોમાં ધરજે...પંખી રે

ઢોલ, નગારાં, નોબત, ઝાલર વાગે રે,

ભકત જનોનાં મનડાં ડોલવા લાગે રે;

પ્રભુની શોભા એવી સુંદર લાગે રે,

સૌના મનડે ભકિત ભાવના જાગે રે..... દાદાના

આંખડીથી વરસે આંસુની ધારા રે,

મનડું મારું જપતું તારી માળા રે;

તારા વિના સુના મંદિરીયા મારા રે,

પ્રભુ અમને વ્હેલા રે દર્શન આપો રે..... દાદાના

## ચંદનબાળા

(રાગઃ મન ડોલે મેરા તન ડોલે......)

મન રોવે, એનું દિલ રોવે, એનું હ્યદય કરે પોકાર રે,
મહાવીર પધારો આંગણીયે.

ચંદનબાળા રાજકુમારી, ગુણભરી અલબેલી,
સમય સમય બલિહારી જેહની, આવે દુઃખની રેલી,
વૈભવ છોડે, મનને મોડે, એ દુઃખડા સહે અપાર રે ..... મહાવીર પધારો આંગણીયે

માથે મુંડણ, આંખો ભીની, પગ જંજીર જકડેલી,
અઠ્ઠમ તપની એ ઉપવાસી, કાળ બળે દુર ઠેલી,
હૈયે બળતી, દીલમાં રોતી, આંખે અશ્રુની ધાર રે ..... મહાવીર

અડદ તણા બાકુળા મળીયા, મન અભીગ્રહ એ ધારે,
યોગી પુરુષને વ્હોરાવીને, પછી એ ખપશે મ્હારે,
ઉંબરે બેઠી, પ્રભુને ભજતી, યોગી પુરુષની વાટ રે ..... મહાવીર

વીર પ્રભુજી ફરતાં ફરતાં, કૌશાંબી મહી આવે,
ભીક્ષા કાજે ઘર ઘર ફરતાં, અભીગ્રહ ધરતાં જાવે,
માસ પાંચ દિન પચીસ થયા, ભીક્ષા વીણ પાછા જાય રે ..... મહાવીર

ભીક્ષા કાજે ઘર ઘર ફરતાં, પ્રભુ મહાવીર ત્યાં આવે,
ચંદનાને આંસુ ના જોયા, પ્રભુજી પાછા જાવે,
ચંદન રડતી રડતી બોલે, પાછા ના જાવો નાથ રે ..... મહાવીર

પાછા વળીયા ભીક્ષા કાજે, નીરખી અશ્રુધાર,
ભીક્ષા લીધી ચંદના હાથે, તીહાં થયો ચમત્કાર,
બેડી તુટી, માથે રૂડાં, થયાં કેશ કલાપ રે ..... મહાવીર

માસ પાંચ દિન પચીસ થયે, પ્રભુ અભિગ્રહ પુરો થાયે,
ચંદનબાળા રાજકુમારી, પ્રભુ પ્રથમ સાધ્વીકા થાયે,
વાતને જાણી, દેવો આવી, કરે પર્વ ઉલ્લાસ રે ..... મહાવીર

## ચાર દિવસનાં ચાંદરણા

(રાગઃ ચાંદ સી મહેબુબા હો મેરી......)

ચાર દિવસનાં ચાંદરણા પર, જુઠી માયા શા માટે,
જે ના આવે સંગાથે, એની મમતા શા માટે.

આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહીઓ ના આવે,
તું ખુબ મથે જેને મેળવવા, એ જોબન સાથે ના આવે (૨),
અહીંનું છે અહીંયા રહેવાનું, એની દોસ્તી શા માટે ..... જે ના આવે

તેં બાંધેલી મહેલાતો ને, દોલતનું કાલે શું થાશે,
જાવું જો પડશે અણધાર્યું, પરીવારનું ત્યારે શું થાશે (૨),
સહુનું ભાવિ, સૌની સાથે, એની ચિંતા શા માટે ..... જે ના આવે

સુંવાળી દોરીનાં બંધન, આજે પ્રેમ થકી સૌ બાંધે,
તુટે તંત આયુષ્યનો જયારે, કોઇ એને ના સાંધે (૨),
ભીડ પડે ત્યાં તડ તડ તુટે, એવાં બંધન શા માટે ..... જે ના આવે

## પારસનાથ આધાર

પારસનાથ આધાર, મેરો પ્રભુ પારસનાથ આધાર,

આ ભવ પરભવ વાંછીત પુરો, શીવપદ કો દાતાર.... મેરો પ્રભુ

વામા રે જી કો નંદન નીરખી, તે પામ્યા ભવપાર.... મેરો પ્રભુ

કહત શામળદેવ, આશ પુરો મન તણી, સેવકને કરો સહાય.... મેરો પ્રભુ

## સાહેબો શંખેશ્વર સોહામણો

સાહેબો શંખેશ્વર સોહામણો રે,
વ્હાલો મારો વામાદેવીનો નંદ.....

વ્હાલો મારો વઢીયાર દેશમાં વીરાજતો રે,
વ્હાલો મારો શંખેશ્વર મોઝાર.....

ત્યાં તો દુર દુરથી સંઘ આવતાં રે,
વ્હાલા મારા પ્રભુજીને ભેટવાને કાજ.....

કમઠ ને ધરણેન્દ્ર સરીખા જાણીઆ રે,
વ્હાલો મારો કરુણારસ ભંડાર.....

## પભુ રાખજે ઉઘાડા દ્વાર

(રાગઃ જરા સામને તો આઓ છલિયે......)

પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર રે,
તારા બાળકડાને કાજે (૨) ..... પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર રે.

કોઇ પ્રભુ પ્રભુ કરતો આવે, કોઇ પાર્શ્વની ધુન મચાવે,
કરુણા કરજે કિરતાર રે, તારા બાળકડાને કાજે.

કોઇ ભાવે પુષ્પે પુજે, કોઇ પ્રેમ દિપક પ્રગટાવે,
રક્ષા કરજે તારણહાર રે, તારા બાળકડાને કાજે.

કોઇ ટળવળતા દુઃખ માટે, કોઇ રોતા હૈયા ફાટે,
તુમથી કેમ જોઇ શકાય?, તારા બાળકડાને કાજે.

પ્રભુ પારસનાથ અમારા, અમને પ્રાણ થકી છો પ્યારા,
મોક્ષ મારગનાં દેનારા, તારા બાળકડાને કાજે.

## તમે સહારા રે

(રાગઃ અમે મહિયારા રે, ગોકુળ ધામનાં......)

તમે રે સહારા રે, મંગળ ધામનાં,
હે જી મારે શરણા તમારા લેવા, સહારા રે, મંગળ ધામનાં.

કૃપાળુ દેવ મારી વાસના નિવારો, ભુલા પડેલાનો પંથ અજવાળો,
હે જી મારે દુઃખડા કોને જઇને કહેવા, સહારા રે, મંગળ ધામનાં.

ભવનાં બજારે સુખ લેવાને નિસર્યો, સુખના ભંડાર તારા સાવ હું વિસર્યો,
હે જી મારા કર્મોનાં ત્રાસ શે સહેવા, સહારા રે, મંગળ ધામનાં.

ભકિતનાં દીપથી ઉતારું હું આરતી, માંગુ છું એટલું સુધારજો રે મતી,
હે જી મારે અંતરનાં આંસુ ધોવા, સહારા રે, મંગળ ધામનાં.

# શંખેશ્વર કા નાથ હે

(રાગઃ જનમ જનમ કા સાથ હે......)

શંખેશ્વર કા નાથ હૈ હમારા તુમ્હારા, તુમ્હારા હમારા,
ઈસ તીરથમેં જો ભી આયે, ઉસે મીલે ન જનમ દોબારા..... શંખેશ્વર

કાનમેં કુંડલ ડોલે, મસ્તક મુકુટ સોહાયે,
કૈસી સુંદર કાયા, જો ભકતો કે મન ભાયે,
મન કી ઈચ્છા પુરી હોવે, જો આવે દ્વાર તિહારા..... શંખેશ્વર

મુકિત સે ભકિત પ્યારી, કહતે જ્ઞાની ધ્યાની,
ઈસ કે ચરણ કમલમેં બીતે, સારી જીંદગાની,
સચ્ચે દિલસે ધ્યાન લગાવે, તો હોવે વારા ન્યારા..... શંખેશ્વર

ઈસ તીરથ કે કંકર, પત્થર હમ બન જાયે,
ભકત હમ હે જો ચલકર, તેરા દર્શન પાયે,
અંતિમ ઈચ્છા પુરી હોવે, જીવન હો સુખકારા..... શંખેશ્વર

શંખેશ્વર કી પારસ, લીલા અજબ દીખાતા,
ઈસ કે ચરણમેં જો ભી આયે, બેડા પાર લગાતા,
રાય ઔર રંક સભી કો તારે, જગ કે તારણહારા..... શંખેશ્વર

# <u>ટીલડી રે</u>

ટીલડી રે મારા પ્રભુજીને શોભતી,
એવી મેં તો ટીલડી ઘડાવી, પ્રભુજી મારા .... ટીલડી રે

ટીલડી ઘડાવવા હું તો સોની ઘેર ગ્યો'તો,
સોનીડાએ ઘાટ રૂડા ઘડયા, પ્રભુજી મારા .... ટીલડી રે

ટીલડી ઘડાવવા હું તો ઝવેરી ઘેર ગ્યો'તો,
ઝવેરીએ હીરામોતી જડયા, પ્રભુજી મારા .... ટીલડી રે

એવી રે ટીલડી હું તો શંખેશ્વર લાવ્યો,
શંખેશ્વરા પાર્શ્વને ચડાવી, પ્રભુજી મારા .... ટીલડી રે

દાદા તારી ટીલડીએ સૌના મન મોહ્યાં,
ભકતો તણાં અંતરીયા ખોલ્યાં, પ્રભુજી મારા .... ટીલડી રે

## <u>ઝનન ઝનન ઝનકારો</u>

ઝનન ઝનન ઝનકારો રે, બોલે આતમનો એક તારો રે,
બોલે પ્રભુજી પાર ઉતારો.

તારલિયાનાં તોટા નહીં પણ, સુરજ ચંદા એક છે,
દેવ અનેરા દુનિયામાં પણ, મારે તો તું એક છે;
ઝનન ઝનન ઝનકારો રે, બોલે ઘુઘરીનો ઘમકારો રે, બોલે પ્રભુજી પાર ઉતારો.

અવની પર આકાશ રહે તેમ, કરજો મુજ પર છાયા,
નિશદિન અંતર રમતી રહેજો, મોહની તારી માયા;
ચમક ચમક ચમકારો રે, તારા મુખડાનો મલકારો રે, બોલે પ્રભુજી પાર ઉતારો.

ઉષા સંધ્યાના રેશમ દોરે, સુરજ ચંદા ઝુલે,
ચડતીને પડતીના ઝુલે, માનવ સઘળા ઝુલે;
સનક સનક સનકારો રે, તારી વાણીનો રણકારો રે, બોલે પ્રભુજી પાર ઉતારો.

તું છે માતા તું છે પિતા, તું છે જગતનો દિવો,
વામાના નાનકડા નંદન, જગમાં જુગજુગ જીવો;
ઝનન ઝનન ઝનકારો રે, મુજ પ્રાણ થકી તું પ્યારો રે, બોલે પ્રભુજી પાર ઉતારો.

# <u>રંગ રંગ રેલી</u>

રંગ રંગ રેલી, કળીયુગની કલ્પવેલી,
શંખેશ્વરા પાર્શ્વની મુર્તિ અલબેલી.

પાલીતાણા ગામે, આદિનાથ બિરાજે, ત્રણે લોકની ઠકુરાઇ છાજે,
જાણે આભને અડેલી, જાણે ચમક ચમક ચમકેલી;
આદિનાથની મુર્તિ અલબેલી.

તારંગા ગામે અજીતનાથ બિરાજે, આવે સુરનર વંદન કાજે,
ઉંચે આકાશે અડેલી, જાણે ધર્મધજા ફરકેલી;
અજીતનાથની મુર્તિ અલબેલી.

સમેતશિખરે, પ્રભુ પાર્શ્વ બિરાજે, ધર્મીજનોને ત્યાં પગલાં થાવે,
જાણે રૂપ અનુપમ જ્યોતિ, આ મનોહર મુર્તિ કેવી;
પાર્શ્વનાથની મુર્તિ અલબેલી.

## દરશન દેજો નાથ

(રાગઃ જાગ રે માલણ જાગ......)

દરશન દેજો નાથ, દરશન દેજો નાથ,
ભકતો તારા તને પોકારે, દરશન દેજો નાથ.

અંતરની તમે આશા પુરજો, દુઃખડા સૌના હરજો,
દિનદયાળુ દાદા મારા, રક્ષા સૌની કરજો,
ભુલું ના તને નાથ, છુટે ના તારો સાથ .....ભકતો તારાં

પ્રભુ તારા ચરણોમાં હું, માંગુ તારી સેવા,
શંખેશ્ર્વરનાં પાર્શ્વ પ્રભુજી, ઓ દેવાધિદેવા,
લઈએ તારું નામ, ધરીએ તારું ધ્યાન .....ભકતો તારાં

અમી ભરેલી આંખડી તારી, વરસે અમૃતધારા,
કૃપાનિધિ કરૂણાસાગર, જગનાં પાલનહારા,
દેજો મોક્ષનું ધામ, હૈયે પુરજો હામ .....ભકતો તારાં

## <u>મૈલી ચાદર</u>

મૈલી ચાદર ઓઢ કે કૈસે દ્વાર તુમ્હારે આઉં,
હે પાવન પરમેશ્વર મેરે મન હી મન શરમાઉં.

તુમને મુજકો જગમેં ભેજા, દેકર નિર્મલ કાયા,
મૈંને ઈસ સંસારમેં આકર, ઈસકો દાગ લગાયા,
જનમ જનમ કી મૈલી ચાદર, અબ કયાં દાગ ધુલાઉ.....મૈલી

નિર્મલ વાણી પાકર તુજસે, નામ ન તેરા ગાયા,
નેત્રબંધ કર હે પરમેશ્વર, કભી ન તુજ કો ધ્યાયા,
મનકી સારી તારે તુટી, અબ કયા ગીત સુનાઉ.....મૈલી

ઈસ પૈરો સે ચલકર તેરે, મંદિર કભી ન આયા,
જહાં જહાં હો પુજા તેરી, કભી ન શીશ ઝુકાયા,
હે મહાવીર મેં હાર કે આયા, અબ કયા હાર ચઢાઉ.....મૈલી

## ચડતી પડતી થાય

ચડતી પડતી થાય, શાને તું ફુલાય,
તારા જેવા કઈંક જગમાં આવે અને જાય.
કોઇ હસતો જાય, કોઇ રડતો જાય,
જેનાં જેવા કામ, એવા નામ જગમાં થાય.

સુર્ય ઉગ્યો તે અસ્ત થવાનો, જન્મ લીધો તે નકકી જવાનો,
કરે મરું મારું, નથી કાંઇ એ તારું,
બધું મુકીને અહીંથી જવાનો છે ..... ચડતી પડતી

મોહ માયાના રંગે રંગાયા, ધન વૈભવથી મોટા મનાયા,
માયા જાદુના ખેલ, માયા માટીનો છે મહેલ,
અંતે માટીમાં માટી થવાનો છે ..... ચડતી પડતી

હવે ચેતી જા માનવ અભિમાની, ચાર દિવસની છે જીંદગાની,
પ્રભુ મંદિરમાં આવ, અહીં ધુન મચાવ,
નાથ મહાવીરનો સાચો વિસામો છે ..... ચડતી પડતી

## દુહા

૧. ગાન તમારાં ગાતાં ગાતાં, અમે સમયનું ભાન ભુલ્યાં,
ખાવું ભુલ્યાં, પીવું ભુલ્યાં, ઉંઘ અને આરામ ભુલ્યાં;
રાગ ભુલ્યાં ને દ્વેષ ભુલ્યાં વળી, પાપ તણો વ્યાપાર ભુલ્યાં,
એવા એકાકાર બન્યાં કે, સળગેલો સંસાર ભુલ્યાં.

૨. દાદા તારા દેરાસરમાં, રોજ સવારે દોડી રહું,
ઢમ ઢમ ઢમ ઢમ ઢોલ વગાડું, પ્રભુની આગળ નાચી રહું;
પાર ઉતારો ભવસાગરથી, અંતરથી પોકાર કરું,
મુકિતદીપને પામવા કાજે, ભકિતદીપની જયોત ધરું.

૩. ઘનનન ઘનનન ઘંટ બજે ને ટનન ટનન ટંકાર કરે,
ઘમ ઘમે ઘમ ઘમ ઘુંઘરૂ વાગે, મારા હૈયે ભકિતનો ભાવ ચડે;
ઝણણ ઝણણ ઝણ ઝાલર ઝમકે, ઢમ ઢમ ઢમ ઢમ ઢોલ વાગે,
ખનન ખનન ખન હૈયું નાચે, મારા પ્રભુના ચરણે શીશ ઝુકે.

૪. પરદુઃખ ભંજન, નાથ નિરંજન, ત્રિશલા નંદન મહાવીરા,
તને કોટી વંદન, ભવદુઃખ ભંજન, ત્રિશલા નંદન ઓ વીરા;
પાવાપુરીવાળા, દીનદયાળા, પરમકૃપાળુ ઓ વીરા,
જગમંગલવાળા, પંથ નિરાળા, મન હરનારા ઓ વીરા.

૫. લગા શકો તો બાગ લગાના, આગ લગાના મત શીખો,
બિછા શકો તો ફુલ બિછાના, કાંટે બિછાના મત શીખો;
જલા શકો તો દીપ જલાના, દિલ જલાના મત શીખો,
કર શકો તો પુણ્ય હી કરનાં, પાપ કરનાં મત શીખો.

૬. કાંટાઓની વચ્ચે મારે, ફુલ બનીને રહેવું છે,
યાદમાં તારી પ્રભુજી મારે, મશગુલ બનીને રહેવું છે;
જીવનનો મહાસાગર પ્રભુ, તું સહેલાઈથી તારે છે,
એવા મહાસાગર પર મારે, પુલ બનીને રહેવું છે.

## શંખેશ્વર દાદા છે કેવા

(રાગઃ યશોમતી મૈયા સે બોલે નંદલાલા ......)

શંખેશ્વર દાદા છે કેવા ચમત્કારી,
દુનિયામાં ગાજે છે મહિમા રે ભારી.

વામાના નંદન તારી જયોત નિરાલી, તારા સ્મરણથી થાતી દિલમાં ખુશાલી;
દેશ વિદેશથી આવે ઘણાં નરનારી, દુનિયામાં ગાજે છે મહિમા રે ભારી.

પ્રભુ દામોદરની વાણી, સાંભળી ભરાવી, ઉપકાર પ્રભુનો જાણી પ્રતિમા બનાવી,
શ્રાવક અષાઢી તો થયા જયકારી, દુનિયામાં ગાજે છે મહિમા રે ભારી.

દરીશણ તારા કરતાં હૈયું મારું ખીલે, ભકિત તારી કરતાં જગ આખું ભુલે,
પ્રભુ તારી પ્રતિમાની છે બલિહારી, દુનિયામાં ગાજે છે મહિમા રે ભારી.

સુરજ ચંન્દ્રે તારી આરતી ઉતારી, દેવી પદ્માવતી તારી સેવા કરે સારી,
દાદા તારી ઉપર જાઉં વારી વારી, દુનિયામાં ગાજે છે મહિમા રે ભારી.

## આજ મારા પ્રભુજી

આજ મારા પ્રભુજી સામુ જુઓને, સેવક કહીને બોલાવો રે,
એટલે હું મનગમતુ પામ્યો, (૨) રૂઠડા બાળ મનાવો રે.....

પતિતપાવન શરણાગત વત્સલ, એ જશ જગમાં ચાવો રે,
મન રે મનાવ્યા વિણ નહીં મુકુ, (૨) એહિ જ મારો દાવો રે.....

કબજે આવ્યા હવે નહીં મુકુ, જિહાં લગે તુમ સમ થાવો રે,
જો તુમ ધ્યાન વીના શીવ લહીએ, (૨) તો તે દાવ બતાવો રે.....

મહાગોપને મહાનિર્યામક, એવા એવા બિરૂદ ધરાવો રે,
તો શું આશ્રિતને ઉધ્ધરતા, (૨) બહુ બહુ શું કહાવો રે?.....

જ્ઞાનવિમલ ગુરૂનો નિધિ મહિમા, મંગલ એહિ વધાવો રે,
અચલ અભેદપણે અવલંબી, (૨) અહોનિશ એહિ દિલ ધ્યાવું મારા સાંઇ રે....

## જીંદગીમાં કેટલું કમાણા રે

જીંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો,
સમજુ, સજ્જન ને શાણા રે, જરા સરવાળો માંડજો.

મોટરો વસાવી, તમે બંગલા બંધાવ્યા,
ખુબ કીધા એકઠા નાણાં રે, જરા સરવાળો માંડજો.

ઉગ્યાથી આથમણા સુધી ધંધાની ઝંખના,
ઉથલાવ્યા આમતેમ પાનાં રે, જરા સરવાળો માંડજો.

ખાધું, પીધું ને તમે ખુબ મોજ માણી,
તૃષ્ણાના પુરમાં તણાયા રે, જરા સરવાળો માંડજો.

લાવ્યા'તા કેટલું ને લઇ જવાનું કેટલું?
આખર તો લાકડાને છાણા રે, જરા સરવાળો માંડજો.

મહાવીરના નામને જેણે નથી જાણ્યું,
સરવાળે મીંડા મુકાણા રે, જરા સરવાળો માંડજો.

## આજ તારે ખોળે રમવાને

આજ તારે ખોળે રમવાને, પ્રભુજી અમે દોડી આવ્યા,
અમે મનની મલિનતાને, પ્રભુજી સૌ છોડી આવ્યા.....આજ તારે ખોળે

અમે માયાનાં બંધન માંહે, પ્રભુજી બંધાઇ ગયા,
અમે તારી દયાથી રે, બંધન સહુ છોડી આવ્યા.....આજ તારે ખોળે

તારા કોટી ઉપકારો રે, પ્રભુજી અમે ભુલી ગયા,
આજ ભુલ સમજાતા રે, પ્રભુજી અમે દોડી આવ્યા.....આજ તારે ખોળે

અમે મોહની મટકી રે, જીવન આખું માથે ધરી,
તારી કૃપા કટાક્ષથી રે, મટકી આજે ફોડી આવ્યા.....આજ તારે ખોળે

મારું ચંચળ ચિત્તડું રે, ભટકતું ભાંગી જાતું,
અમે તારી દયાથી રે, તારે ખોળે દોડી આવ્યા.....આજ તારે ખોળે

____________ માંગે રે, પ્રભુજી સદ્‌બુધ્ધિ આપે,
અમે એક જ તારી આશે, બીજાનો સાથ છોડી આવ્યા.....આજ તારે ખોળે

## ઓ જિન તેરે ચરણકી

ઓ જિન તેરે ચરણકી શરણ ગ્રહું,
ત્યદય કમલમેં ધ્યાન ધરત હું, શિર તુજ આણા વહુ.....ઓ જિન

તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહિ કબહું.....ઓ જિન

તેરે ગુણ કી જપું જપમાલા, અહર્નિશ પાપ દહું .....ઓ જિન

મેરે મનકી તુમ સબ જાનો, કયા મુખ બહોત કહું .....ઓ જિન

કહે જસવિજય કરો ત્યું સાહિબ, જ્યું ભવ દુઃખ ન લહું .....ઓ જિન

## એવા અલબેલા છે

એવા અલબેલા છે, મારા શાંતિનાથ,
એવા ઉપકારી છે, મારા શાંતિનાથ,
એવા વીતરાગી છે, મારા શાંતિનાથ,

દર્શનથી સવિ દુઃખ ટળે, સેવનથી સવિ આશા ફળે, ..... એવા અલબેલા

મુરત પ્રભુની નીરખી જાણે, મુજ અંતર વસી ગઇ પ્યારી
કરુણાનાં સાગર છો,
ભંડાર દયાનાં છો મારા શાંતિનાથ ..... એવા અલબેલા

## ક્યું ન ભયે હમ મોર

ક્યું ન ભયે હમ મોર વિમલગિરિ (૨)

સિધ્ધવડ રાયણ રૂખ કી શાખા, ઝુલત કરત ઝકુર ..... વિમલગિરિ

આવત સંઘ રચાવત અંગીયા, ગાવત ગુણ ઘમઘોર ..... વિમલગિરિ

હમ ભી છત્ર કલા કરી નીરખત, કટને કર્મ કઠોર ..... વિમલગિરિ

મુરત દેખ સદા મન હરખે, જેસે ચંદ ચકોર ..... વિમલગિરિ

શ્રી રિસહેસર દાસ તિહારો, અરજ કરત કરજોડ ..... વિમલગિરિ

# મારી આજની ઘડી

મારી આજની ઘડી છે રળીયામણી (૨)
હાં રે મારો વ્હાલો મળ્યાની વધામણી જી રે ..... આજની

હાં રે હું તો ધ્યાન ધરું છું પ્રભુ તાહરું, (૨)
હાં રે મારા અંતરમાં થયું અજવાળું જી રે ..... આજની

હાં રે મેં તો મોતીના સાથીયા પુરાવીયા, (૨)
હાં રે મેં તો પ્રેમે પ્રભુને વધાવીયા જી રે ..... આજની

હાં રે તારી ભકિત કરવાને કાજે આવીયા, (૨)
હાં રે તારા દર્શન કરવાને કાજે આવીયા જી રે ..... આજની

## મને જડયું રે જગતમાં

મને જડયું રે જગતમાં ઉપકારી, જિનશાશન સહુને સુખકારી,
મને ગમ્યું રે જગતમાં જયકારી, જિનશાશન સહુને સુખકારી.

જ્યાં રાય ને રંક ભુલાઇ જતાં, ત્યાં પાપીનાં પાપ ધોવાઇ જતાં,
જ્યાં રાગ ને દ્વેષ વીલાઇ જતાં, મોહમાયાના બંધન ભુલાઇ જતાં ..... મને

જ્યાં ત્યાગી મુનિવર વીચરંતા, જિનવાણી તણાં ઝરણાં ઝરતાં,
વિશ્વ મંગલની ભાવના નિત્ય રહે, જીવદયા સંયમ તને શોભી રહે ..... મને

આવું શરણું સંગ જ્યાં હિતકારી, ગુણ ગાતાં દેતાં બલિહારી ..... મને

## જયવીર જયવીર

(રાગઃ જ્યોત સે જ્યોત જલાતે ચલો ......)

જયવીર જયવીર ગાતે ચલો, પ્રભુ વીર કી ધુન મચાતે ચલો.

કામ, ક્રોધ, મન, લોભ જલાયા, રાગ, દ્વેષ, અરિ દુર પલાયા,
જિનવર ધ્યાન લગાતે ચલો, (૨) ..... પ્રભુ વીર કી

જંગલ મંગલ કરકે દિખાયા, ચંડકૌશિક ભવ ભ્રમણ મીટાયા,
સમતા સરીતા બહાતે ચલો, (૨) ..... પ્રભુ વીર કી

સમ્યગ દર્શન જ્ઞાન બતાયા, તપ ચારિત્ર સે મોક્ષ બસાયા,
જ્ઞાન સુધા બરસાતે ચલો, (૨) ..... પ્રભુ વીર કી

તપ જપ ધ્યાન કા યોગ લગાયા, પાપ પુણ્ય કર્મોકો ખપાયા,
કેવલ જ્યોત જગાતે ચલો, (૨) ..... પ્રભુ વીર કી

આપ અનંત ઉપકારી હમારે, ભવોભવ હોવે દાસ તુમ્હારે,
ભકિતની ગુંજ ઉઠાતે ચલો, (૨) ..... પ્રભુ વીર કી

## હે કિરતાર મને

હે કિરતાર મને આધાર તારો, જો જે ના તુટી જાય,
હે કિરતાર તારા પ્રેમનો ખજાનો, જો જે ના ખુટી જાય,
વ્હાલા જો જે ના ખુટી જાય.

તારો વિશ્વાસ મને આ અવનીમાં, આપે પ્રકાશ જ્યોત આ રજનીમાં,
શ્રધ્ધાથી વાળી છે ગાંઠો મેં સ્નેહની, જો જે ના છુટી જાય,
વ્હાલા જો જે ના છુટી જાય. .... હે કિરતાર

શકિત પ્રમાણે ભકિત કરું છું, આ જીવન તુજ શરણે ધરું છું,
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં, જો જે ના ફૂટી જાય,
વ્હાલા જો જે ના ફુટી જાય. .... હે કિરતાર

ગાઇ રહ્યો છું ગીત તુજ પ્રીતનાં, સ્નેહથી ભરેલાં સુર સંગીતનાં,
લાખનાં હીરાને હાથમાંથી કોઇ, જો જે ના લુંટી જાય,
વ્હાલા જો જે ના લુંટી જાય. .... હે કિરતાર

## લેતાં મારા પ્રભુજીનું નામ

(રાગઃ મથુરામાં કયાં જઇ આવ્યા હો કાન ......)

લેતાં મારા પ્રભુજીનું નામ, આ દિલડું નાચી ઉઠે છે,
નાચી ઉઠે છે એતો રાજી રહે છે (૨) લેતાં મારાં .....

દુનિયા જોઇ ને દુનિયાદારી મેં જોઇ, (૨)
પ્રભુજીના ચરણે વિશ્રામ, આ દિલડું નાચી ઉઠે છે ..... લેતાં મારાં

લાખ ચોરાશી ભટકી હું આવ્યો, (૨)
આપો પ્રભુ ચરણોમાં સ્થાન, આ દિલડું નાચી ઉઠે છે ..... લેતાં મારાં

આશીષ આપો પ્રભુ હાથ લંબાવો, (૨)
ના કરો મુજને નીરાશ, આ દિલડું નાચી ઉઠે છે ..... લેતાં મારાં

## અમે તમારે દ્વારે

અમે તમારે દ્વારે આવ્યાં પ્રભુજી,

અમે આવ્યા ચોખા લાવ્યા, ચોખા પ્રભુજી,
ચોખા નથી ચોખ્ખા નથી ચોખ્ખા પ્રભુજી,
ચોખાને તો કાતરે અભડાવ્યા પ્રભુજી ..... અમે તમારે દ્વારે

અમે આવ્યા નૈવેદ્ય લાવ્યા, નૈવેદ્ય પ્રભુજી,
નૈવેદ્ય નથી ચોખ્ખા નથી ચોખ્ખા પ્રભુજી,
નૈવેદ્યને તો માખીએ અભડાવ્યા પ્રભુજી ..... અમે તમારે દ્વારે

અમે આવ્યા પુષ્પો લાવ્યા, પુષ્પો પ્રભુજી,
પુષ્પો નથી ચોખ્ખા નથી ચોખ્ખા પ્રભુજી,
પુષ્પોને તો ભ્રમરે અભડાવ્યા પ્રભુજી ..... અમે તમારે દ્વારે

અમે આવ્યા ભાવ લાવ્યા, ભાવ પ્રભુજી,
ભાવ નથી ચોખ્ખા નથી ચોખ્ખા પ્રભુજી,
ભાવને તો સંસારે અભડાવ્યા પ્રભુજી ..... અમે તમારે દ્વારે

કર્મ ખપાવે કર્મ ખપાવે કર્મ ધર્મ પ્રભુજી,
મોક્ષ અપાવે મોક્ષ અપાવે ધર્મ પ્રભુજી.

## જિનશાશનની રખવાળી

જિનશાશનની રખવાળી માં પદમાવતી આવો ને ..
શંખેશ્વરના નામવાળી પદમાવતી આવો ને .. શંખેશ્વરના ૧.

માડી તારા ચોકમાં ફુલડાં વેરાય છે,
ફૂલડાંના હાર માડી પદમાવતી આવો ને .. શંખેશ્વરના ૨.

માડી તારા ચોકમાં શ્રીફળ વેરાય છે,
શ્રીફળના તોરણીયાં માડી પદમાવતી આવો ને .. શંખેશ્વરના ૩.

માડી તારા ચોકમાં કેસર વેરાય છે,
કેસરની તો પૂજા માડી પદમાવતી આવો ને .. શંખેશ્વરના ૪.

માડી તારા ચોકમાં કુમકુમ વેરાય છે,
કુમકુમનાં પગલાં માડી પદમાવતી આવો ને .. શંખેશ્વરના ૫.

## સહારો ઘો તમે

(રાગઃ ગરીબોકી સુનો, વો તુમ્હારી સુનેગા, તુમ એક પૈસા દોગે ......)

સહારો ઘો તમે, આ દુઃખી બાંધવોને;
નવકાર જાણનારા સાર્ધમિક બાંધવોને...સહારો.

વીર પ્રભુનું નામ નિરંતર, જે મુખડુ ઉચ્ચારે છે;
વંદન ગુરૂને રોજ કરે, શાશનનો જય લલકારે છે,
મળે જો નહી એને પુરા અન્નપાણી, થશે તો તમારો ધર્મ ધુળધાણી;
જરા જૈનધર્મીની દશા તો વિચારો, કહેશો ના કોઇ એને બિચારો બિચારો,
વીર તણા શાશનની હાસી જો જો આ જગમાં થાય ના ....સહારો. (૧.)

નિર્ધનની શ્રધ્ધા તો સાચો, સથવારો છે શાશનને;
દ્રઢ હશે જો પાયા તો, આવે ના આંચ સિંહાસનને,
સદા ઝગમગે એવું સજાવો સિંહાસન, ધજા ફરફરે એની ગગનમાં સનાતન;
પરંતુ જરી તો ભુમિ પર નિહાળો, જે પાયા બન્યા તેને કોઇ તો નિહાળો,
આ ઝગમગમાં એ જીવની શ્રદ્ધા તુટી જાય ના ....સહારો. (૨.)

ફુલ પથારી તમે સુઓ ને, ભાઇ તમારો રઝળે છે;
મેવાને મિષ્ટાન તમારે, ત્યાં બાળુડા તડપે છે,
ઉડી કેમ જાયે ના નિંદર તમારી, મીઠી વાનગી કેમ બને ના અપારી;
સુખમાં ડુબેલા મનને મનાવો, તમોને મળ્યું એને બધાનું બનાવો,
વચન સુણ્યા એ વીર પ્રભુના, જો જો ફોગટ જાય ના ....સહારો. (૩.)

જોડીને બે હાથ ઉભો છે, બાંધવડો એ દુર્ભાગી;
વેરી થઇને વીટળાણી છે, વીટંબણાઓ વણમાંગી,
સુની આંખડીઓમાં ભરી છે નિરાશા, ગળામાં રૂદન છે ને હ્યદયમાં હતાશા;
બધી બાજુએ એને પડે છે પ્રહારો , ઉગારો એને તો કોઇ તો ઉગારો,
મહાવીરનાં બાળકનું જો જો મોત કમોતે થાય ના ....સહારો. (૪.)

## <u>દાદા તારા દ્વારે</u>

(રાગઃ દીદી તેરા દેવર દીવાના......)

દાદા તારા દ્વારે અમે આવ્યા, તારું નામ લઈને તરવાના.

આ જગમાં રે આવ્યા, માયામાં ફસાયા,
ભક્તિ કરીને અમે, કર્મો ખપાવ્યાં;
ગુણલાં તારા નિશદિન ગાવાનાં ..... તારું નામ

ઓ ત્રિશલાનાં જાયા, માંગુ તારી માયા,
દર્શન કરીને અમે, પાવન થવાના;
તારા રંગે એવા રંગાયા ..... તારું નામ

## મહાવીર જીનેશ્વરા

(રાગઃ પરદેશી પરદેશી......)

મહાવીર મહાવીર જીનેશ્વરા, દર્શન દો, દર્શન દો.

મહાવીર પ્યારા, તારણહારા,

ભકતો પોકારે, દાદા પાર ઉતારે ..... મહાવીર મહાવીર જીનેશ્વરા

મહાવીર સ્વામી શાસનના રખવાળા છે,

શાસનનાં એ ચોવીસમાં તીર્થંકર છે;

મુખડું જોઇને મનડું મારું હરખે છે,

આંખે અમીરસધારા પ્રભુને વરસે છે ..... મહાવીર પ્યારા

માથે મુગટ, કાને કુંડળ સોહે છે,

આંગી પ્રભુને ઝગમગ ઝગમગ ઝળકે છે;

મહાવીર પ્રભુનાં ચરણે જે કોઇ આવે છે,

ભવોભવનાં સાગરને તરી એ જાયે છે ..... મહાવીર પ્યારા

## ભાઇ રે ભાઇ

(રાગઃ માઇ ન માઇ દેર પે તેરી......)

ભાઇ રે ભાઇ સપનામાં આજે વીર પ્રભુજી આવ્યા,
દર્શન કરતાં વીર પ્રભુનાં પાપો મારા ભાગ્યા;
વ્હાલા વીર પ્રભુજી હો, પ્યારા વીર પ્રભુજી હો.

ભવસાગરમાં ભટકી રહ્યો છું, ઓ દેવાધિદેવા,
મુકિત સુખનાં લ્હાવા લેવા, માંગુ તારી સેવા;
મુર્તિ તારી નીરખી પ્રભુજી, ભાવ હ્યદયમાં જાગ્યા,
દર્શન કરતાં વીર પ્રભુનાં પાપો મારા ભાગ્યા ..... વ્હાલા

મારી અરજી સુણો ઓ વીરજી, સિદ્ધારથના જાયા,
ક્ષત્રિયકુંડમાં જનમ્યા પ્રભુજી, માં ત્રિશલાના જાયા;
જનમો જનમ તારું શાસન પામું, એવી છે અભિલાષા,
શાસનાન રખવાળા જિનજી, દ્વારે તમારે આવ્યાં ..... વ્હાલા

## મારા વીરને ખમ્મા

ખમ્મા ખમ્મા ખમ્મા મારા વીરને ખમ્મા,
ત્રિશલાના જાયાને ઝાઝી ખમ્મા;
શાસનપતિને ઝાઝી ખમ્મા,
મારા વીર પ્રભુને ઝાઝી ખમ્મા.

હે ..... જનમની રાત્રે ત્રિશલા માંને, ચૌદ સુપના આવ્યા આવ્યા ..... મારા

હે .....ચંડકૌશીએ ડંખ જ દીધો, પ્રભુજીએ આપી ક્ષમા ક્ષમા ..... મારા

હે .....ચંદનબાળાની બેડીઓ તોડી, બાકુળા એના વ્હોર્યા વ્હોર્યા ..... મારા

હે ..... સત્ય અહિંસાનો રાહ બતાવ્યો, ક્ષમાનાં અમૃત દીધા દીધા ..... મારા

હે ..... ભવનાં મુસાફર ભાવે વિનવે, ભવસાગરથી તારો તારો ..... મારા

## મારા દાદાને દરબારે

મારા દાદાને દરબારે ઢોલ વાગે છે, વાગે છે ઢોલ વાગે છે ..... મારા

ગામગામના માળીડા આવે છે, આવે છે શું શું લાવે છે,
આવે છે ફુલડાં લાવે છે, મારા દાદાને ફુલડાં ચડાવે છે ..... મારા

ગામગામના સોનીડા આવે છે, આવે છે શું શું લાવે છે,
આવે છે મુગટ લાવે છે, મારા દાદાને મુગટ પહેરાવે છે ..... મારા

ગામગામના ઝવેરી આવે છે, આવે છે શું શું લાવે છે,
આવે છે હીરલાં લાવે છે, મારા દાદાને હીરલા પહેરાવે છે ..... મારા

## એકવાર શાંતિનાથદાદા

એકવાર એકવાર શાંતિનાથદાદા, મારા મંદિરીયે આવો ને, (૨)
આવો મારા વ્હાલા તમને, કરું કાલાવાલા,
મારા આંગણિયા શોભાવોને ..... એકવાર

શ્રદ્ધાના લીલુડા તોરણ બંધાવીયા, તોરણ બંધાવી વાટ તારી જોતાં,
મારા આંગણિયા શોભાવોને ..... એકવાર

ભાવનાનાં પુષ્પોથી તમને વધાવીશું, લેવો મારે અમુલખ લ્હાવો રે ..... એકવાર

નાની શી ઝુંપડી ને મન મારા મોટા, એમાં હું તમને સમાવું રે ..... એકવાર

માયા ને મુડીમાં એક તારું નામ છે, એક તારું નામ છે ને બીજુ મારું કામ છે,
મારા આંગણિયા શોભાવોને ..... એકવાર

## તું પ્રભુ મારો

તું પ્રભુ મારો, હું પ્રભુ તાહરો, ક્ષણ  એક મુજને નાહિ વીસારો,
મહેર કરી મુજ વીનંતી સ્વીકારો, સ્વામી સેવક જાણી નીહાળો.

લાખ ચોરાશી ભટકી પ્રભુજી, આવ્યો હું તારે શરણે હો જીનજી,
દુર્ગતિ વારો શીવસુખ આપો, ભકત હ્યદયને નીજપદ સ્થાપો ..... તું પ્રભુ

અક્ષય ખજાનો પ્રભુ તાહરો ભર્યો છે, આપ કૃપાળુ મેં હાથ ધર્યો છે,
વામાનંદન જગ વંદન પ્યારો, દેવ અનેરા માંહે તું છે ન્યારો ..... તું પ્રભુ

પલપલ સમરું નાથ શંખેશ્વર, સમરથ તારણ તું હી જીનેશ્વર,
પ્રાણ થકી તું અધિકો વ્હાલો, દયા કરી મુજને નેહે નીહાળો ..... તું પ્રભુ

ભકત વત્સલ તારું બિરુદ જાણી, કેડ ન છોડું એમ લેજો જાણી,
ચરણોની સેવા નિત નિત ચાહું, ઘડી ઘડી મનમાંહે હું ઉમાહું ..... તું પ્રભુ

જ્ઞાનવિમલ તુજ ભકિત પ્રભાવે, ભવોભવનાં સંતાપ સમાવે,
અમીય ભરેલી તારી, મુરતી નિહાળી, પાપ અંતરનાં દેજો પખાળી . તું પ્રભુ

## પેલા શેત્રુંજયના

પેલા શેત્રુંજયના ડુંગરવાળા દાદા બોલાવે,
સૌને બોલાવે જાત્રા કરવા બોલાવે ..... પેલા

હું સેવક છું તાહરો, તું પ્રભુ છે મારો,
ભવસાગરથી તરવા એ તો સૌને બોલાવે ... .. પેલા

જાત્રા કરો પ્રેમથી ને, ડુંગર ચઢો ભાવથી,
દાદા એનાં દર્શન કરવાં સૌને બોલાવે ..... પેલા

પાલિતાણા સૌથી મોટું જાત્રાનું ધામ છે, રૂડું ને રળીયામણું જોવા જેવું ધામ છે,
દાદા એની પુજા કરવાં સૌને બોલાવે ..... પેલા

લાખેણી બોલી ત્યાં તો ભાવથી બોલાય છે, આ જીવનનો લ્હાવો લેવા સૌને બોલાવે,
મુક્તિનો મારગ એ તો સૌને બતલાવે ..... પેલા

## ઘોર અંધારી રે

(રાગઃ ઘોર અંધારી રે રાતલડીમાં ......)

ઘોર અંધારી રે, રાતલડીમાં સપના દીઠા ચાર,

પહેલે સપને રે, દીઠા મેં તો પાવાપુરી ધામ;
આવજો આવજો રે, સાથે મળી સૌ પાવાપુરી ધામ,
ભેટવા આવજો રે, પાવાપુરીમાં મહાવીરસ્વામી ભગવાન ..... ઘોર અંધારી રે

બીજે સપને રે, દીઠા મેં તો સિદ્ધાચલજી ધામ;
આવજો આવજો રે, સાથે મળી સૌ સિદ્ધાચલજી ધામ,
ભેટવા આવજો રે, સિદ્ધાચલમાં આદેશ્વર ભગવાન ..... ઘોર અંધારી ર

ત્રીજે સપને રે, દીઠા મેં તો શંખેશ્વરજી ધામ;
આવજો આવજો રે, સાથે મળી સૌ શંખેશ્વરજી ધામ,
ભેટવા આવજો રે, શંખેશ્વરમાં પાર્શ્વનાથ ભગવાન ..... ઘોર અંધારી રે

ચોથે સપને રે, દીઠા મેં તો ગિરનારજી ધામ;
આવજો આવજો રે, સાથે મળી સૌ ગિરનારજી ધામ,
ભેટવા આવજો રે, ગિરનારમાં નેમનાથ ભગવાન ..... ઘોર અંધારી રે

## ઓ મુલેવા સેવક તેરે હમ

(રાગઃ ઐ માલિક તેરે બંદે હમ……)

ઓ મુલેવા સેવક તેરે હમ, દર્શન સે ટલે સબકે ગમ,
તેરી સેવા કરે, ભવપાર તરે, તેરી ભકિત કરે હરદમ ….. ઓ મુલેવા

ક્ષમાદાતા તુમ્હી હો બડે, હમ આંગન તુમ્હારે ખડે,
પર એસા જહાં, જિસમેં રહેના કહાં, સ્વાર્થી અંધોકી નહી હો કમી;
અબ તું હી સફલ કર જનમ, તેરી ભકિત કરે હરદમ ….. તેરી સેવા

ઘરઘરમે હૈ ટંટા યહાં, ભાઇ ભાઇમેં સંપ કહાં,
રાગ દ્વેષ ભરે, મોહ માયા કરે, ક્રોધ અગ્નિમેં જલજલ મરે;
ઓ દયાળુ દીખાઓ ધરમ, નહી ઉનકોં જરા ભી શરમ ….. તેરી સેવા

દુઃખદાયી હૈ આઠો કરમ, આજ મુશ્કિલ હૈ જિસમેં ધરમ,
પર તુમ જો મીલે, મેરે ભાગ્ય ખીલે, મેરી ભકિતમેં નહી હો ભરમ;
તેરી આજ્ઞા ઉઠાયેંગે હમ, નીકલેંગે મીલાકે કદમ ….. તેરી સેવા

યે પ્રતિજ્ઞા તેરે સામને, ___________ કરે (૨)
બીડા હમનેં લીયા, હય યે નિશ્ચય કીયા, જ્યોતિ પ્રગટાયેંગે હર કદમ;
દેજો આશિષ હે ભગવન (૨) ….. તેરી સેવા

## સેવા હો મુક્તિ મેવા

(રાગઃ ગંગા મૈયા મેં જબ તક......)

સેવા, હો મુક્તિ મેવા..... (૨)
હો મારા હૈયાની સેવા સ્વીકારો પ્રભુ,
મને મુક્તિનાં મેવા ચખાડો પ્રભુ, ચખાડો પ્રભુ ..... સેવા

હો...આપું જનમોજનમથી પરીક્ષા, હવે પરિણામની છે પ્રતિક્ષા,
મારા જન્મોનો અંત કયારે આવે ભગવંત;
મારા મનડાની ચિંતા મટાડો પ્રભુ, મટાડો પ્રભુ .....સેવા

મેં તો રાખી નથી કોઇ ખામી, તોયે રીઝયા નહીં કેમ સ્વામી,
મારો શું છે અપરાધ, હું તો શોધુ દિનરાત;
મારી ભક્તિની ખામી સુધારો પ્રભુ, સુધારો પ્રભુ ..... સેવા

બોઝો ભવનો ઘણો મેં ઉપાડયો, લાંબો મારગ પ્રભુ મેં ખુટાડયો,
હવે લાગે છે થાક, થોડો લંબાવો હાથ;
મારા માથેથી બોજો ઉતારો પ્રભુ, ઉતારો પ્રભુ ..... સેવા

## ટહુકા કરતો જાય

ટહુકા કરતો જાય મોરલો, ટહુકા કરતો જાય,
ગુણલા ગાતો જાય મોરલો, ટહુકા કરતો જાય.

પહેલે ટહુકે ઉડીને આવ્યો, પાલીતાણા ધામ,
પાલીતાણામાં બીરાજે છે, આદેશ્વર ભગવાન;
આદેશ્વરની આંગી જોતાં ભુલી ગયો ઘરબાર ..... મોરલો

બીજે ટહુકે ઉડીને આવ્યો, પાવાપુરી ધામ,
પાવાપુરીમાં બીરાજે છે, મહાવીરસ્વામી ભગવાન;
વીર પ્રભુના સમવસરણની શોભાનો નહી પાર ..... મોરલો

ત્રીજે ટહુકે ઉડીને આવ્યો, શંખેશ્વર મોઝાર,
શંખેશ્વરમાં બીરાજે છે, પારસનાથ ભગવાન;
પાર્શ્વપ્રભુનું મુખડું જોતાં થઇ ગયો બેડો પાર ..... મોરલો

ચોથે ટહુકે ઉડીને આવ્યો, ગિરનારજી ધામ,
ગિરનારમાં બીરાજે છે, નેમનાથ ભગવાન;
નેમનાથના દર્શન કરતાં આવ્યું સંયમ યાદ ..... મોરલો

## તમે ઝુલો તો તમને

તમે ઝુલો તો તમને ઝુલાવું મહાવીર, હૈયામાં બાંધ્યો મેં હીંચકો,
તમે હીંચો તો તમેને હીંચાવું મહાવીર, હૈયામાં બાંધ્યો મેં હીંચકો.

મારગડે નાથ હું તો ફુલડાં વેરાવું,
આંગણિયે પ્રભુ હું તો તોરણ બંધાવું;
તમે આવો પધારો દયાળુ ભગવાન, હૈયામાં બાંધ્યો મેં હીંચકો ..... તમે

ઉંચા આરસ નથી, સોનાના ઓરડા,
હીરા માણેક નથી, રેશમનાં દોરડા;
હૈયાનાં હેતે ઝુલાવું મહાવીર, હૈયામાં બાંધ્યો મેં હીંચકો ..... તમે

ભાવનાના પુષ્પે પ્રભુ, તમને વધાવું,
અંતરના પ્રેમેથી હું, આરતી ઉતારું;
સેવકની વીનંતી સ્વીકારો મહાવીર, હૈયામાં બાંધ્યો મેં હીંચકો ..... તમે

મહાવીર સ્વામી મારા, મન મંદિરે બીરાજો,
પ્રત્યક્ષ આવીને, મને દર્શન આપજો;
ભવોભવનાં ફેરા ટળી જાય મહાવીર,
ટળી જાય, ભવપાર તરી જાય મહાવીર, હૈયામાં બાંધ્યો મેં હીંચકો ..... તમે

## શ્રાવણ નો મહિનો

(રાગઃ સાવન કા મહિના, પવન કરે શોર......)

શ્રાવણનો મહિનો, છે તપનો એ માસ,
આતમ ઉલ્લાસે રે, તપ કરો ખાસ.

પર્વ પર્યુષણ વરસનો સાર, મહિમા અઠ્ઠાઈનો અપરંપાર,
અઠ્ઠમ પચક્ખાણ, શ્રી ગુરૂજીની પાસ ..... આતમ

અમર પળાવો, કલ્પને લાવો, ધ્યાન ભક્તિની ધુન જગાવો,
શાસનદેવી રે, પુરે મનની આશ ..... આતમ

માસક્ષમણનો મહિમા મોટો, સોળ ચારનો જગમાં ન જોટો,
ક્રોધ, કસાય, ન લાવો પાસ ..... આતમ

ખાવું, પીવું ને મોજ મજાયે, મુરખ કેરા મનમાં થાયે,
ચેતન ચતુરને તપની સુવાસ ..... આતમ

વિષ્ણુ કુમારને ગૌતમ ગુરૂવર, મહાવીર જિનવર, તપમાં પ્રવર,
__________ ગાવે, હો ભવોભવ કેરો નાશ ..... આતમ

## મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયુ મારૂ નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે;
દીન, ક્રુર ને ધર્મવિહોણાં, દેખી દીલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.

માર્ગ ભુલેલાં જીવન પથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તો યે સમતા નિત્ય ધરું;
શ્રી વીર પ્રભુની ધર્મભાવના, હૈયે સહુ માનવ લાવે,
વેર ઝેરના ભાવ ત્યજીને, મંગળ ગીતો એ ગાવે.

## ખોટા રસ્તે આવેલી રકમ

(રાગઃ જીંદગી પ્યારકા ગીત હૈ ......)

ખોટા રસ્તે આવેલી રકમ, ખોટા રસ્તે એ ચાલી જવાની,
ટીપે ટીપે ભરેલી તિજોરી, ખોબે ખોબે એ ખાલી થવાની ..... ખોટા રસ્તે

સ્હેજે પરસેવો પાડયા વગર, એને કરવા છે પૈસા ડબલ,
વ્યાજની વાત તો વ્યાજ પર, એની મુડી યે ડુબી જવાની ..... ખોટા રસ્તે

કોઇ જીતે છે જુગારમાં, કોઇ લુંટે છે વ્યાપારમાં,
મોટા રોગોનાં ઉપચારમાં, એની આવક વપરાઇ જવાની ..... ખોટા રસ્તે

લાંચથી કોઇ ખીસ્સા ભરે, કોઇ ગોટાલા મોટા કરે,
કદી કુદરતનો ફટકો પડે, સાહિબી સૌ સુકાઇ જવાની ..... ખોટા રસ્તે

ગ્રાહકોને કોઇ છેતરે, દોઢા બમણા જે ભાવો કરે,
જ્યારે સંતાનો લફરા કરે, ત્યારે પોલીસ ફાવી જવાની ..... ખોટા રસ્તે

કોઇ શિક્ષક વ્યાપારી બને, ડોક્ટરો ધંધાદારી બને,
ભલે લાખોની નોટો ગણે, એની પ્રજા ઉડાવી દેવાની ..... ખોટા રસ્તે

સાચા રસ્તે આવેલી રકમ, સાચા રસ્તે બચત વાપરે,
પ્રભુની બેંકમાં જો ભરે, મુકિતરૂપે એ પાછી મળવાની ..... ખોટા રસ્તે

## <u>શાંતિનાથ દાદા રે</u>

(રાગઃ હોઠો સે છુલો તુમ ......)

શાંતિનાથ દાદા રે, મારી અરજ સ્વીકારો રે,
મારા ભવનાં ભેરૂ બની, મારૂ જીવન સુધારો રે.

દાદા તારા દર્શનથી, દુઃખડાઓ ભાગે છે,
તારા ગુણલા ગાવાથી, હ્યદય આનંદ પામે છે;
મોહ માયાના બંધનથી, આપો અમને છુટકારો ..... મારા ભવનાં

મારી જીવન કેરી નાવ, અધવચ્ચે અટવાતી,
એ નૈયાને પ્રભુજી, બસ તારો સહારો છે;
સુકાની બનીને પ્રભુજી, નૈયા પાર ઉતારો રે ..... મારા ભવનાં

## આવે છો ને સંકટ હજારો

(રાગઃ દાદા તારે દ્વારે અમે આવ્યા ......)

આવે છો ને સંકટ હજારો, ભગવાન ભરોસો એક તારો,
મારગ મારો છો ને કાંટાળો, ભગવાન ભરોસો એક તારો.

વિઘ્નો હજારો નડયા છે ને નડશે, છતાં મારો નિશ્ચય કદીયે ના ફરશે,
હું ભકત છું તારો, ને પાછો સ્વમાની, બીજાને કદીયે ના ઝુકયો ના ઝુકશે;
ફરૂ છું હું જગમાંનો તારો (૨) ..... ભગવાન ભરોસો

આ જીવનની નૈયાનો તું છે સુકાની, પ્રભુ હાથ ઝાલીને લેજે ઉગારી,
ભલે આવે આંધી ને નૈયા ડુબાવે, મુસીબતોમાં યે હું નહીં જાઉ હારી;
જડતો નથી કોઇ કિનારો (૨) ..... ભગવાન ભરોસો

ભલે આખી દુનિયા ગમે તેમ બોલે, મેં માથુ ઝુકાવ્યું પ્રભુ તારે ખોળે,
આ જીવનની જયોતિ બુઝાવા જો લાગે, હું રાહ જોઉ છું તારી કાગની ડોળે;
આસુંભરી અરજી સ્વીકારો (૨) ..... ભગવાન ભરોસો

## હું છું અનાથ મારો

હું છું અનાથ મારો ઝાલજો રે હાથ, મારો ઝાલજો રે હાથ,
વિનવું છું પ્રભુ પારસનાથ (૨),
હું છું પ્રવાસી નથી કોઇનો સંગાથ,
વિનવું છું પ્રભુ શાંતિનાથ (૨).

સગાં સંબંધી સ્નેહીઓ સૌ, તો યે નિરાધાર,
એકલવાયો છું આ અવનીમાં, તારો છે આધાર;
જાવું છે દુર દુર દેજો રે સાથ ..... વિનવું

ભડભડતી આગમાંથી નાગને ઉગાર્યો, નયનોથી વરસાવી નેહ,
સંસાર તાપે હું યે બળું છું, ઉગારો લાવીને નેહ;
દીનબંધુ છો દીનોના નાથ ..... વિનવું

મુક્તિનગરમાં જાવું છે મારે, વચમાં છે સાગર મોટો,
આગળ જાઉ ત્યાં પાછો પડું છું, મારગ મળીયો ખોટો;
તારજો હો પ્રભુ ત્રિભુવનના નાથ ..... વિનવું

## ઈલાચીકુમાર

એક હતો ઈલાચીકુમાર ને વૈભવમાં રહેનાર,
મા-બાપનો પ્રાણથી પ્યારો, નમણો ને મન હરનારો,
જાણે દેવ તણો અવતાર, એ તો હતો ઈલાચીકુમાર.

(રાગઃ રમૈયા વતા વૈયા ......)

એક દિન એવી નારી ઈલાચીએ નીહાળી, (૨)
નારી જાને કામણગારી, નારી જાને કામણગારી ..... એક દિન
નારી છમછમ નાચે, ઢોલ ઢમઢમ બાજે,
જાણે ધરતીએ એકવાર ડોલી લીધું,
ઝાંઝરીનાં ઝણકાર, આંખડીના અણસાર,
એણે ઈલાચીનું ચિત્ત ચોરી લીધું (૨),
ના ગમે રાજદુલારી, ના કોઈ રૂપકુમારી,
એને તો નટડી પ્યારી, એને તો નટડી પ્યારી ..... એક દિન

(રાગઃ ટહુકા કરતો જાય મોરલો ......)

નટડી પ્યારી થઈ, ઈલાચીને નટડી પ્યારી થઈ,
લગની લાગી ગઈ, ઈલાચીને નટડી પ્યારી થઈ.
પરણું તો હું એને પરણું, એવો કરે નિરધાર,
માળા જપતો નટડી કેરી, જંપે ના પળવાર;
નીંદરડી (૨) વેરણ થઈને રહી, ઈલાચીને નટડી પ્યારી થઈ.

(રાગઃ મન ડોલે મેરા તન ડોલે ......)

મન મોહ્યું, મારૂ નત મોહ્યું, એમ બોલે ઈલાચીકુમાર રે,
મને નટડી સાથે પરણાવો (૨)
વાત સુણીને માતપિતાના દીલમાં દુઃખ ઉભરાયું,
કયાં નટડી, કયાં નગરપતિ તેં તો કુળનું નામ લજાવ્યું, (૨)
સમજાવ્યો, વળી ધમકાવ્યો, પણ હઠ ના છોડે કુમાર રે,
મને નટડી સાથે પરણાવો (૨)

(રાગઃ દેખ તેરે સંસાર કી હાલત ......)

નટડી પાછળ પાગલ થઈને છોડયાં નિજ ઘરબાર;
ઈલાચી નટ બનવાને જાય (૨)
માતપિતા કલ્પાંત કરે, આંખે આંસુની ધાર,
ઈલાચી નટ બનવાને જાય (૨)
મોહરાય શું ખેલ કરાવે, માધાંતાને રંક બનાવે,
ઋષિમુનીઓનાં તપ છોડાવે, શ્રેષ્ઠિપુત્રને વાંસ ચઢાવે;

નાયક કહે ઈલાચીને જો તું રીઝવે કોઈ રાય,
તો આ કન્યાનો સ્વામી તું થાય.

(રાગઃ લે કે પહેલા પહેલા પ્યાર ......)

બાંધ્યા ઉંચા ઉંચા તાર, વાગે ઢોલકનાં ઢમકાર,
નટવર નાચે, નિહાળે, રાજાનો દરબાર,
નીચે કુદડી ફરતી નાર, જાણે વીજળીનો ચમકાર,
નટડી નાચે, નિહાળે, રાજાનો દરબાર ..... બાંધ્યા
રૂપ જોઈને રાજાની દાનત બગડી,
નટ જો મરે તો મને મળે પ્યારી નટડી,
રીઝયા સઘળા નર ને નાર, રાજા રીઝયો ના લગાર,
નટવર જાણે, રાજાનો, કપટ નિરધાર;
મારે મેળવવું સન્માન, રાજા માંગે મારો જાન,
નટવર જાણે, રાજાનો, કપટ નિરધાર ..... બાંધ્યા

(રાગઃ તું પ્યાર કા સાગર હૈ ......)

ફરી આકાશે નાચે છે, અવનવા ખેલ બતાવે છે,
ત્યાં તો એક હવેલીમાં, અનુપમ દશ્ય નિહાળે છે ..... ફરી આકાશે
જોબનવંતી નાર વ્હોરાવે, મનમાન્યો આહાર,
સંયમભાવે મુનિવર વ્હોરે, ધન ધન એ અવતાર;
હું મોહ્યો નટડીમાં, ઈલાચી આંસુ વહાવે છે ..... ફરી આકાશે

(રાગઃ ઓ દુર કે મુસાફીર ......)

કર્મે મને નચાવ્યો, બજાણીયો બનાવ્યો,
મોંઘેરો માનવીનો, અવતાર મેં ગુમાવ્યો.
નટડીમાં મોહ પામી, માતાપિતા વિસાર્યા,
કુળનાં અમુલ્ય ઉંચા સંસ્કાર મેં લજાવ્યા;
નગરો નગર ભમીને નાટક કરી બતાવ્યા,
ફટ રે તને ઈલાચી, તું મોહમાં ફસાયો.

(રાગઃ પલ ભર જો ઉધર મુહ ફેરે ......)

એમ વાંસ ઉપર શુભ ધ્યાવે, ભવોભવનાં કર્મ ખપાવે,
વળી અંતર દીપ પ્રગટાવે, પામે કેવળજ્ઞાને.
પામે મંગળ કેવળજ્ઞાને, ધનધન ઈલાચીકુમાર રે.

## સેવક કબ દુર પ્રભુ સે

(રાગઃ સુરજ કબ દુર ગગન સે ......)

સેવક કબ દુર પ્રભુ સે, કબ દુર પ્રભુ ભકતો સે,
ये જિનવર તો તારણહારા હૈ, ભકતો કા પ્યારા હૈ .....

મેરે વીર પ્રભુજી પ્યારે, સબકી આંખો કે તારે,
ભુલે ભટકે રાહી કો, પ્રભુજી પાર ઉતારે;
તુજકો હમ નિશદિન ધ્યાયે, ચરણોમેં શીશ ઝુકાયે (૨) ..... યે જિનવર તો

ભવસાગરમેં ડુબ ગયા પ્રભુ, બેડા પાર લગાના,
જનમ જનમ તેરી ભકિત માંગુ, ઓ દેવાધિદેવા;
જો દ્વાર પે તેરે આયે, ઉસે શીવપુર તુ લે જાયે (૨) ..... યે જિનવર તો

# <u>તારી આંગી</u>

(રાગઃ તુ ચીજ બડી હે ......)

તારી આંગી બની કેવી મસ્ત! મસ્ત! , તારી આંગી બની છે મસ્ત!
પ્રભુ ભકિત કરીએ આજ આજ, ભવસાગર તરીએ આરપાર
મુખ તારું કેવું શોભે આજ, ભકિતમાં ભુલ્યાં અમે સાન ભાન ..... તારી આંગી

લાગી અમને સંસારની માયા, ધન વૈભવમાં અમે ખુબ ફુલાયા (૨),
ડોલ રહી નૈયા આજ આજ, ભવસાગરમાં મઝધાર આજ,
પ્રભુ અમને ઉતારો આરપાર, વીનંતી કરીએ અમે આજ આજ ..... તારી આંગી

મનડું મારું તારામાં ડુબ્યું, થઈ જા મારો તું સથવારો (૨)
અમે આવ્યા તારે દ્વાર દ્વાર, કરજો મારો ઉધ્ધાર આજ,
સેવક જાણીને ઓ જિનવર, આ ભવથી કરો મને મુકત મુકત ..... તારી આંગી

## જાનાર તો જતાં રહ્યાં

(રાગઃ જાને કહાં ગયે વો દિન ......)

જાનાર તો જતાં રહ્યાં, સદ્ગુણ એનાં સાંભળે,
લાખો લુંટાવો તોય એ, મરનાર પાછા ના મળે (૨) ..... જાનાર તો

વૈભવ મળે, કિર્તિ મળે, ગયેલી લક્ષ્મી સાંપડે,
પૈસો મળે આ જગતમાં, મરનાર પાછા ના મળે (૨) ..... જાનાર તો

વૈદ્યો, હકીમો, ડોકટરો, વિજ્ઞાનીઓ મોટા ભલે,
પણ એ જીવન પાછું ના મળે (૨) ..... જાનાર તો

લાખો લડાવી લાડ જેણે, પ્રેમથી મોટા કર્યાં,
એ માવતરની મીઠી છાયા, કયાંય જગમાં ના મળે (૨) ..... જાનાર તો

ઉતારી માયા દેહની ભલે, ખંત ભરેલી ખાલને,
તો પણ એના ઉપકારનો, બદલો જીવનમાં ના મળે (૨) ..... જાનાર તો

## મુક્તિપુરીના સ્વામી

(રાગઃ દુનિયા બનાનેવાલે ......)

મુક્તિપુરીનાં સ્વામી, સાંભળો અરજ અમારી,
અમને દેખાડો નગરી તમારી, અમને દેખાડો નગરી તમારી.

ખુબ ભમ્યાં અમે આ જંગલમાં, આશા લઈને એક જ મનમાં,
મળશે કદી ના કદી મીઠો વીસામો (૨), છોડી દઈશું ત્યારે સઘળો ઉધામો,
થાકયાં અમે તો હવે, આશા ફળી ના અમારી ..... અમને દેખાડો

આ જંગલનાં ભોજન પ્યારાં, રંગ અનેરાં સ્વાદ નિરાળા,
ખાવાનું તો કોઈ ટાણું ના ચુકયાં (૨), તોયે રહ્યાં અમે ભુખ્યાં ને ભુખ્યાં,
જાગે છે વારે વારે, ભુખ આ ભાંગો અમારી ..... અમને દેખાડો

આ જંગલના શીતલ પાણી, આગ શરીરની સહેજે ના બુઝાણી,
આતમને એ તો લાગે રે આકારા (૨), ઝંખે સદા એ તો મુક્તિની ધારા,
તરસ્યાં જુગ જુગનાં સ્વામી, પ્યાસ છીપાવો અમારી ..... અમને દેખાડો

## ભાદરવો મહિનો

(રાગઃ સાવનકા મહિના ......)

ભાદરવો મહિનો, ધર્મનું ચાલે જોર,
ત્રિશલાની કુખે જન્મ્યાં, મારા ચિત્તડાંનાં ચોર.

પિતા સિધ્ધારથ રાજા તમારાં, ત્રિશલાં દેવીનાં છો રે દુલારા,
નરકે થયો રે, દિવ્ય જયોતિ પ્રકાશ ..... ત્રિશલાની કુખે

દેવદેવી સૌ મળીને આવે, જન્મ મહોત્સવ કરે હર્ષ ભાવે,
થનગન થનગન ઉછળે, આનંદની છોળ ..... ત્રિશલાની કુખે

માતા ત્રિશલા પ્રીત હુલરાવે, મધુર સુમધુર ગીતડાં ગાવે,
સોનાનો હિંડોળો ને રેશમની છે દોર ..... ત્રિશલાની કુખે

મહાવીર નામ છે મોહનગારું, સુણતાં ગાતાં લાગે પ્યારું,
જૈન શાસનનો, ધ્વજ ફરકયો છે ઓર ..... ત્રિશલાની કુખે

## દાદાજીના દેરા ઉપર

(રાગઃ અંબે માં ના દેરા પાછળ ......)

દાદાજીના દેરા ઉપર ટેહુક ટેહુક બોલે,
ઓ મોરલા તારી (૨) બોલી મને મીઠી મીઠી લાગે;
શત્રુંજયના ડુંગર ઉપર મસ્ત થઇ તું ડોલે,
ઓ મોરલા તારી (૨) બોલી મને મીઠી મીઠી લાગે .

કાનમાં કુંડળ શોભે, તારા માથે મુગટ શોભે (૨),
દાદા તારી આંગી આજે લાગે ઝાકમઝોળ ..... ઓ મોરલા

ભકતોને તું દર્શન દેતો, દુઃખડાં દેતો ટાળી (૨),
તારા શરણે આવે સહુ હળીમળીને ડોલે ..... ઓ મોરલા

ત્રણે લોકનાં સ્વામી તમે, સર્વ શકિતશાળી (૨),
તારા ગુણલાં ગાતા સ્વામી હૈયું મારું ડોલે ..... ઓ મોરલા

## હે શંખેશ્વર સ્વામી

હે શંખેશ્વર સ્વામી, પ્રભુ જગ અંતર્યામી,
તમને વંદન કરીએ (૨), શીવસુખના સ્વામી. હે શંખેશ્વર સ્વામી

મારો નિશ્ચય એક જ સ્વામી, બનું તમારો દાસ (૨),
તારા નામે ચાલે (૨), મારા શ્વાસોચ્છવાસ ..... હે શંખેશ્વર સ્વામી

દુઃખ સંકટને કાપો સ્વામી, વાંછીતને આપો (૨),
પાપ અમારા હરજો (૨), શીવસુખને દેજો ..... હે શંખેશ્વર સ્વામી

નિશદિન હું માંગું છું સ્વામી, તુમ શરણે રહેવા (૨),
ધ્યાન તમારું ધ્યાવું (૨), સ્વીકારજો સેવા ..... હે શંખેશ્વર સ્વામી

રાત દિવસ ઝંખુ છું સ્વામી, તમને મળવાને (૨),
આતમ અનુભવ માંગુ (૨), ભવદુઃખ ટળવાને ..... હે શંખેશ્વર સ્વામી

કરૂણાનાં છો સાગર સ્વામી, કૃપા તણાં ભંડાર (૨),
ત્રિભુવનનાં છો નાયક, જગનાં તારણહાર ..... હે શંખેશ્વર સ્વામી

## ત્રિશલા માતા પારણું ઝુલાવે

ત્રિશલા માતા પારણું ઝુલાવે, મહાવીર પોઢે રે,
રેશમ દોરે માત હીંચોળે, મહાવીર પોઢે રે ..... હાલુ લુલુ હાલ .... ત્રિશલા

મધુર મધુર હાલરડાં ગાતી,
અંતર કેરાં અમીરસ પાતી;
ત્રિશલા રાણી ગીત સુનાવે,
મહાવીર પોઢે રે ..... હાલુ લુલુ હાલ .... ત્રિશલા

વીર થજે મારા બાળ જગતમાં,
ધીર ગંભીર થજે તું જીવનમાં;
સ્નેહ થકી તુજ જીવન ભરજે,
આ સંસારે રે ..... હાલુ લુલુ હાલ .... ત્રિશલા

## ઝુલો ઝુલો વીર

ઝુલો ઝુલો વીર, મારા પારણીયામાં ઝુલો, રૂડા હાલરીયામાં ઝુલો,
સોના કેરું પારણું ને ઉપર જડીયા હીરા, રેશમ દોરે માત હીંચોળે (૨)
પારણીયામાં ઝુલો, રૂડા હાલરીયામાં ઝુલો.

ઈન્દ્ર ઈન્દ્રાણી મળી હુલરાવે, સુર નરનારી આવે,
મધુર કંઠે ગાય હાલરડાં, વીરને સ્નેહે ઝુલાવે ..... મારા

ઝીંકે ભરીયું આંગડીયું ને, ઝરીની ટોપી માથે,
લાવ્યાં રમકડાં રમવા કાજે, મેવા મીઠાઈ સાથે ..... મારા

માતા ત્રિશલા હળવે હળવે, મુખથી એમ વદંતી,
મોટો થાજે, ભણવા જાજે, આશિષ દેઈ હસંતી ..... મારા

પરણાવીશ હું નવલી નારી, બહુ ગુણવંતી તુજને,
માતપિતાના કોડ જ પુરજે, હોંશ હૈયે છે મુજને ..... મારા

જૈન શાસનમાં તું એક પ્રગટયો, આંગણ મારે દીવો,
કર્મને કાપી, ધર્મને સ્થાપી, અમૃત રસને પીવો ..... મારા

ધર્મ દેશના આપી જગને, ઉધ્ધારજે જગ સ્વામી,
આત્મ સાધના સાધી વરજે, વિજય શીવ પટરાણી ..... મારા

## જાત્રા કરવાનાં

(રાગઃ સંદેશે આતે હે ......)

જાત્રા કરવાનાં, પ્રભુ ગુણ ગાવાનાં,
પ્રભુને ભેટવાનાં, કે પાવન થાવાનાં;
કે કર્મો ખપાવાનાં, કે ભવથી છુટવાનાં,
કે બંધન તોડવાનાં,
હો સ્વામી મુક્તિનાં પંથે જાવાના.

આ તન ખોયું છે, જુવાની જાયે છે,
બુઢાપો આવે છે, આ જીવન જાયે છે;
કે બચપન ખેલકુદમાં,
જુવાની ફરવામાં;
બુઢાપો ભક્તિમાં, પ્રભુજે ભજવામાં,
સિધ્ધાચલ જાવાનાં, શિખરજી જાવાનાં,
પાવાપુરી જાવાનાં, નાગેશ્વર જાવાનાં;
રાણકપુર જાવાનાં, જીરાવલા જાવાનાં,
હો અમે તારા ચરણોમાં રહેવાનાં ..... જાત્રા કરવાનાં

પ્રભુ તું તારે છે, પ્રભુ ઉગારે છે,
પ્રભુ સંભાળે છે, એ કરૂણાસાગર છે;
ભરોસો તારો છે, ભકતને પ્યારો છે,
તુ જગનો તારો છે, તું જગથી ન્યારો છે,
અજીતનાથ પુજવાનાં, વિમલનાથ પુજવાનાં,
શંખેશ્વરા પુજવાનાં, અનંતનાથ પુજવાનાં,
શાંતિનાથ પુજવાનાં, મહાવીરસ્વામી પુજવાનાં,
હો અમે તારા જેવાં પ્રભુ થવાનાં ..... જાત્રા કરવાનાં

## જાગ્યો રે આતમા

(રાગઃ આધા હે ચંન્દ્રમાં રાત આધી ......)

જાગ્યો રે આતમા, આશ જાગી,
મુક્તિનાં અમૃતની પ્યાસ જાગી, અભિલાષ જાગી. જાગ્યો રે આતમા

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે વૈભવ અળખામણાં લાગે,
લાગે ખારો સંસાર, લાગે પ્યારો અણગાર,
એને સંયમનાં પંથની લગની લાગી ..... જાગ્યો રે આતમા

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે બંધન સંસારના ત્યાગે,
ત્યાગે સખીઓનો પ્યાર, ત્યાગે સઘળો પરીવાર,
એણે વસ્ત્રાલંકારોની પ્રીત ત્યાગી ..... જાગ્યો રે આતમા

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે અંધારા દુર દુર ભાગે,
ભાગે પાતકનો ભાર, ભાગે અવગુણની જાળ,
એના મારગના કંટકો જાય ભાગી ..... જાગ્યો રે આતમા

જ્યારે આતમનો દીવડો જાગે, ત્યારે સદ્ગુરૂનો આશરો માંગે,
માંગે કર્મોનો નાશ, માંગે શિવપુરનો વાસ,
એણે ભવોભવનાં દુઃખમાંથી મુક્તિ માંગી ..... જાગ્યો રે આતમા

## મારે ભક્તિ તમારી કરવી

(રાગઃ યે દેશ હે વીર જવાનો કા ......)

મારે ભક્તિ તમારી કરવી છે, મારે મુક્તિ નગરમાં જાવું છે,
મને પાર ઉતારો જિનવરીયા, મને મુક્તિ આપો જિનવરીયા.

ભવસાગરમાં ભગવાન મળ્યો,
મને તારા જેવો નાથ મળ્યો ..... મને પાર ઉતારો

પ્રભુ વીર જીવનમાં તું જ મળ્યો,
જ્યાં જાઉ ત્યાં નીરકુંજ ભર્યો ..... મને પાર ઉતારો

જેમ સરિતાને સાગર મળતો,
એમ અમને તું વીતરાગ મળ્યો ..... મને પાર ઉતારો

મારા મનમાં વસ્યા છો આપ પ્રભુ,
મારા દિલમાં ચાલે જાપ પ્રભુ ..... મને પાર ઉતારો

# જિનશાસનનો પોકાર

જિનશાસનનો એક જ છે પોકાર, કરજો ક્ષમાપના, બની ઉદાર (૨),
ધર્મ આરાધનાનો એક જ સાર, કરજો ક્ષમાપના, બની ઉદાર ..... જિન શાસન

સૌને ખમાવો અંતરની સાંખે, પશ્ચાતાપની આંસુભરી આંખે, (૨)
કરજો સૌના આતમથી પ્યાર, કરજો ક્ષમાપના, બની ઉદાર ..... જિન શાસન

તુટેલા પ્રીતીનાં, તારોને સાંધો, હૈયે ક્ષમાપનાના તોરણ બંધાવો, (૨)
તુટયાં દિલોમાં ફરી રણઝણશે તાર, કરજો ક્ષમાપના, બની ઉદાર .... જિન શાસન

કરુણાનાં કાજળને, આંખોમાં આંજો, મૈત્રીની માટીથી મનડાને માંજો, (૨)
હેતપ્રીતનાં કરજો રે શણગાર, કરજો ક્ષમાપના, બની ઉદાર ..... જિન શાસન

આંસુ ઉદાસીનાં, અંધારા હરજો, સ્નેહનાં દીવડાં જીવનમાં ધરજો, (૨)
મીચ્છમી દુકકડમનાં ગુંજે રણકાર, કરજો ક્ષમાપના, બની ઉદાર ..... જિન શાસન

## અમે ગ્યા'તા દેરે

(રાગઃ અમે ગ્યા'તા મેળે......)

અમે ગ્યા'તા દેરે, મન,
માણી ગયું પ્રભુ હારે દેરામાં,
હૈયું હરખાઇ ને, મનડું મલકાઇ,
ભકિતનાં રેલામાં, દેરામાં, દેરામાં, દેરામાં ..... અમે ગ્યા'તા

દર્શન કરાવનાર દેરું, શાંતિ અપાવનાર દેરું,
કર્મો ખપાવનાર દેરું, ભાવ જગાડનાર દેરું .... (૨)
હ્યુદયના નાથ, મારા આદિશ્વર પ્રાણ,
તારી ઝંખના ઝંખુ હું દેરામાં ..... હૈયું હણાઇને

નયનોમાં અમીરસ ધારા, ભકતોનાં તારણહારા,
નાભિરાયાનાં દુલારા, મરૂદેવીનાં પ્યારાં .... (૨)
હૈયાનાં હાર, મારા આતમનાં તાર,
તારા દર્શનને આવ્યો છું દેરામાં ..... હૈયું હણાઇને

## જૈનો રે

(રાગઃ દીકરી તો પારકી થાપણ ......)

જૈનો રે,

તીર્થોની યાત્રા કરતાં આતમ પાવન થાય, જનમો જનમનાં ફેરા ટળી જાય.

જે કોઇ ગાય, ભવ તરી જાય, જનમો જનમનાં ફેરા ટળી જાય ..... જૈનો રે

નવ નવ ટુંકો શોભી રહી છે, સિધ્ધાચલની ઉપર (૨),

આદિનાથની કામણગારી, મુર્તિ કેવી સુંદર (૨);

જૈનો રે....દાદાની યાત્રા કરતાં ડુંગર ચઢી જવાય ..... જનમો જનમનાં

ભકત જનોનાં સંકટ ચુરે, વાંછીતને દેનારા (૨),

દુર દેશથી દોડી આવે, ભકત જનોનાં ટોળાં (૨);

જૈનો રે....શંખેશ્વરનાં સ્વામી જેનો મહિમા બધે ગવાય ..... જનમો જનમનાં

મહેસાણામાં સીમંધર સ્વામી, જેની જોડ જડે ના (૨),

ભાવે પ્રભુનાં દર્શન કરતાં, ભવમાં ભુલા પડે ના (૨);

જૈનો રે....મધુર કંઠે ગીત પ્રભુનાં જગમાં ગવાતાં જાય ..... જનમો જનમનાં

## <u>માં શારદા</u>

(રાગઃ સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો ......)

મા સરસ્વતી, વિદ્યાની દેનારી માં તું ભગવતી.

તું મુરખને પંડીત કરતી, અજ્ઞાનપણું તિમિર હરતી,
તું જ્ઞાન પ્રકાશ દિપક ધરતી ..... માં ૧.

અમે દુર દેશાંતરથી આવ્યા, તુમ દર્શને મન ઉલ્લસાયા,
દ્યો વાણીમાં વર સુખદાયા ..... માં ૨.

કેઇ ઋષીમુની તુજ ચરણે નમતાં, વિધવિધ વચને તુજને સ્તવતાં,
માં પ્રસન્ન થઇ કરુણા કરતાં ..... માં ૩.

અમ અજ્ઞાનને દુર કરજો, માં જ્ઞાન પ્રકાશને પાથરજો,
અમ હ્યદયે આવીને વસજો ..... માં ૪.

તુજ નામ સ્મરણ અમે નિત કરીએ, ઐં નમઃ મંત્રને નિત જપીએ,
માં તુજ ચરણમાં નિત રમીએ ..... માં ૫.

## મારી નાવડીમાં

હો નાથ રે ..... હો (૪)
મારી નાવડીમાં કાણાં પડવા લાગ્યાં,
મારી લાજ પ્રભુજી રાખો, મારી લાજ પ્રભુજી રાખો.

વાદળીયો વાસનાની ગરજે, મારું કાળજડું ત્યાં તતડે ..... મારી

વાયરાઓ મોહનાં સુસવાતા, મારા અંગો થરથર થાતાં ..... મારી

આભલેથી ચાંદ સુરજ ઉગે, મારી નૈયા ફરતી લાગે ..... મારી

મને પહોંચાડજો દેવ શીવનાં આરે, મારા પ્રિયદર્શનનાં દ્વારે ..... મારી

## દુઃખીયાને આરામ

(રાગઃ દરશન દેજો નાથ ......)

દુઃખીયાને આરામ, થાકયાંને વિશ્રામ, હે પ્રભુ મહાવીર સ્વામી, એક જ તારું નામ,
જીવન છે સંગ્રામ, ચાલે છે અવિરામ, હે પ્રભુ મહાવીર સ્વામી, એક જ તારું નામ.

ક્ષણભરનું છે સુખ જગતમાં, બાકી દુઃખની છાયા,
માટીની છે કાયા, તોય ના મુકાતી માયા;
ભટકું ઠામોઠામ, ખુટે દિલની હામ ..... હે પ્રભુ

આ ભવસાગર પાર કરું હું, એવી દેજે શકિત,
તારું નામ કદી ના ભુલું, એવી દેજે ભકિત;
જાગે આતમરામ, પામે અવિચળ ધામ ..... હે પ્રભુ

જન્મ અને મૃત્યુની નિરંતર, ફરતી આ ઘટમાળ,
પરવશ થઈને ફર્યા કરું હું, વીતે અનંત આ કાળ;
પીવા ઝેરનાં જામ, ઝેર ભર્યા અંજામ ..... હે પ્રભુ

## <u>હું તો આવ્યો તમારે દરબાર</u>

(રાગઃ મેં તો ભુલ ચલી ......)

હું તો આવ્યો તમારે દરબાર, પ્રભુ મને દર્શન દ્યો,
તારું દર્શન લાગે સુખકાર, પ્રભુ મને દર્શન દ્યો.

કાળ અનંતો મેં ભવમાં ગુમાવ્યો, કયાંય ન તારા દર્શન પાયો,
હો.....પુણ્યોદયે હું પાયો દરબાર ..... પ્રભુ

હૈયામાં મળવાની આશ અનેરી, અંતરમાં પ્રેમની ભકિત ઘણેરી,
હો.....તારા સેવકનો સુણજે પુકાર ..... પ્રભુ

શાંતિનાથ સ્વામી તારા ચરણે હું આવ્યો, તારી ભકિત વીણ કાળ ગુમાવ્યો,
હો.....મારા આતમનો તું છે આધાર ..... પ્રભુ

ધર્મ મારગનું દાન તું આપજે, કીર્તિ જીવનની નૈયા તું તારજે,
હો.....પ્રભુ કરને તું મારો ઉધ્ધાર ..... પ્રભુ

## હૈયું નમે પ્રભુ તારી કને

(રાગઃ આશ ભરીને આવ્યો સ્વામી ......)

હૈયું નમે પ્રભુ તારી કને, બીજે હવે હું જાઉ શાને,
વિનવું છું તને નાથ, ઓ શંખેશ્વરા (૨)

પાર્શ્વ પ્રભુજી આજે, તારે દ્વારે આવીને ઉભો છું,
આશ ભરીને સ્વામી, તારે મંદિરે આવી ગયો છું;
ભવ ભયને દુર કરો, એ છે મારી આશ ..... ઓ શંખેશ્વરા

કામ, ક્રોધાદી, કષાયો, મને પજવે છે દિન ને રાત,
તેહની મુકિત કાજે, હું વિનવું તને વિતરાગ,
શરણું મળે, જીવન તરે, ધર્મ કીર્તનની આશ ..... ઓ શંખેશ્વરા

## મલ્લિ જિણંદ

(રાગઃ આદિ જિણંદ, આદિ જિણંદ, બતાવો ભરતરાજ ......)

મલ્લિજિણંદ, મલ્લિજિણંદ, હું આવ્યો તુમ દરબાર,
કૃપા કરીને આપજો, મને દર્શન હે કિરતાર.

ભવ અટવીમાં ભુલો પડયો છું, મારગ તમારો શોધી રહ્યો છું,
આજ લાવી મારગમાં મને, પ્રભુજી પાર ઉતાર ..... કૃપા કરીને

મોહ માયા મને, ખુબ સતાવે, ક્રોધ, ચંડાળ મને, ખુબ અકળાવે,
લોભ સાગરમાંથી મુજને, આવી તું ઉગાર ..... કૃપા કરીને

અભિમાનમાં હું, અંધ બન્યો છું, સાર અસારનું ભાન ભુલ્યો છું,
વિવેક દ્રષ્ટિ આપી મુજને, જ્ઞાનનો પંથ બતાવ ..... કૃપા કરીને

ભોંયણી તીર્થના આપ છો રાજા, દ્વારે તમારે નિત્ય વાગે છે વાજા,
દોડી દોડી દર્શન કાજે, આવે સહુ નરનાર ..... કૃપા કરીને

ધર્મકિર્તિ સ્વામી અરજ કરે છે, ભવવનમાંથી ઉગારી લેજે,
નિર્મળ જ્ઞાન ને દર્શન કેરી, આંતર જ્યોત જલાવ ..... કૃપા કરીને

## કરશો ના કોઈ પ્રમાદ

(રાગઃ નફરત કી દુનિયાકો છોડકર ......)

કરશો ના કોઈ પ્રમાદ સમયનો નશ્વર જીવનમાં, જીવન આ ચાલ્યું જાય,
સૌંદર્યથી હસતું ખિલતું ફુલ તો ઉપવનમાં, સંધ્યા સમયે કરમાય.

ફળી પુન્યની રાશિ, નરદેહને પામ્યો, અમુલ્ય ને સુંદર, વળી સાધના પામ્યો,
કરજે તું સદ્ઉપયોગ માનવી સમજણનો આ સાર ..
જાગૃતિ જીવનમાંય ..... જીવન આ

શિક્ષા ભલી આપી, બહુ શાસ્ત્રના પાને, સદ્ગુરૂના મુખે, શ્રવણ કર્યું કાને,
હ્યદય સુધી પહોંચે કદી આ વીતરાગી વાણી ..
જીવન પલટાઈ જાય ..... જીવન આ

પરને ગણ્યું મારું, આ છે પ્રથમની ભુલ, સંપત્તિને સ્વજનો ના છે સુખનું મુળ,
આયુષ્ય ઓછું થાય પલપલ મરણ સમીપે જાય ..
કોની તને છે સહાય ..... જીવન આ

## દુનિયા મેં તુ આયા

(રાગઃ દુનિયામેં હમ આયે તો ......)

દુનિયામેં તું આયા હૈ તો, કુછ કરકે જીએ જા,
જીવન મિલા અનમોલ તો, જિનવાણી પીએ જા.

ઘર તેરા કોઈ ઓર તું આયા હૈ કહાં સે,
ભટકા હુઆ તુ તો ગયા સારે જહાં સે,
સંયમ સે ભરા (૨) શુધ્ધ જીવન પાર કિયે જા ..... દુનિયામેં તું

શિકવા ન શિકાયત તેરી કહીં ભી ચલેગી,
જીનવાણી તુજે બારબાર કહાં મીલેગી,
શ્રધ્દ્રા સે કોઇ (૨) સંત કે ચરણોમેં ચલે જા ..... દુનિયામેં તું

સમજા દે તેરે મનકો અરે પ્યારે મુસાફીર,
કુછ ભી નહીં આતા હૈ તો ભજ પ્યાર સે મહાવીર,
કામ તું બુરે (૨) છોડ કે સત્કર્મ કીયે જા ..... દુનિયામેં તું

ડુબ ન પાયે નાવ તેરી બીચ ભંવરમેં,
રમણ તું બીતા જીંદગીકો સત્ય ધરમમેં,
લેકે ધરમકી (૨) નાવ તેરે ઘર તું ચલે જા ..... દુનિયામેં તું

# <u>જીંદગી બેકાર ચાલી જાય</u>

(રાગઃ દિલ કે અરમા આંસુઓ ......)

જીંદગી બેકાર ચાલી જાય છે, દર્દ એનું દિલમાં ઉંડુ થાય છે ..... જીંદગી

મુલ્ય સમજાતું નથી આ જન્મનું, (૨)
જાનવર જેવું જીવન જીવાય છે ..... દર્દ

જે બીજા અવતારમાં મળતાં નથી, (૨)
એ રતન અહીં આંખમાં રોળાય છે ..... દર્દ

રાખ જેવાં મામુલી વ્યાપારમાં, (૨)
આ મહામુલી મુડી ખર્ચાય છે ..... દર્દ

કર્મોનો કેવો પ્રભુ મારો ઉદય, (૨)
ધર્મની મોસમ નકામી જાય છે ..... દર્દ

આ ફરીથી ભવ મળે કે ના મળે, (૨)
જીવનું ભાવિ બુરૂ દેખાય છે ..... દર્દ

## <u>સમ્યક્ દર્શન</u>

(રાગઃ દેખ તેરે સંસાર કી હાલત કયા હો ગઇ ભગવાન ......)

સમ્યક્ સંયમ, સમ્યક્ દર્શન, સમ્યક્ હોવે જ્ઞાન, ઉસકો મિલતે હે ભગવાન,
ચાંદ સા નિર્મલ, ફુલ સા કોમલ, ઉજ્જવલ સુર્ય સમાન, ઉસકો મિલતે હે ભગવાન.

ડસે ન જીસકો ક્રોધ કા કાલા, પીએ નહી જો મદકા પ્યાલા,
જિસકો નહી માયાકા જાલા, લોભકી જીસકો જલે ન જ્વાલા,
શાન્તધીર હો, નમ્ર સરલ હો, નિર્લોભી ગુણખાણ, ઉસકો મિલતે હે ભગવાન.

ઈશ્વર મીલે ન ગંગા ન્હાએ, ઈશ્વે મીલે ન તીર્થો જાએ,
ઈશ્વર મીલે ન રાખ લગાએ, ઈશ્વર મીલે ન ધુની ધખાએ,
ભકિત તીર્થ હો, ત્યાગ પાની હો, સદાચરણ હો સ્નાન, ઉસકો મિલતે હે ભગવાન.

જિસકા કરૂણાસભર મન હો, જિસકા નિર્મળ અમૃત વચન હો,
જિસકા નિશ્ચલ શાન્ત નયન હો, પ્રેમ સત્ય હી જિસકા ધન હો,
કેવલ મુનિ, જ્ઞાન જ્યોતકા, પાવે જો વરદાન, ઉસકો મિલતે હે ભગવાન.

## મહાવીર વીરતાવાલા

(રાગઃ દો દીન કા મુસાફીર ......)

મહાવીર વીરતાવાલા, તુજકો લાખો પ્રણામ, તુજકો લાખો પ્રણામ.

અહિંસા કેરી ધુન મચાવી, જીવદયા તણી જ્યોત જગાવી,
તમે શાન્તિ તણા સમ્રાટ, તુજકો લાખો પ્રણામ, તુજકો લાખો પ્રણામ ... મહાવીર

સાગર જેવી શાન્તિ તમારી, મેરૂ સરખી ધીર તમારી,
ક્ષમા તણાં ભંડાર, તુજકો લાખો પ્રણામ, તુજકો લાખો પ્રણામ ... મહાવીર

રાગ દ્વેષની જડને ત્યાગી, ક્રોધ કષાયને મુળથી કાઢી,
તમે થયા જો વીતરાગ, તુજકો લાખો પ્રણામ, તુજકો લાખો પ્રણામ ... મહાવીર

વિશ્વ રૂણી છે નાથ તમારૂ, અમર જપે છે નામ તમારૂ,
ધન્ય ધન્ય તુમ અવતાર, તુજકો લાખો પ્રણામ, તુજકો લાખો પ્રણામ ... મહાવીર

## <u>પ્રભુ ભકત જુએ તારી વાટ</u>

(રાગઃ તમે બોલો બોલોને પારસનાથ ......)

પ્રભુ ભકત જુએ તારી વાટ, પ્રભુજી તમે આવોને,
હૈયુ તલસે છે ભકતનું આજ, પ્રભુજી તમે આવોને.

ભવોભવથી પ્રભુ તારી ભકિત કરૂ, દિનરાત પ્રભુ તારૂ ધ્યાન ધરૂ,
દિલમાં આસન તારૂ છે એક, પ્રભુજી તમે આવોને ..... પ્રભુ ભકત

સંસાર સાગરમાં હું ડુબી રહ્યો છું, પ્રભુ પ્રાર્થના કરવા હું લાગી ગયો,
ભવજલથી ઉગારોને આજ, પ્રભુજી તમે આવોને ..... પ્રભુ ભકત

મને આવે છે મુકિતનગરનાં સપનાં, દિલ ઝંખે છે પ્રભુ તુજ સાથ રહેવા,
સપનાં સાકાર કરવાને આજ, પ્રભુજી તમે આવોને ..... પ્રભુ ભકત

વીર પ્રભુ વિનંતી સ્વીકારી લેજો, ચેતન રાજને શાશ્વત સુખ દેજો,
આતમ શાન્તિને ઝંખે છે આજ, પ્રભુજી તમે આવોને ..... પ્રભુ ભકત

## મુક્તિ તણાં સપનાં

(રાગઃ જબ હમ જવાં હોંગે ......)

મુક્તિ તણા સપનાં, જોયા ઘણાં ભવમાં,
હવે આ ભવમાં સહુ સપનાં સાકાર કરી લે, ભવપાર કરી લે.

અણગમતો અવસર ગયો છે, જાગી જા,
ઝળહળતો અણસાર થયો છે, જાગી જા;
અવસર ઉગ્યો છે એનો હવે, સત્કાર કરી લે, ભવપાર કરી લે....૧

માનવનો અવતા મળે છે, સદ્‌ભાગ્યે,
ધર્મતણો આધાર મળે છે, સદ્‌ભાગ્યે,
સાચા ગુરૂ કેરો હવે, સ્વીકાર કરી લે, ભવપાર કરી લે....૨

ભોગ અને ભોજન મળ્યા'તા, ભવોભવમાં,
ત્યાગ અને સંયમ મળ્યા છે, આ ભવમાં,
મનને મનાવીને હવે, તૈયાર કરી લે, ભવપાત કરી લે....૩

તારી પાસે સાવ કિનારો આવ્યો છે,
હંકારી દે નાવ ઈશારો લાવ્યો છે,
કાંઠે પહોંચીને વિજય ટંકાર કરી લે, ભવપાર કરી લે....૪

## ઓ ઉડનારા પંખી

(રાગઃ ચલ ઉડ જા રે પંખી ......)

ઓ ઉડનારા પંખી કે તારે કાયમ કયાં રહેવાનું,

આ દુનિયા એક પંખીનો મેળો, એક દિન છોડી જનારો છે,
જીવન વિતાવ્યું જંજાળોમાં, વૃથા ખોયો જન્મારો તેં,
આજ અહીં તો કાલ કહીં તું, ઠેરઠેર ફરનારો છે,
ખાલી હાથે આવ્યો પંખી, ખાલી હાથે જવાનું છે ..... ઓ ઉડનારા

માયા મમતામાં શું રાચે, નાશવંત દેહ તારો છે,
કાળ ઝપાટો લાગે ત્યારે, માળો ખાલી થનારો છે,
પુણ્ય પાપનો લઇ સથવારો, ચેતન ઉડી જનારો છે,
કાયા, કલેવર, માયા, મુડી, સઘળું પડી રહેવાનું ..... ઓ ઉડનારા

સ્વપ્નની દુનિયામાં તું મ્હાલે, આંખ ખુલે તવ કાંઇ નથી,
આ દુનિયા પણ ખતમ માની લે, આંખ મીંચે તવ કાંઇ નથી,
શીવલક્ષ્મી વરવાને કાજે, પ્રભુ ભજન વીના તવ કાંઇ નથી,
પુરાણું પીંજર છોડીને પંખી પાંખ વીના ઉડવાનું ..... ઓ ઉડનારા

## સિધ્ધાચલ સ્વામી પ્યારા

(રાગઃ એ મેરે વતન કે લોગો ......)

સિધ્ધાચલ સ્વામી પ્યારા, મરૂદેવીના દુલારા,
સહુના મનને હરનારા, પ્રભુ જગનાં તારણહારા ..... સિધ્ધાચલ

પ્રભુ પુર્વ નવ્વાણું આવ્યા, વિમલાચલગિરિ પર છાયા,
પુંડરિક ગણધર સુખ પાયા, પુંડરિકગિરિ નામ ધરાયા,
મારી અરજી દિલમાં ધારો, ભવસાગરથી મને તારો,
મારી નૈયાનો તું છે સહારો, મારી શ્રધ્ધાનો હવે આરો ..... સિધ્ધાચલ

જગતારક બિરૂદ તમારું, જગમાં તીરથ છે ન્યારૂ,
સહુના મનને ગમનારૂ, દિલમાં ઋષભને ધારૂ,
મારી કથની દિલમાં ધરજો, કરૂણાનિધિ પાર કરજો,
મુકિતમાળા મને વરજો, મારી વાત હ્યદયમાં ધરજો ..... સિધ્ધાચલ

## <u>કાયાનું રૂડુ પીંજરૂ</u>

(રાગઃ પંખીડાને આ પીંજરૂ ......)

કાયાનું રૂડું પીંજરૂ આ છોડીને જવાનું,
સમજી લે ઓ હંસા ધાર્યું, ધણીનું થવાનું.

કોની માત ને કોના પિતા, કોના ભાઇ ને ભેરૂ,
સાથે નહિ આવે કોઇએ, આવશે જ્યાં તેડું,
પરભવનું એવું લ્હેણું, પુરુ થઇ જવાનું ..... સમજી લે

ભલે હોય રાજા મોટો, ભલે હોય ભિખારી,
સહુના માટે છે સરખી, અગન પથારી,
સપનાનાં જેવું દુઃખ આ ક્યાંથી ડસવાનું ..... સમજી લે

કરમની ગતિના ભેદો, કોઇ કયાંથી જાણે,
ભોગવવું પડશે તારે, કરમો પ્રમાણે,
કરણી તેવી ભરણી લઇને, વિખરાઇ જવાનું ..... સમજી લે

## માનવનો જન્મ મળ્યો

માનવનો જન્મ મળ્યો, જિનભકિત કરતાં ફળ્યો,અવસર આવો નહી આવે ફરીવાર,
સંતોનો સંગ મળ્યો, ભકિતનો રંગ ભળ્યો, અવસર આવો નહી આવે ફરીવાર.

માનવનો જન્મ છે, મુકિતનું બારણું,
વીતરાગ ધર્મી છે, મુકિતનું પારણું,
સુંદર આ દેહ મળ્યો, ગુરૂવરનો સ્નેહ મળ્યો ..... અવસર આવો

જન્મ ઉજાળવો રે, માનવીનાં હાથમાં,
ધર્મ પ્રકાશ છે, માનવીનાં સાથમાં,
રૂડો અવતાર મળ્યો, જિનવર આધાર મળ્યો ..... અવસર આવો

## છોડી દો જગની આ જંજાળ

(રાગઃ ઉંચી તલાવડીની કોર ......)

છોડી દો જગની આ જંજાળ રે, ઓ મનવા મારા, જગમાં ન આવે એનો પાર,
જીવતરની દોરે સહુ સંભાળ રે, ઓ મનવા મારા, પ્રભુને ભજે તો બેડો પાર.

પ્રાણ પંખેરૂ પલકવારમાં ઓચિંતા ઉડી જાશે,
સેવ્યા સપનાં રહેશે અધુરાં, આંખલડી મીંચાશે,
સમજીને પ્રભુને સંભાર રે, ઓ મનવા મારા, કરશે એ તારો બેડો પાર .....

કોઇ કોઇનું નથી રે અહીંયા સ્વારથનાં સંસારી,
લક્ષ્મીની લાલચ મહીં તું, દે પ્રભુ વિસારી,
સાચો અરીહંત છે રખવાળ, ઓ મનવા મારા, કરશે એ તારો બેડો પાર .....

પ્રભુને ભજી લો મનવા એ છે મુકિત કેરૂ ધામ,
ભકિત કરી લે ભાથું ભરી લે, મળે ન એના દામ,
બાંધી લે પાણી પહેલાં પાળ, ઓ મનવા મારા, કરશે એ તારો બેડો પાર .....

## કોઇ પાલીતાણા જઇને

કોઇ પાલીતાણા જઇને કહેજો એટલડું, કહેજો એટલડું, દાદાજી આજ્ઞા મોકલે (૨)

આંખ મીંચુ તો દાદાજી દેખાય છે, મારા સ્વપ્ને દાદાજી આવે છે,
મારા હ્યદયે સમાઇને, રહેજો એટલડું, રહેજો એટલડું, દાદાજી આજ્ઞા મોકલે

તારી વાણીનાં શબ્દો સંભળાય છે, મારું મનડું મધુરા ગીતો ગાય છે,
મારી વીનંતી સ્વીકારીને, લેજો એટલડું, લેજો એટલડું, દાદાજી આજ્ઞા મોકલે

તારાં ગીતો ભકતજનો ગાય છે, ભવ્ય આત્માઓને દર્શન થાય છે,
નિત દાદાની ભાવનાં, ભાવજો એટલડું, ભાવજો એટલડું, દાદાજી આજ્ઞા મોકલે

તારાં દર્શનથી મુકિત થાય છે, તારાં પુજનથી પુણ્ય બંધાય છે,
મને શીવસુખ પ્રભુજી, આપજો એટલડું, આપજો એટલડું, દાદાજી આજ્ઞા મોકલે

## શંખેશ્વર પાર્શ્વજીની વાર્તા

કહું છું શંખેશ્વર પાર્શ્વજીની વારતા,
એ તો શરણે આવેલાંને તારતાં ..... એ તો.

એની મુર્તિ છે મોહનગારી,
ભવોભવનાં તે દુઃખ હરનારી,
જેનાં દર્શને દેવતાઓ આવતાં ..... એ તો.

વ્હાલો પાતાળમાંથી પધારતાં,
દુઃખિયા કુળના દવ નિવારતાં,
રૂડા શંખેશ્વર ગામે બિરાજતાં ..... એ તો.

દુર દેશોથી યાત્રાળુ આવતાં,
એની ભકિતની ધુન મચાવતાં,
એના દરવાજે નોબત વાગતાં ..... એ તો.

એના મુખડા ઉપર જાઉં વારી,
નાગ બળતાને લીધો ઉગારી,
મારા શમણાંમાં પાર્શ્વપ્રભુ આવતાં ..... એ તો શરણે આવેલાંને તારતાં.

# ચારે બાજુ આરસ

ચારે બાજુ આરસ, વચ્ચે બેઠા પારસ
શ્રી શંખેશ્વર પારસ, શ્રી શંખેશ્વર પારસ

રાજાઓનો રાજા તું છે, મોટો મહારાજ
તારા નામે કંઈક ભવીજન, જાતાં સામે પાર
રૂડી ને રઢીયાળી તારી, મુર્તિ દીસે પારસ .....

લોહને કંચન કરે તું, હું છું લોહનો ટુકડો
આશા લઈને તારે દ્વારે, હું ઊભો છું ઢુકડો
મોંઘી તારી મિલકત કેરા, બનવું મારે વારસ .....

તું પિતા છે મારો પ્રભુ, હું છું તારો બાળ
તારા વિણા કહો પ્રભુ, કોણ કરે રખવાળ
તારા નામે પથ્થર તરતાં, પથ્થર બને છે પારસ .....

## આવ્યો દાદાને દરબાર

આવ્યો દાદાને દરબાર કરો ભવોદધિ પાર
ખરો તું છે આધાર... મોહે તાર તાર તાર.

આત્મ ગુણનો ભંડાર તારા મહિમાનો નહિ પાર
દેખ્યો સુંદર દેદાર... કરો પાર પાર પાર.

તારી મુર્તિ મનોહાર હરે મનનાં વિકાર
ખરો હૈયાનો હાર... વંદુ વાર વાર વાર.

આવ્યો દહેરાસર મોઝાર કર્યો જિનવર જુહાર
પ્રભુ ચરણ આધાર... ખરો સાર સાર સાર.

તુજ બાળને સુધાર તારી લબ્ધિ છે અપાર
એની ખુબીનો નહિ પાર... વિનતી ધાર ધાર ધાર.

## લાગો છો કેવા પ્યારા

(રાગઃ ઝુલણ ગરબો ધીરે અંબે માં ......)

લાગો છો પ્યારા પ્યારા પારસનાથ, લાગો છો પ્યારા પ્યારા

લાગો છો પ્યારા તમે વામાના જાયા,
વામાના લલા મને લાગી છે માયા,
મનોહર મુર્તિવાળાં પારસનાથ ..... લાગો છો

તારા રે દ્વારે દાદા ભકતો રે આવે,
ભકતો રે આવે તારા ગુણલાં રે ગાવે,
દર્શન દેજો દયાળા પારસનાથ ..... લાગો છો

નામ તમારું દાદા હ્યદયે રમે છે,
ભકિત વિના અમને કાંઈના ગમે રે,
અંતરમાં કરો અજવાળાં પારસનાથ ..... લાગો છો

મુખડું તમારું વ્હાલા અતિ મનોહારી,
મુખડા ઉપર હું તો જાઉં વારી વારી,
સેવકના થાજો રખવાળા પારસનાથ ..... લાગો છો

## પ્રભુ આમ છેટા છેટા

પ્રભુ આમ છેટા છેટા ના રહીએ
કોક દિ'તો (૨) ભકતોનાં થોડાં થઈએ ..... પ્રભુ આમ

મનનું મંદિર મેં તો એવું રે સજાવ્યું,
આસુંના ફુલડાંનુ બિછાનું બિછાવ્યું,
હવે સમજુને ઝાઝું શું કહીએ? ..... પ્રભુ આમ

નયના દીધાં પણ દરીશન ના દીધાં,
ઊંચે રે ગગને ખોરડે બેસણાં રે કીધા,
હવે તમને શી રીતે ધ્યાઈએ? ..... પ્રભુ આમ

આધિ ને વ્યાધિ ઉપાધી સતાવે,
મનડાંની વાતોથી મનડું મુંઝાયે,
તું જો સુણે તો કરગરીએ ..... પ્રભુ આમ

## કોયલ ટહુકી રહી

(રાગઃ શાંતિ જિનેશ્વર સાચો સાહિબ ......)

કોયલ ટહુકી રહી મધુવનમેં, પાર્શ્વ શામળિયા વસો મેરે મનમેં,
વસો મેરે મનમેં, વસો મેરે દિલમેં, પાર્શ્વ શંખેશ્વરા વસો મેરે મનમેં.

કાશી દેશ વારાણસી નગરી, (૨)
જનમ લીયો પ્રભુ ક્ષત્રિય કુળ મેં ..... પાર્શ્વ

બાળપણામાં પ્રભુ અદ્‌ભુ જ્ઞાની, (૨)
કમઠકો માન હણ્યો એક પલમેં ..... પાર્શ્વ

નાગ નિકાલા કાષ્ઠ ચિરાકર, (૨)
નાગકો સુરપતિ કીયો એક છીન મેં ..... પાર્શ્વ

સંયમ લઇ પ્રભુ વિચરવા લાગ્યાં, (૨)
સંયમેં ભીંજ ગયો એક રંગમેં ..... પાર્શ્વ

સમેતશિખર પ્રભુ મોક્ષે સિધાવ્યાં, (૨)
પાર્શ્વજીકો મહિમા તીન ભુવનમેં ..... પાર્શ્વ

ઉદયરતન કી એહી અરજ હૈ, (૨)
દિલ અટકો તોરા ચરણ કમલમેં ..... પાર્શ્વ

## દાદા તારા વીનાં

(રાગઃ સિધ્ધાચલનાં વાસી, વિમલાચલનાં વાસી, જિનજી પ્યારાં ......)

દાદા તારા વીનાં મારા નયન ભીનાં,
કોણ લુછે, મુજ અંતરને કોણ પુછે. (૨)

મન મારું રહે છે મુંઝાતું, મુજ દિલમાં કંઇ કંઇ થાતું, (૨)
મન મારું ભમે, દિલને કાંઇ ના ગમે, શુન્ય રહે છે ..... મુજ અંતરને

તલસી રહ્યો બાળ કોઇ નથી સાથી, સૌ છે સ્વારથના સંગાથી (૨)
અંધકાર મહીં, અટવાયા કરું, નવિ સુઝે ..... મુજ અંતરને

આધિ વ્યાધિ ઉપાધી અનેરી, મોહ માયાની છાયા છે ઘેરી (૨)
સુખ શાંતિ વીના, રસ જીવનમાં, નવિ રહે ..... મુજ અંતરને

જલ વિના જેમ મીન રહે તલસી, તેમ તુમ દર્શનનો હું પ્યાસી, (૨)
કૃપા દૃષ્ટિ કરો, અમી વૃષ્ટિ કરો, આશા એ છે ..... મુજ અંતરને

જ્ઞાન દીપકનો તું છે મીનારો, મુજ મુકિત નૈયાનો કિનારો, (૨)
દાસ તારો ગણી, એનો નાવિક ગણી, તારી લેજે ..... મુજ અંતરને

સુણ સિધ્ધાચલ વાસી વ્હાલાં, મુજ અંતરના કાલાવાલા, (૨)
આત્મ કમલ વિકાસી, લબ્ધિ દિલમાં પ્રકાશી, મુકિત દેજે ..... મુજ અંતરને

## જીવન અંજલિ થાજો

જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો !

ભુખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો;
દીનદુઃખિયાનાં આંસુ લ્હોતાં, અંતર કદી ના ધરાજો ..!...મારું જીવન

સતની કાંટાળી કેડી પર, પુષ્પ બની પથરાજો;
ઝેર જગતનાં જીરવી જીરવી, અમૃત ઉરનાં પાજો ..!...મારું જીવન

વણથાકયાં ચરણો મારાં નિત, તારી સમીપે ધાજો;
હૈયાનાં પ્રત્યેક સ્પંદને, તારું નામ રટાજો ..!...મારું જીવન

વમળોની વચ્ચે નૈયા મુજ, હાલક ડોલક થાજો;
શ્રધ્દ્રા કેરો દીપક મારો, કદીયે ના ઓલવાજો ..!...મારું જીવન

## <u>બંધન બંધન ઝંખે મારું મન</u>

(રાગઃ ચંદન સા બદન ......)

બંધન બંધન ઝંખે મારું મન, પણ આતમ માંગે છુટકારો,
મને દહેશત છે આ ઝગડામાં, થઈ જાય પુરો ના જન્મારો ..... બંધન બંધન

મધુરાં, મીઠાં ને મનગમતાં, પણ બંધન અંતે બંધન છે,
લઈ જાય જનમના ચકરાવે, એવું દુઃખદાયી આલંબન છે;
હું લાખ મનાવું મનડાંને, પણ એક જ એનો "ઉંહકારો" ..... બંધન બંધન

અકળાયેલો આતમ કે' છે, મને મુકત ભુમિમાં ભમાવા દો,
ના રાગ રહે, ના દ્વેષ રહે, એવી કક્ષામાં મને રમવા દો;
મિત્રાચારી આ તનડાની, બે ચાર ઘડીનો ચમકારો ..... બંધન બંધન

વરસો વીત્યાં, વીતે દિવસો, આ બે શકિતનાં ઘર્ષણમાં,
મને શું મળશે, વિષ કે અમૃત, આ ભવસાગરનાં મંથનમાં?
કયારે પંખી આ પીંજરાનું, કરશે મુકિતનો ટહુકારો? ..... બંધન બંધન

## મંગળકારી મંગળધામ

(રાગઃ રઘુપતિ રાઘવ રાજા રામ ......)

મંગળકારી મંગળધામ, મંદિર તારું હે ભગવાન
મંદિર તારું હે ભગવાન, પાપોનું છે પુર્ણવિરામ ....

રખડી રઝળી જે કોઇ આવે, ભાવ ધરીને શીશ નમાવે,
અંતરને આપે આરામ, મંદિર તારું હે ભગવાન .....

કૃત્ય કરીને જે ના છુપાવે, રડતે હૈયે જે પછતાયે
કાપે એનાં કરમ તમામ, મંદિર તારું હે ભગવાન .....

નમ્ર બનીને શરણું માંગે, મસ્ત બનીને તુજને ધ્યાવે
આપે એને અક્ષય નિધાન, મંદિર તારું હે ભગવાન .....

## તું મને ભગવાન

તું મને ભગવાન એક વરદાન આપી દે,
જ્યાં વસે છે તું મને ત્યાં સ્થાન આપી દે.....

હું જીવું છું એ જગતમાં જ્યાં નથી જીવન,
જિંદગીનું નામ છે બસ બોજ ને બંધન,
આખરી અવતારનું મંડાણ બાંધી દે ..... તું મને

આ ભૂમિમાં ખુબ ગાજે પાપનાં પડઘમ,
બેસુરી થઇ જાય મારી પુણ્યની સરગમ,
દિલરૂબાનાં તારનું ભંગાણ સાંધી દે ..... તું મને

જોમ તનમાં જ્યાં લગી છે સૌ કરે શોષણ,
જોમ જાતાં કોઇ અહીંથી ના કરે પોષણ,
મતલબી સંસારનું જોડાણ કાપી દે ..... તું મને

## સિધ્ધાચલનાં વાસી

સિધ્ધાચલનાં વાસી, વિમલાચલનાં વાસી, જિનજી પ્યારાં,
આદિનાથને વંદન અમારાં;
પ્રભુજીનું મુખડું મલકે, નયનોમાંથી વરસે, અમીરસ ધારા,
આદિનાથને વંદન અમારાં.

પ્રભુજીનું મુખડું છે મલક મિલાકર, દિલમેં ભકિતની જ્યોત જલાકર,
ભજી લે પ્રભુને ભાવે, દુગર્તિ કદી ના આવે ..... જિનજી પ્યારાં
આદિનાથને વંદન અમારાં ..... ૧

ભમીને લાખ ચોરાશી હું આવ્યો, પુણ્યે દરિસન તુમારા પાયો,
ધન્ય દિવસ મારો, ભવનાં ફેરા ટાળો ..... જિનજી પ્યારાં
આદિનાથને વંદન અમારાં ..... ૨

પ્રભુજી અમે તો માયાનાં વિલાસી, તમે તો મુકિતપુરીનાં વાસી,
કર્મબંધન કાપો, મોક્ષ સુખને આપો ..... જિનજી પ્યારાં
આદિનાથને વંદન અમારાં ..... ૩

અરજી ઉરમાં ધરજો અમારી, અમને આશ છે પ્રભુજી તમારી,
કહે હર્ષ હવે, સાચા સ્વામી તમે, પુજન કરીએ અમે,
વંદન કરીએ અમે ..... જિનજી પ્યારાં
આદિનાથને વંદન અમારાં ..... ૪

## અંતરજામી સુણ અલવેસર

અંતરજામી સુણ અલવેસર, મહિમા ત્રિજગત તુમારો રે,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ, અમને શીવસુખ આપો,
આપો આપોને મહારાજ, અમને શીવસુખ આપો.

સહુકોનાં મન વાંછીત પુરો, ચિંતા સહુની ચુરો,
એહવું બિરૂદ છે રાજ તમારું, કેમ રાખો છો દુરે? ..... સેવક

સેવકને વલવલતો દેખી વ્હાલાં, મનમાં મહેર ન ધરશો,
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો ..... સેવક

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિશન દેજે,
ધુમાડે ધીજુ નહીં સાહિબ, પેટ પડયાં પતીજે ..... સેવક

શ્રી શંખેશ્વર મંડણ સાહિબ, વીનતડી અવધારો,
કહે જિનહર્ષ મયા કરી મુજને, ભવસાગરથી તારો ..... સેવક

# <u>સુણો ચંદાજી</u>

સુણો ચંદાજી, સીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી, પ્રેમ ધરીને એણી પેરે તુમ સંભળાવજો.

જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇન્દ્ર પાયક છે,
જ્ઞાન દરિસન જેહને ક્ષાયક છે ..... સુણો

જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા છે,
પુંડરિકગિરિ નગરીનો રાયા છે ..... સુણો

બાર પર્ષદા માંહિ બિરાજે છે, જસ ચોત્રીસ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીસ વાણી એ ગાજે છે ..... સુણો

ભવિજનને પડિબોહે છે, તુમ અધિક ગુણ સોહે છે,
રૂપ દેખી ભવિજન મોહે છે ..... સુણો

તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દુરે વસીયો છું,
મહામોહરાય કર ફસીયો છું ..... સુણો

પણ સાહિબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણાખડગ કર ગ્રહીયો છે,
પણ કાંઇક મુજથી ડરીયો છે ..... સુણો

જિન ઉત્તમ પૂંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં શુરો,
તો વાધે મુજ મન અતિ નૂરો ..... સુણો

## દીન દુઃખીયાનો તું છે બેલી

દીન દુઃખીયાનો તું છે બેલી, તું છે તારણહાર, તારા મહિમાનો નહીં પાર (૨)
રાજપાટને વૈભવ છોડી, છોડી દીધો સંસાર, તારા મહિમાનો નહીં પાર (૨) .... ૧

ચંડકોશીયો ડસીયો જ્યારે, દૂધની ધારા પગથી નીકળે,
વિષને બદલે દૂધ જોઈને, ચંડકોશીયો આવ્યો શરણે,
ચંડકોશીયાને તેં તારી, કીધો ઘણો ઉપકાર, તારા મહિમાનો નહીં પાર (૨) .... ૨

કાનમાં ખીલા ઠોકયા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે,
તોય પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે,
ક્ષમા આપીને તેં જીવોને, તારી દીધો સંસાર, તારા મહિમાનો નહીં પાર (૨) ... ૩

મહાવીર મહાવીર ગૌતમ પુકારે, આંખેથી આંસુની ધાર વહાવે,
ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઈ જગમાં મારે,
પશ્ચાતાપ કરતાં કરતાં ઉપન્યું કેવળજ્ઞાન, તારા મહિમાનો નહીં પાર (૨) .... ૪

જ્ઞાનવિમલ ગુરુ વયણે આજે, ગુણ તમારાં ગાવા કાજે,
થઈ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયા પાર તરાવે,
અરજ અમારી દિલમાં ધારી,કરીએ વંદન વારંવાર,તારા મહિમાનો નહીં પાર(૨).૫

## <u>શાંતિ જિનેશ્વર સાચો સાહિબ</u>

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઇન-કલિમેં હો જિનજી,
તું મેરા મનમેં ..... તું મેરા દિલમેં, ધ્યાન ધરૂ પલ પલમેં સાહિબજી.

ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં હો જિનજી ..... તું મેરા

નિર્મળ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં હો જિનજી ..... તું મેરા

મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં હો જિનજી ..... તું મેરા

જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં હો જિનજી..... તું મેરા

## <u>મારો મુજરો લ્યોને રાજ</u>

મારો મુજરો લ્યોને રાજ! સાહિબ! શાંતિ સલુણા!

અચિરાજીના નંદન તોરે, દરિસણ હેતે આવ્યો,
સમકિત રીઝ કરોને સ્વામી, ભકિત ભેટણું લાવ્યો ..... મારો મુજરો

દુઃખ ભંજન છે બિરૂદ તુમારૂં, અમને આશ તુમારી,
તુમે નિરાગી થઈને છુટો, શી ગતિ હોશે અમારી ..... મારો મુજરો

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે,
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે ..... મારો મુજરો

મ્હારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું,
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિસ્યાનું ..... મારો મુજરો

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે,
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે ..... મારો મુજરો

## ઐસી દશા હો ભગવાન જબ

ઐસી દશા હો ભગવાન, જબ પ્રાણ તનસે નીકલે ..... ૧

ગિરિરાજકી હો છાયા, મનમેં ન હોવે માયા,
તપ સે હો શુધ્દ્ર કાયા, જબ પ્રાણ તનસે નીકલે ..... ૨

ઉરમેં ન માન હોવે, દિલ એકતાન હોવે,
તુમ ચરણ ધ્યાન હોવે, જબ પ્રાણ તનસે નીકલે ..... ૩

સંસાર દુઃખહરણાં, જૈનધર્મકા હો શરણાં,
હો કર્મ ભર્મ ખરનાં, જબ પ્રાણ તનસે નીકલે ..... ૪

અનસનકો સિધ્ધવટ હો, પ્રભુ આદિદેવ ઘટ હો,
ગુરૂરાજ ભી નીકટ હો, જબ પ્રાણ તનસે નીકલે ..... ૫

યહ દાન મૂજકો દીજે, ઈતની દયા તો કીજે,
અરજી તિલકકી લીજે, જબ પ્રાણ તનસે નીકલે ..... ૬

## દાદા આદિશ્વરજી

દાદા આદિશ્વરજી દુરથી આવ્યો, દાદા દરિશન દ્યો.

કોઈ આવે હાથી ઘોડે, કોઈ આવે ચઢે પલાણે,
કોઈ આવે પગપાળે, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

શેઠ આવે હાથી ઘોડે, રાજા આવે ચઢે પલાણે,
હું આવું પગપાળે, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

કોઈ મુકે સોના રૂપા, કોઈ મુકે મહોર,
કોઈ મુકે ચપટી ચોખા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

શેઠ મુકે સોના રૂપા, રાજા મુકે મહોર,
હું મુકું ચપટી ચોખા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

કોઈ માંગે કંચન કાયા, કોઈ માંગે આંખ,
કોઈ માંગે ચરણોની સેવા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

પાંગળો માંગે કંચન કાયા, આંધળો માંગે આંખ,
હું માંગું ચરણોની સેવા, દાદાને દરબાર,
હાં હાં દાદાને દરબાર ..... દાદા આદિશ્વરજી

હીરવિજય ગુરૂ હીરલો ને, વીરવિજય ગુણ ગાય,
શત્રુંજયનાં દર્શન કરતાં, આનંદ અપાર,
હાં હાં આનંદ અપાર ..... દાદા આદિશ્વરજી

## માતા મરૂદેવીના નંદ

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી,
કે મારૂં દિલ લોભાણુંજી, દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુંજી.

કરૂણાનાગર, કરૂણાસાગર, કાયા કંચનવાન,
ધોરી લંછન પાઉલે કાંઇ, ધનુષ્ય પાંચસે માન ..... માતા

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર,
જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર ..... માતા

ઉર્વશી રૂડી અપચ્છરા ને, રામા છે મન રંગ,
પાયે નેપુર રણઝણે કાંઇ, કરતી નાટારંભ ..... માતા

તું હી બ્રહ્મા, તું હી વિધાતા, તું હી જગતારણહાર,
તુજ સરીખો નહીં દેવ જગતમાં, અરવડીઆ આધાર ..... માતા

તું હી ભ્રાતા, તું હી ત્રાતા, તું હી જગતનો દેવ,
સુરનર કિન્નર વાસુદેવા, કરતાં તુજ પદ સેવ ..... માતા

શ્રી સિધ્ધાચલ તીરથ કેરો, શ્રી વિમલાચલ તીરથ કેરો, રાજા ઋષભ જિણંદ,
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવભય ફંદ ..... માતા

## સિધ્ધાચલની ગોદમાં

(રાગઃ તુ ગંગાકી મોજ મેં ......)

સિધ્ધાચલની ગોદમાં શેત્રુંજીની ધારા, હો અમારા રતન,
ત્યાં બિરાજે હો ત્યાં બિરાજે, હમારા તમારા રતન ..... છે હમારા તમારા

ગગન ભેદી ગિરિ પર આદિજીન સોહે, મરૂદેવીના જાયાને ભેટી મન મોહે,
કાને કુંડલ શીર મુગટ સોહે, મૂર્તિ નિહાળીને મારૂં મન મોહે,
વંદન પ્રભુ વંદન પ્રભુ ..... વંદન કરૂં છું કર જોડી, છો હમારા રતન .... ત્યાં

લાખો તર્યા છે તે ક્રોડો તર્યા છે, સિધ્ધગિરિનાં ધ્યાને સૌ કોઇ તર્યા છે,
સુરજ કુંડે ચંદ રાજા તર્યા છે, સૌ કોઇ મુકિતની માળો વર્યા છે,
તારો મને તારો મને ..... તારો મને થાય મારૂ જતન, છો હમારા રતન ..... ત્યાં

પૂરવ નવ્વાણું પ્રભુજી ત્યાં આવ્યાં, રાયણ નીચે કાંઇ પગલાં સુહાવ્યાં,
દેશના દેતાં તીંહા રાયણની નીચે, નમી વિનમીને સૌ અમીરસ ઝીલે,
બંધન છુટે બંધન છુટે ..... બંધન છુટે ને તેનાં કર્મો તુટે, છો હમારા રતન .... ત્યાં

પ્રભુ કેમ છુટે આ બંધન હમારા, કયારે જવાશે એ મુકિત કિનારા,
____________ ગુણ ગાવે, અરજ ધારો પ્રભુ વિનવે છે ભાવે,
ધ્યાને ધરો ધ્યાને ધરો ..... ધ્યાને ધરો ચાહે તારૂં શરણ, છો હમારા રતન .... ત્યાં

## <u>લેજે ઉગારી</u>

(રાગઃ ગમકા ફસાના કીસકો સુનાઉ ......)

મારી કહાણી કેને સુનાવું, દીલની દુનીયા કેને બતાવું ..... જીનવર પ્યારા

તું છે ભવીજીવ તારણહારો, તારા વીના નહીં કોઇ સહારો ..... જીનવર પ્યારા

આંખ છતાં હું અંધ બન્યો છું, પ્રભુજી તારો હું પંથ ભુલ્યો છું ..... જીનવર પ્યારા

ખારાં આ જળમાં ડુબી રહ્યો છું, મૃગજળની પાછળ દોડી રહ્યો છું .. જીનવર પ્યારા

છાયું અંધારૂં આંખલડીએ મારૂં, દ્રષ્ટિ એવી દે કે તુજને નીહાળું ..... જીનવર પ્યારા

ડુબી રહી છે નૈયા આ મારી, લેજે પ્રભુ તું એને ઉગારી ..... જીનવર પ્યારા

____________ ગુણ ગાવે, લેજે અરજ પ્રભુ વીનવે છે ભાવે ..... જીનવર પ્યારા

## અક્ષય તૃતિયા

(રાગઃ જાદુગર સૈંયા ……)

અક્ષય તૃતિયા થાઈ અમે સુખીયા, કરી સ્મરણ શુભ નામ, પ્રભુજી પધારે છે,
શીવ સુખ રસિયા મારે મન વસીયા, હસ્તિનાપુર મોઝાર, પ્રભુજી પધારે છે.

અક્ષય તૃતિયા થાઈ અમે સુખીયા, કઈ સુપાત્રે દાનને,
શુભ દિવસ એ શુભ ઘડીએ, મહિમા જેનો અપાર છે,
તે દિન થયો જયકાર ….. પ્રભુજી પધારે છે ….. ૧

તપ તપતાં તપ યોગી એક આવે, આદિજીનેશ્વર નામ જે,
હસ્તિનાપુરમાં આવી પધારે, કરે પાવન એ ગામને,
એ વરસી તપ કરનાર ….. પ્રભુજી પધારે છે ….. ૨

શ્રી શ્રેંયાસકુમાર રહે ત્યાં વિનંતી કરે ભગવાનને,
ઈક્ષુરસ વહોરાવી પ્રભુને, ઉજ્જવલ કરે નિજ ગામને,
તિહાં પારણું કરે કિરતાર ….. પ્રભુજી પધારે છે ….. ૩

___________ ગાવે, અવસર એવો આપજે,
દાન સુપાત્રે દેવા ભાવે, તૃતીયા વ્હેલી વ્હેલી આવજે,
થાય સફળ અવતાર ….. પ્રભુજી પધારે છે ….. ૪

## સંભવનાથ ચરિત્ર

(રાગઃ હીચક દાના ......)

એ તરવાના એ તરવાનાં, ગાયા જેણે ગાના ..... એ તરવાનાં
ભકતી ખજાના લુંટાયા નહીં તો, સમજો એ દીવાના ..... એ તરવાનાં.

સુંદર આ વાત છે, સંભવ જેનું નામ છે; ભેટવાની હામ છે, ભવ તરવાનું કામ છે,
હળી મળી ગાઓ સૌ સાથે, સાધન છે તરવાનાં ..... એ તરવાનાં

સંભવ જીનેશ્વર, ત્રીજા એ જીનેશ્વર; પુરવ જનમમાં, હતાં એ રાજેશ્વર,
વીપૂલ વાહન નામ જ જેનું, કરતાં રાજ મજાનાં ..... એ તરવાનાં

દુકાળ પડયો તહીં, એની એ નગરી મહીં; ખાવા કંઇએ મળે નહીં, રઝળે લોકો અહીં તહીં,
લાગી આવે બહુ રાજાને, ખુલ્લા મુકે ખજાનાં ..... એ તરવાનાં

ભકિત કરે રાજા, આખા એના ગામની; રાખે સૌને સાથમાં દુકાળ મટે તહીં,
ગોત્ર તીર્થંકર બાંધે રાજા, શીવરમણી વરવાનાં ..... એ તરવાનાં

એક દિવસ એવો, લાગે જોયા જેવો; મહેલની અગાશીમાં રાજા જુવે આકાશમાં,
વાદળ સામે જોઇ બોલે, કયાં જઇ પડવાનાં ..... એ તરવાનાં

વાદળ આવેને સામે, પવન ફુંકાય ત્યાં; સામે જુવે ત્યાં તો પાછું કાંઇએ દેખાય ના,
આવી છે સંસારી માયા, શું રહીને કરવાના ..... એ તરવાનાં

રાજપાટ છોડી રાજા, દીક્ષા લીએ જ ત્યાં; અનશન લઇ મૃત્યુ પામીને દેવલોકે એ જાય ત્યાં,
આનત નામે દેવ એ થાયે, ભવફેરા ટળવાનાં ..... એ તરવાનાં

દેવલોકે રહી રાજા, ચ્યવી અહીં આવીયા; સેના દેવી માતા કુંખે, તીર્થંકર પદ પામીયા,
માગશર સુદી ચૌદશને દીન ગાયે સૌ એ ગાના ..... એ તરવાનાં

એવી આ વાત છે, જીનવર સંભવનાથની; કંઇ જીવોને તાર્યા જેણે, હાથ ગ્રહી સંસારથી,
___________ ગાવે ભવજલ છે તરવાનાં ..... એ તરવાના

## નેમ-રાજુલ

(રાગઃ પીંજરે કે પંછી રે.... તેરા દર્દ ન જાને કોઇ)

એક રાજકુમારી રે ....., એનો પ્રીતમ પાછો જાય, (૨)
રોવે રાજુલ નારી રે ....., એનો પ્રીતમ પાછો જાય. (૨)

આશા ભરી એની આંખડીમાંથી, આંસુ ચાલ્યા જાય,
એનો પ્રિતમ પાછો જાય (૨) ..... એક

મનને માંડવે તોરણ બાંધ્યા, મહેલો ઝરૂખા શું શણગાર્યા રે,
સૂના છે શણગારો સઘળા, (૨) મંડપ ખાવા થાય;
એનો પ્રિતમ પાછો જાય (૨) ..... એક

નેમ સૂણે પશુઓની વાણી, એને કરૂણા દીલ ઉભરાણી રે,
મારે કાજે કંઇક જીવોનાં, (૨) જીવન સળગી જાય;
એતો કેમે ના સહેવાય, એનો પ્રિતમ પાછો જાય ..... એક

દુઃખીયારી કહે રાજુલ નારી, જનમોજનમની પ્રીત વિસારી રે,
કોડભરીનાં કોડ અધૂરાં, હૈયું બળી બળી જાય;
એનો પ્રિતમ પાછો જાય (૨) ..... એક

મારું જીવન મુજને પ્યારુ, એવું સહુને જીવન પ્યારુ રે,
રાજુલ ચાલો સંયમ પંથે, (૨) જન્મ સફળ બની જાય;
ફેરા ફરવાનાં ટળી જાય, એનો પ્રીતમ પાછો જાય ..... એક

દુઃખદાયી સહુ પાતક છુટયા, સંસારનાં જયાં બંધન તૂટયા રે,
કેવલ પામી મુકિત નગરનાં, (૨) મંગલ પંથે જાય;
એ તો પ્રીતમ સાથે જાય (૨) ..... એક

## આહ! કેવું ભાગ્ય જાગ્યું

(રાગઃ )

આહ! કેવું ભાગ્ય જાગ્યું, વીરનાં ચરણો મળ્યા,
રોગ શોક દારિદ્ર સઘળા, જેહથી દૂરે ટળ્યા ..... આહ ૧.

ફેરો ટળ્યો છે દુર્ગતિનો, શુભગતિ તરફેણમાં,
અલ્પકાળે મોક્ષ પામી, વિચરશું આનંદમાં ..... આહ ૨.

જેમના તપનો ન મહિમા, કહી શકે શક્રેશ ભી,
તેમને હું સ્તવું શું બાળક? શકિતનો જ્યાં લેશ નહી ..... આહ ૩.

કામધેનુ, કામકુંભ, ચિંતામણી સવિ તું મળ્યો,
આજ મારે આંગણે, શ્રી વીર કલ્પતરૂ ફળ્યો ..... આહ ૪.

લબ્ધિના ભંડાર વ્હાલા, "વીર" "વીર" જપતા થયા,
ગૌતમ શ્રી મોક્ષધામી, એ પ્રભુની ખરી દયા ..... આહ ૫.

## બહુ આશ લઈને આજ

(રાગ: )

બહુ આશ લઈને આજ, તમારે શરણે આવ્યો છું,
મને કરો નહીં નિરાશ, તમારે શરણે આવ્યો છું. ..... બહુ ૧.

મેં શા અપરાધો કીધા, મારા નાથે અબોલા લીધા,
નથી વિરહ ખમાતો નાથ, તમારે શરણે આવ્યો છું. ..... બહુ ૨.

રડી રડી આંખો થાકી, હજુ સજા છે કેટલી બાકી,
મારા માફ કરો અપરાધ, તમારે શરણે આવ્યો છું. ..... બહુ ૩.

પ્રભુ માત પિતા છો મારા, હું શરણે આવ્યો તમારા,
હવે ના તડપાવો નાથ, તમારે શરણે આવ્યો છું. ..... બહુ ૪.

## એક મરૂદેવીનો લાડકડો

(રાગ: )

એક મરૂદેવીનો લાડકડો, લાડકડો આદિનાથ રે,
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
જેણે યુગલા ધર્મ નિવારિયો,
જેનો શત્રુંજય પર વાસ રે ..... ઘણું ૧.

એક અચિરામાતાનો લાડકડો, લાડકડો શાંતિનાથ રે,
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
જેણે પારેવા ઉગારી રંગ રાખિયો,
જેના નામે શાંતિ થાય રે ..... ઘણું ૨.

એક શિવાદેવીનો લાડકડો, લાડકડો નેમકુમાર રે,
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
જેણે રાજુલ રમણીને ત્યાગી રે,
એ દંપતી મોક્ષે જાય રે ..... ઘણું ૩.

એક વામાદેવીનો લાડકડો, લાડકડો પાર્શ્વકુમાર રે,
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
જેણે બળતો નાગ ઉગારીઓ,
જેના નામે વિઘ્નો જાય રે ..... ઘણું ૪.

એક ત્રિશલામાતનો લાડકડો, લાડકડો વીરકુમાર રે,
ઘણું જીવો રે પ્રભુ ઘણું જીવો,
જેણે અહિંસાનો ધ્વજ ફરકાવીઓ,
જેના નામે જય જયકાર રે ..... ઘણું ૫.

## પરમ પુનિત તવ ચરણ કમળમાં

(રાગ: )

પરમ પુનિત તવ ચરણ કમળમાં, ઝુકે મસ્તક માહરું, પ્રભુ દુર કરો અંધારુ (૨)
કરુણાસાગર કરુણા કરજે, શરણું હું સ્વીકારું, પ્રભુ દુર કરો અંધારુ (૨)

ગીત પ્રીતના નિશદિન ગાવું, સ્નેહ તણી સરગમ સંભળાવું,
પ્રેમ સિતારી ઉપર મ્હારા, ઉરનો સૂર ઉતારું, પ્રભુ દુર કરો અંધારુ (૨)

ચરણ કમળની છે બલિહારી, સુરનર મુનિવર જાય છે વારી,
ભક્તિ ભાવનાં ગીતો મ્હારા, તુજ ચરણે ઓવારૂં, પ્રભુ દુર કરો અંધારુ (૨)

<u>ડૂબી જશે જો નાવડી મારી</u>

(રાગઃ )

ડૂબી જશે જો નાવડી મારી, જાશે પ્રભુજી લાજ તમારી (૨)

વાદળ કાળા ઘોર અંધારા, વીજ કડાકા બોલે,
વાયુ તણા વંટોળ ચડે ત્યાં, ડગમગ નાવડી ડોલે;
લેશો નહિ જો મુજને ઉગારી, જાશે પ્રભુજી લાજ તમારી ..... ૧.

ભવસાગરમાં ઝોલા ખાતું, કયાંય જડે ના કિનારો,
કોણ જાણે આ આફતમાંથી, આવશે કયારે આરો;
જઈશ જો હું હિંમત હારી, જાશે પ્રભુજી લાજ તમારી ..... ૨.

જેવો છું તેવો બાળક તમારો, આવ્યો તમારે ચરણે,
હે જગદીશ્વર, જીવન મ્હારું, સોંપ્યું તમારે ચરણે;
તારક થઈને લેશો ઉગારી, જાશે પ્રભુજી લાજ તમારી ..... ૩.

## વિષ ભરીને વિષધર સૂતો

(રાગઃ )

વિષ ભરીને વિષધર સૂતો, ચંડકોશિયા નામે,
મહા ભયંકર એ મારગમાં, વિચરે મહાવીરસ્વામી ..... મહા. ૧

જાશો મા પ્રભુ પંથ વિકટ છે, ઝેર ભર્યો એક નાગ નિકટ છે,
હાથ જોડીને વિનવે વીરને, લોક બધા ભય પામી ..... મહા. ૨

આવી ગંધ જ્યાં માનવ કેરી, ડંખ દીધો ત્યાં થઇને વેરી,
કંઇક સમજ તું, કંઇક સમજ તું, એમ કહે કરૂણા આણી ..... મહા. ૩

દૂધ વહ્યું જ્યાં પ્રભુના ચરણે, ચંડકોશિયો આવ્યો શરણે,
હિંસા અને અહિંસા વચ્ચે, લડાઇ ભીષણ જામી ..... મહા. ૪

વેરથી વેર શમે નહીં જગમાં, પ્રેમથી પ્રેમ વસે જીવનમાં,
પ્રેમ ધર્મનો પરિચય પામી, નાગ રહ્યો શીશ નામી ..... મહા. ૫

## ભલે કંઇ મુજને ના મળે

(રાગઃ )

ભલે કંઇ જ મુજને ના મળે, બસ તું મળે તો ચાલશે,
ભલે આશ મુજને ના ફળે, બસ તું ફળે તો ચાલશે.

વિશ્વાસ કીધો વિશ્વમાં, વ્હાલા જિનેશ્વર આપથી,
છૂટવા માંગું છું અંતરે, ભવ-ભવ તણા સંતાપથી;
દિનકર ભલેને ના બનું, દીવડો બનું તો ચાલશે ..... ભલે ૧.

ઇચ્છા મને છે એક કે, પારસ બનું, કંચન બનું,
ઇચ્છા મને રે એક કે, તારક બની ભવથી તરું;
તરી ના શકું જો ભવથી પણ, તારા ચરણથી ચાલશે ..... ભલે ૨.

પૂજા કરીને પૂજ્યની, એ પરમપદને હું ગ્રહું,
પિતા બન્યા જિનવર સમા, પારસ બની શોભી રહું;
વારસ બની જો ના શકું, પણ દાસ થઉં તો ચાલશે ..... ભલે ૩.

તારી પ્રભુતા પામવાની, હોંશ મુજને હૈયે ભરી,
તારી પ્રતિમા થઇ જવાની, ભાવના ભાવું ખરી;
પ્રતિમા ભલે ના બની શકું, પણ પુષ્પ થઉં તો ચાલશે ..... ભલે ૪.

તું ગુણનો સાગર તર્યો, દુર્ગુણનો દરિયો હું ભર્યો,
ધનભાગ્ય મારૂં એટલું કે સન્મિત્રથી સંગ તવ કર્યો;
ભલે મુકિત મુજને ના મળે, મૈત્રી ભવોભવ ચાલશે ..... ભલે ૫.

# વીર જન્મ

(રાગ:                                        )

ભારતની ભાતીગળ ભૂમિ, ભવ્ય એનો ઈતિહાસ;
યુગ યુગથી આ દુનિયાને , આપી રહી અજવાસ. ૧
પચ્ચીસસો વરસો પૂર્વે, પ્રગટયો તેજ અંબાર;
દીન દુઃખીનો એક સહારો, સહુનો તારણહાર. ૨
મગધ તણી માટીમાં, સોનલ વરણી સુગંધ;
ક્ષત્રિયકુંડની અટારીએ, એક ઝળકયો પૂનમ ચંદ. ૩
ચૈત્ર શુકલા ત્રયોદશીને, રાત ચાંદની રાસ રમે;
તારાઓની ઓઢણીઓ, ચાંદો ઝૂમી રહ્યો ગગને. ૪

(રાગ)

હેત પ્રીતની રેલમછેલ, ટહુકા કરતા મોર ને ઢેલ,
મીઠી મીઠી શરણાઈઓ વાગે, ઝૂમે ધરા ને ગગન અનુરાગે;
રાજા સિદ્ધાર્થ રાણી ત્રિશલા સહુને આનંદ છે આજે,
સોને મઢેલું, હીરે જડેલું, આંગણીએ પારણું બાંધે;
એમાં વર્ધમાન કરતા ગેલ ..... મીઠી

રૂપનો દરિયો, ગુણથી ભરીયો, સહુનો એ લાડકવાયો,
જન જનના હૈયે પાડયા પગલાં, એના માટે કોઈ ના પરાયો;
એની આંખો અમૃતથી આંજેલ ..... મીઠી

સોનલ વરણી ને મન હરણી, કાયા છે નાજુક નમણી,
ગોર કપોળે ભરી ચૂમી, ધન્ય ધન્ય બને હર કોઈ રમણી;
આ તો દીકરો દેવનો દીધેલ ..... મીઠી

## મને વ્હાલું લાગે દાદા તારું નામ

મને વ્હાલું લાગે, મને પ્યારું લાગે . . . (૨)
મને વ્હાલું લાગે, દાદા તારું નામ;
તન મન ધન, પ્રભુનાં ચરણોમાં
તન મન તન મન ધન પ્રભુનાં ચરણોમાં.

નામ તમારુ લેતાં લેતાં, ભવસાગર તરી જઈએ,
શરણ તમારુ કરતાં કરતાં, મુક્તિસુખને વરીએ,
મારા હૈયે હૈયે, મારા રોમે રોમે (૨)
મારા હૈયે હૈયે, દાદા તારું નામ . . . તન મન ધન

સુરવર મુનિવર સૌ કોઈ સમરે, નામ તમારું લેતાં,
સ્મરણ તમારુ કરતાં પાપી, પણ પાવન થઈ જાએ,
મારા કર્મ ખપાવે, મને મોક્ષ અપાવે (૨)
મારા કર્મ ખપાવે, દાદા તારું નામ . . . તન મન ધન

બાળકને તું શરણમાં લઈ લે એવી આશા રાખે (૩)
તને જોયા કરું (૩)
દિવસ અને રાત . . . તન મન ધન

## પાંચ ગતિ (દુઃખડા નિવારો મારા)

(રાગઃ દનડા હંભારો ખમ્મા ......................... "લોકગીત")

દુઃખડા નિવારો મારા જનમમરણનાં, પરમાતમા !
કેવાં કેવાં દુઃખડાં સ્વામી ! મેં સહ્યાં નારકીમાં,
એક રે જાણે છે મારો આતમા, એ.....જી.....રે..
લબકારા કરતી કાળી વેદનાઓ સહેતાં સહેતાં
વરસોના વરસો સ્વામી ! મેં વિતાવ્યાં ત્રાસમાં.
એ.....ઈ રે મલકનું જ્યારે પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો જાનવરના લોકમાં ..... દુઃખડા નિવારો મારા .....

કેવાં કેવાં જુલ્મો વેઠયાં જાનવર બનીને, સ્વામી !
એક રે જાણે છે મારો આતમા, એ.....જી.....રે..
બોજો અળખામણો ને લાકડીના માર ખાતાં
વહેતી'તી આંસુડાની ધારા મારી આંખમાં
એ.....ઈ રે મલકનું જ્યારે પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો દેવતાના લોકમાં ..... દુઃખડા નિવારો મારા .....

કેવાં કેવાં મંથન સ્વામી ! મેં કર્યા દેવલોકે,
એક રે જાણે છે મારો આતમા, એ.....જી.....રે..
રિદ્ધિ ને સિદ્ધિ તોયે તમારા વિજોગે, સ્વામી !
જન્મારો ગાળ્યો જાણે ઘોર કારાવાસમાં
એ.....ઈ રે મલકનું જ્યારે પૂરું થયું આયખું ત્યાં
થયો રે જનમ મારો માનવીના લોકમાં ..... દુઃખડા નિવારો મારા .....

કેવાં કેવાં નાટક સ્વામી ! હું કરું આ જનમમાં,
એક રે જાણે છે મારો આતમા, એ.....જી.....રે..
મનડાની માયા કાજે કરવાં પડે છે સ્વામી!
ડગલે ને પગલે નવલાં રૂપ આ સંસારમાં
એ.....આ રે મલકનું જ્યાં પુરુ થાય આયખું ત્યાં
તેડાવો મુજને, સ્વામી ! ત્યાં તમારા લોકમાં..... દુઃખડા નિવારો મારા .....

## ગરવા ગુણોનું ગુંજન (દેવાધિદેવ તણાં દિલથી)

(રાગઃ  હોઠો સે છૂ લો તુમ ............ "પેમ ગીત" )

દેવાધિદેવતણા, દિલથી દર્શન કરીએ, એના ગરવા ગુણોનું, ચાલો ગુંજન કરીએ .

આ ભૌતિક સુખોમાં, એણે કેવળ દુઃખ જોયું,
દુઃખિયા જીવો દેખી, એનું કોમળ દિલ રોયું,
કરૂણાના ધારકને, ચાલો વંદન કરીએ....... દેવાધિદેવ તણા

લખચોરાસી ભવમાં, જીવ શાને ભટકે છે ?
જેણે જાણ્યું કે જીવની, પ્રગતિ કયાં અટકે છે ?
એ પાવન જ્ઞાનીનું, ચાલો પૂજન કરીએ....... દેવાધિદેવ તણા

દુઃખમાંથી છૂટવાનો, એણે મારગ અપનાવ્યો,
સૃષ્ટિના સૌ જીવને, નિઃસ્વાર્થે બતલાવ્યો,
એવા પરમાર્થી પ્રભુને, હૈયું અપર્ણ કરીએ....... દેવાધિદેવ તણા

આ ત્યાગી પરમાત્મા, સૌના ઉપકારી છે,
ઊંચા સન્માનતણા, પૂરા અધિકારી છે,
એના ગુણો અપનાવી, સાચું તર્પણ કરીએ....... દેવાધિદેવ તણા

## <u>રાહબરનું ઋણ</u>

(રાગઃ મેરી કિસ્મતમેં તું નહી શાયદ ….. "પ્રેમરોગ")

બધી મિલકત તને ધરું તો પણ તારી કરુણાની તોલે ના આવે,
તેં મને પ્યાર જે કર્યો ભગવન્ ! મારાથી એનું મૂલ ના થાવે,
જીંદગીભર તને ભજું તો પણ, તારી મમતાની તોલે ના આવે,
તેં મને પ્રેમ જે દીધો ભગવન્ ! મારાથી એનું મૂલ ના થાવે….. બધી મિલકત

અનાદિકાળથી ભટકવામાં કોઇ સ્થાને થયું મિલન તારું,
યા તો ઉપદેશ મેં સુણ્યો તારો, જેણે બદલી દીધું જીવન મારું,
ભોમિયા તો ઘણા મળ્યા મુજને, કોઇ પ્રભુ ! તારી તોલે ના આવે,
તેં મને રાહ જે બતાવ્યો છે, મારાથી એનું મૂલ ના થાવે….. બધી મિલકત

સાચી મને સલાહ તે દીધી, એથી મેં આચરણ કર્યું એનું
સારી કરણી કરી કોઇ ભવમાં, આ ભવે ફળ મને મળ્યું જેનું,
મારા ઉપકારી છે ઘણાં જગમાં, કોઇ પ્રભુ ! તારી તોલે ના આવે,
તેં મને ધર્મ જે પમાડયો છે, મારાથી એનું મૂલ ના થાવે….. બધી મિલકત

મળ્યાં છે જે સુખો મને આજે, એ બધાં ધર્મના પ્રભાવે છે,
તારે ચરણે બધું ધરી દેતાં મને આનંદ ઓર આવે છે,
તારું આ ઋણ ક્યારે ચૂકવાશે, મને અંદાજ એનો ના આવે.
ભવોભવ સેવના કરું તારી, તોયે સંતોષ મુજને ના થાવે….. બધી મિલકત

## મારા વ્હાલા પ્રભુ

(રાગઃ )

મારા વ્હાલા પ્રભુ, કયારે મળશો મને, મારી આશા પુરી, કયારે કરશો તમે.

તુંને મળવાની એક જ અભીલાષા છે, (૨)
અભિલાષા પુરી કયારે કરશો તમે.....મારી

કરૂણાસાગર તમારૂં છે બિરૂદ પ્રભુ, કરૂણા કરશો એ આશા કરૂ છું પ્રભુ,
રાતદિવસ હું, સમરૂં છું તને.....મારી

મારી કબુલાત છે કે હું પતીત જ છું, પણ પતીતોને તારનારો એક જ છે તું,
પતીતપાવન બની, કયારે આવશો તમે.....મારી

તુજને નિરખી શકું એવી દ્રષ્ટિ તું દે, તુજને ઓળખી શકુ એવી મતિ તું દે,
તારી છાયાને માયામાં રહેવું ગમે,
કૃપા એવી પ્રભુ, કયારે કરશો તમે.....મારી

## <u>સાચો સંગમ પ્રભુ સાથે</u>

(રાગઃ  મેરા જીવન કોરા કાગજ )

સાચો સંગમ પ્રભુ સાથે, હજુયે ના થયો
એ દિશામાં... (૨) રેલો મારો હજીયે ના ગયો... સાચો ..૧

એક લગની સાથે વહેતું, આતમનું આ ઝરણું (૨)
પાવન સરિતા પાસે પહોંચી લઈ લેવું શરણું (૨)
આતમ કેરો... (૨) આ મનોરથ હજયે ના ફળ્યો... સાચો ..૨

મારગ રોકે ડુંગરધારા, ગયા ભવના પાપ (૨)
પાછળ વહેતી પુનિત ગંગા, થાયે ના મેળાપ (૨)
વિરહ અગ્નિ... (૨) આતમાને બાળતો રહ્યો... સાચો ..૩

રોજે-રોજે નાનું ઝરણું, ડુંગર ખોદ્યે જાય (૨)
કોણ જાણે કયારે તૂટશે કરમનો અંતરાય (૨)
આજ લગી તો... (૨) ઉદ્યમ એનો સફળ ના થયો... સાચો ..૪

## એક જ અરમાન છે મને

(રાગઃ )

એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધિત બને
ફુલડું બનું કે ભલે ધૂપસળી થાઉં,
આશા છે સામગ્રી પૂજાની થાઉં,
ભલે કાયા આ રાખ થઇ શમે. મારું જીવન.. ૧

તડકા છાંયા કે ભર વર્ષાના વાયા,
તોયે કુસુમો કદી ના કરમાયા,
ઘાવ ખીલતા ખીલતા એ ખમે. મારું જીવન.. ૨

જગની ખારાશ બધી ઉરમાં સમાવે,
તોયે સાગર મીઠી વર્ષા વરસાવે,
સદા ભરતી ને ઓટમાં રમે. મારું જીવન.. ૩

વાતાવરણમાં સુગંધ ના સમાતી,
જેમ જેમ સુખડ ઓસરીયે ઘસાતી,
પ્રભુ દ્વારે ઘસાવું ગમે. મારુ જીવન.. ૪

શાસન મહાન છે, પ્રભુ તારે કેરું,
ના જગતમાં સ્થાન કોઇ એથી અદકેરું,
સહુ તેથી પ્રભુને નમે. મારું જીવન.. ૫

## ઓ શંખેશ્વરના પાર્શ્વપ્રભુ

(રાગ:                                        )

ઓ શંખેશ્વરના પાર્શ્વપ્રભુ,
તારું નામ જગતમાં અમર છે
તારું નામ જગતમાં અમર છે
તારું નામ જગતમાં પ્યારું છે.... ઓ શંખેશ્વરના

તારા શિખરે ધજાઓ ફરકે છે
તારા સોનાના ઘુમ્મટો ચમકે છે
એ ઘુમ્મટના ચમકારે આજે
હૈયાં સૌના હરખે છે.... ઓ શંખેશ્વરના

તારી આંગીમાં હીરલા ચમકે છે
તારી આંગીમાં ફૂલડાં મહેકે છે
તારા જાપ જપીને ભકત જનો સૌ
જીવન ઉજ્જ્વલ માને છે.... ઓ શંખેશ્વરના

મારો જીવન પંથ છે ભૂલ ભર્યો
સ્વારથનો ઝંઝાવાત નડયો
એ સ્વાર્થ ભર્યા મુજ અંતરમાં
પ્રભુ પ્રેમની જ્યોત જલાવો ને.... ઓ શંખેશ્વરના

તમે જીવનમિત્ર બનાવો ને
પ્રભુ ભવસાગરથી તારો મને
જો વિશ્વપ્રેમના પાઠક પ્રભુજી
ફરી મને સમજાવો ને.... ઓ શંખેશ્વરના

## અહો અહો પાસજી મુજ મળિયા

(રાગઃ )

અહો! અહો! પાસજી મુજ મળિયા રે,
મારા મનના મનોરથ ફળિયા; ... અહો! અહો!

તારી મૂરતિ મોહનગારી રે, સહુ સંઘને લાગે છે પ્યારી રે,
તમને મોહી રહ્યા સુરનરનારી... અહો! અહો! ૧.

અલબેલી મૂરત પ્રભુ તારી રે, તારા મુખડા ઉપર જાઉં વારી રે,
નાગ-નાગણીની જોડ ઉગારી... અહો! અહો! ૨.

ધન્ય ધન્ય દેવાધિદેવા રે, સુરલોક કરે છે સેવા રે,
અમને આપોને શિવપુર મેવા... અહો! અહો! ૩.

તમે શિવ રમણીના રસીયા રે, જઇ મોક્ષપુરીમાં વસીયા રે,
મારા હૃદય કમળમાં વસીયા... અહો! અહો! ૪.

જે કોઇ પાર્શ્વ તણા ગુણ ગાશે રે, ભવભવનાં પાતિક જાશે રે,
તેનાં સમકિત નિર્મળ થાશે... અહો! અહો! ૫.

પ્રભુ ત્રેવીશમાં જિનરાયા રે, માતા વામાદેવીના જાયા રે,
અમને દરિશન દ્યોને દયાળા... અહો! અહો! ૬.

હું તો લળી લળી લાગું છું પાય રે, મારા ઉરમાં તે હરખ ન માય રે,
એમ "માણેકવિજય" ગુણ ગાય... અહો! અહો! ૭.

## શ્રી માણિભદ્ર વીર દેવની આરતી

(રાગઃ જય આદ્યા શકિત )

જય જય નિધિ, જય માણિકદેવા, પ્રભુ જય માણિક દેવા

હરિહર બ્રહ્મ પુરંધર, કરતા તુજ સેવા... જયદેવ જયદેવ.

તું વિરાધિ વીરા, તુ વાંછિત દાતા, તુ વાંછિત દાતા,

માતપિતા સહોદર સ્વામી, છો પ્રભુ જગત્રાતા... જયદેવ જયદેવ.

હરિ કરી બંધન ઉદધી, ફણિધર અરિઅનલા, ફણિધર અરિઅનલા,

એ તુજ નામે નાસે, સાતે ભય સબળા... જયદેવ જયદેવ.

ડાક ત્રિશૂલ ફુલમાલા, પાસાં કુસ છાજે, પાસાં કુસ છાજે,

એક કર દાનવ મસ્તક, એમ ષટ્ ભુજરાજે... જયદેવ જયદેવ.

તું ભૈરવ તું કિન્નર, તું જગ મહાદીવો, તું જગ મહાદીવો,

કામ કલ્પતરુ ધેનુ, તું પ્રભુ ચિરંજીવો... જયદેવ જયદેવ.

તપગચ્છ પતિ સૂરી, ધ્યાવે તુજ ધ્યાનં, ધ્યાવે તુજ ધ્યાનં,

માણિભદ્ર ભદ્રંકર, આશા વિસરામં... જયદેવ જયદેવ.

સંવત અઢારસે પાંસઠ, શ્રી માધવ માસ, શ્રી માધવ માસ,

દીપ વિજય કવિરાયની, પૂરો સર્વ આશ... જયદેવ જયદેવ.

## શ્રી માણિભદ્ર વીર દેવની પ્રાર્થના

(રાગઃ )

ધારેલું સહુ કામ સિદ્ધ કરવા, છો દેવ સાચા તમે,

ને વિઘ્નો સઘળા વિનાશ કરવા, છો શક્તિશાળી તમે,

સેવે જે ચરણો ખરા હ્યદયથી, તેને ઉપાધી નથી,

એવા શ્રી માણિભદ્ર વીર તમને વંદુ ઘણા ભાવથી.

દેવા સુખ સમસ્ત જનને, છે જે સદા જાગતા,

સેવાના કરનારના પલકમાં, કષ્ટો બધા કાપતાં,

સિદ્ધિ સર્વ મળે અને ભય ટળે, આપે સદા સન્મતિ,

એવા શ્રી માણિભદ્ર દેવ તમને, નમતાં આનંદ થાયે અતિ.

## શ્રી માણિભદ્ર વીર દેવનો છંદ

(રાગ: )

બહુ સરસ વચન ઘો સરસ્વતી, પૂજું ગુરુકે પાય;

ગુણ માણિકનાં ગાવતાં, સેવકને સુખ થાય. ૧

માણિભદ્રને પામીયો, સુરતરુ જેવો સ્વામી;

રોગ શોક દૂર હરે, નમું ચરણ શિર નામી. ૨

તું પારસ તું પોરસો, તુ કામકુંભ સુખકાર;

સાહિબ વરદાઈ સદા, આતમનો આધાર. ૩

તું હી ચિંતામણી રતન, ચિત્રાવેલ વિસ્તાર;

માણિક સાહેબ માહરે, દોલતનો દાતાર. ૪

દેવ ઘણા દુનિયા નમે, સુતા કરે સન્માન;

માણિભદ્ર મોટો મરદ, દીપે દેશ દિવાણ. ૫

## <u>પરમ પ્રભાવશાલી ભગવતી માતા પદ્માવતી દેવીની આરતી</u>

(રાગઃ )

દેવી પદ્માવતી આરતી તુમ્હારી, મંગલકારી જય જગકારી ... ૧

પાર્શ્વ પ્રભુ છે શિર પર તાહરે, ભકિત કરંતા ભકતોને તારે ... ૨

ઉજ્જવલ વર્ણી મૂર્તિ શું સોહે, નીરખી હરખી સહુ જન મોહે ... ૩

કુર્કુટ સર્પના વાહને બેઠી, ભદ્રાસને તું શોભે છે રૂડી ... ૪

સપ્તફણા શોભે મનોહારી, નયન મનોહર પરિકરધારી ... ૫

કમલ પાસાંકુસ ફળ રૂડુ સંગે, ચાર ભૂજામાં કમલમય અંગે ... ૬

વિવિધ સ્વરૂપે ભિન્ન ભિન્ન નામે, જગ સહુ પૂજે ઈષ્ટ સિદ્ધિ કામે ... ૭

જૈન શાસનની છો રખવાલી, કલિકાલે તું ઝાકઝમાલી ... ૮

શ્રદ્ધા ભકિત પ્રેમના દોરે, અંતરથી તને બાંધી જોરે ... ૯

તાહરી સેવાથી દુર્ગુણો જલશે, તારી કૃપાથી સદ્‌ગુણો ખીલશે ... ૧૦

શીઘ્ર કલા તું સંકટ ટાળે, વિઘ્ન વિદારે વાંછિત આલે ... ૧૧

તાહરા ચરણોમાં મસ્તક મારૂં, ઢાળી કરૂં હું પ્રાર્થના ચારૂં ... ૧૨

ધરણેન્દ્ર દેવના દેવી છો ન્યારા, પાર્શ્વભકતોનાં દુઃખ હરનારા ... ૧૩

રાજનગરે લક્ષ્મીવર્ધક મધ્યે, દર્શન કરતાં દુઃખ સહુ વિસરે ... ૧૪

ધર્મપ્રતાપી આશિષ દેજો, સુયશ સિદ્ધિને મંગલ કરજો ... ૧૫

## પરમ પ્રભાવશાલી ભગવતી માતા પદ્માવતી દેવીની પ્રાર્થના

(રાગઃ )

માતા પદ્માવતી નીરખી તુજને, હરખે હૈયું મારૂ રે;

દર્શન કરતાં દુઃખડાં જાવે, દુર્ગતી દુર થાય રે... ૧

મહિમા તારો સકળ જગમાં, નર નારી સૌ ગાવે રે;

વિઘ્ન વિદારે વાંછિત પૂરે, જય જય મંગલ થાવે રે... ૨

મંગલ મૂર્તિ તારી શોભે, પદમ નેત્ર સમ પ્યારી રે;

ચારભુજાથી ભીડ જ ભાંગે, ફણીધર શોભા ન્યારી રે... ૩

શ્રી પાર્શ્વ પ્રભુની શાસન સેવિકા, જૈન શાસન રખવાળી રે;

લક્ષ્મીવર્ધકમાં આપ બીરાજો, પ્રિતિ પાવનકારી રે... ૪

હૈયે હેત ભરીને સાચે, આશિષ ઉરની દેજો રે;

કૃપા કરી કરૂણા વરસાવો, પાપ સકળ મીટાવો રે... ૫

હાથમાં અંકુશ, પાશબંધ ને, કમળ બીજોરૂં સાથે રે;

શ્વેતવર્ણશી પ્રતિમા પ્યારી, શ્રી અજીત આતમ મંગલ માંગે રે... ૬

# <u>આદીશ્વરનાં દુહા</u>

(૧.)
આવો આજે ગાવો આજે ગુણલા તમે જિનવરનાં
અલબેલા શ્રી આદીનાથને ભેટવા, હા ભેટવા,
આવો આજે ગાવો આજે ગુણલા તમે તપસ્વીના.

(૨.)
જ્યાં ચડતા ચડતા કર્મ ખપે છે, તૂટે ભવનાં ફેરા,
વો આદીનાથ હે મેરા.
જય આદીનાથ, જય આદીનાથ.

(૩.)
દાદા તારે દરબારે પચક્ખાણ મારે કરવા છે;
પચક્ખાણ મારે કરવા છે, તપસ્યા મારે કરવી છે,
ચંદન લાવી, કેસર લાવી, ધૂપ લાવી, દીપ લાવી;
દીનદયાળુ દાદાની સેવા મારે કરવી છે.

(૪.)
આદીશ્વરદાદા રે, મારી અરજ સ્વીકારોને;
ભવોભવનાં ભેરુ બની મારી વિનંતી સ્વીકારોને,
મારી જીવન કેરી નાવ, અધવચ્ચે અટવાતી;
એ નૈયાને પ્રભુજી, એક તારો સહારો છે.

(૫.)
તુજ નામ લેવું મુજને જીનેશ્વર ગમે છે;
હૈયે રમે છે, તું મારા હૈયે રમે છે,
સિધ્ધાચલનાં વાસી આજ મુજને ગમે છે. ... હૈયે
પાલીતાણાનો મહીમા છે ન્યારો;
ઉંચા ડુંગરીયે દરબાર તારો,
લાખો યાત્રિક આવે, ગુણલા તારા ગાવે,
દર્શન કરીને પાય નમે છે. ... હૈયે

(૬.)
હે મુને ગમે છે, ગમે છે, ગમે છે,
હે મુને ગમે છે, દાદા તારો સાથ;
આદીશ્વરદાદા પકડોને હવે મારો હાથ,
જ્યારે ત્યારે મને ભણકારા વાગતા;
દાદા આદીશ્વર મને બોલાવતા,
હે મારે જોવું છે (૩) શંત્રુજય ધામ.
આદીશ્વરદાદા પકડોને હવે મારો હાથ.

(૭.)
ઓ શેત્રુંજયના દાદા મને વેલી વેલી જાત્રાએ તેડો,
મને લાગ્યો તારો રંગ, મને લાગ્યો તારો રંગ.

(૮.)
ઘોડાગાડીમાં, ઘોડાગાડીમાં હા હા
ઘોડાગાડીમાં બેસો ભવી જીવો
આવો તમને પાલીતાણા લઇ જાઉં
ત્યાં બેઠા શ્રી આદીનાથનાં દર્શન તમને કરાવું
તેનો ડુંગર છે બહુ ભારી .... ઘોડાગાડી.

(૯.)
પેલા શેત્રુંજયનાં ડુંગરવાળા દાદા બોલાવે.
સૌને બોલાવે જાત્રા કરવા બોલાવે .... પેલા.

(૧૦.)
હેલો મારો સાંભળોને શેત્રુંજયના રાજા
નાભિરાયાના બેટા માતા મરૂદેવીના નંદ
મારો હેલો સાંભળો રે.
હુકમ કરો તો દાદા તારી જાત્રાએ આવું, (૨)
આ ભવોભવનાં કર્મ ખપાવી મોક્ષપુરીમાં જાવું .. મારો
ઉંચા ઉંચા ડુંગરા ને વસમી છે વાટ, (૨)
હું કેમ કરીને આવું દાદા પકડો મારો હાથ .. મારો.

(૧૧.)
હે.. મારે શેત્રુંજયના દર્શનીયે જાવું છે આજ દુર,
પૂજવા છે, સુણવા છે, વાંદવા ...
હો મારે પાલીતાણા જાવું છે આજ,
મારે આદીશ્વર ભેટવા છે આજ
પૂજવા છે, સુણવા છે, વાંદવા ...

# અંતાક્ષરી

(૧.)
તુમ કને શું માંગીએ એ ન અમે જાણીએ

(૨.)
સોનાનો મુગટ માથે પારસનાથ,
લાગો છો અમને પ્યારા.

(૩.)
મારો મુજરો લ્યોને રાજ સાહેબ શાંતી સલુણા...

(૪.)
મોક્ષમાં ક્યાંથી જવાય મારે સીડી રે જોઇએ,
એ રે સીડી ભકિતભાવથી લાવશું
સરખી સરખી કડીઓ જોડાય.

(૫.)
જય ગીરનાર, જય પાલીતાણા,
જય બોલો તળાજા તીર્થની
જૈનો માટે લખશે મુનીઓ, વિધવિધ ગાથા જ્ઞાનની.

(૬.)
જૈનો રે .... તીર્થોની યાત્રા કરતાં થાકી ના જવાય,
જન્મ મરણનાં ફેરા ટળી જાય.

(૭.)
દાદા તારા દરબારે, જાત્રા મારે કરવી છે;
જાત્રા મારે કરવી છે, ભકિત મારે કરવી છે...દાદા
દીનદયાળુ દાદાની ભકિત મારે કરવી છે.
ચંદન લાવી, કેસર લાવી, ધૂપ લાવી, દીપ લાવી,
દીનદયાળુ દાદાની સેવા મારે કરવી છે...દાદા

(૮.)
ઢોલ વાગે ઢોલ વાગે ઢોલ વાગે ઢોલ
તપસ્વીના વાગે ઢોલ (૨)
નાના આવો, મોટા આવો, આવે તપસ્વી બેન
કે ઢમ ઢમ વાગે ઢોલ.

(૯.)
તપસ્વી તમારે આંગણે આવી છું,
આંગણે આવીને તમારી પૂજા ભણાવું છું;
તપસ્યાનો મહિમા અપાર, તેનો ગાતા ના આવે પાર.

(૧૦.)
આંગીની શોભા અપાર રે, મારા દાદાના ધામમાં.

(૧૧.)
વા વા વા વા વારે વા
દાદા હરખે, દાદી હરખે, હરખે માત પિતાજી ... (૨)
કાકા હરખે, કાકી હરખે, હરખે મામા મામી .

(૧૨.)
મારા હૈયામાં નાચે મોર, રૂડી તપસ્યા કરવા કાજે (૨)
તપસ્યા કરવા પારણા કરાવવા પૂજા ભણાવવા આજ

(૧૩.)
હું તારી બોલાવું જે, પ્રભુ મારી ખબર તું લે
આ તો તારી મારી બે ની વાત છે, કોઇ ત્રીજો ન જાણી લે.

(૧૪.)
ધીરે ધીરે ઉડે રે ગુલાલ, બેની તમારી તપસ્યામાં;
આછો આછો ઉડે રે ગુલાલ, બેની તમારી તપસ્યામાં,
તમારે આંગણે સૌ કોઇ આવે, આવીને તમારી શાતા પૂછે;
તપસ્યાનાં ગુણલા ગવાય, બેની તમારી તપસ્યામાં.

(૧૫.)
અમે આવ્યા પ્રભુજી દરબાર, કરવા વંદન હજાર,
કરજો એનો પ્રભુજી સ્વીકાર, કરવા વંદન હજાર.

(૧૬.)
પ્રભુ તારા વીના લાગે સુના રે મંદિરીયા,
પલ પલ સમરૂ તને જીનવરીયા.

(૧૭.)
આવો બેનો સૌએ હરખે હરખે,
આવો બેનો તપસ્યાના ગુણલા ગાવા;
લીલી પીળી ભાતના ચંદરવા બંધાવો
આસોપાલવનાં તોરણ બંધાવો...આવો
પ્યાસે ભકતો જીનશાસનકે, ભકિત કે ગીત ગાઓ,
પ્રભુજીકા બડા નામ સુનકર, મનમેં જી મુસ્કાઓ.

(૧૮.)
જીવનમાં પ્રભુ તારો સાથ મળે, હૈયામાં સદા તારો વાસ
રહે.

(૧૯.)
મળી છે મનમાં હોંશ અનેરી
હૈયે હરખ ન માય, મને તો પ્રભુ મળ્યા છે.

# ચૈત્યવંદન

## ઋષભદેવ

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો,
સોવન હિંડોળે હિંચતો, માતાને મનગમતો ..... ૧
સહુદેવો બાળક થઇ, ઋષભજીને તેડે,
વ્હાલા લાગો છો કહી, પ્રભુ હૈડાશું ભીડે ..... ૨
જિનપતિ યૌવન પામીયા, ભાવેશું ભગવાન,
ઈન્દ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો મંડાણ ..... ૩
ચોરી બાંધી ચીહું દિશિ, સુર ગૌરી ગીત ગાવે,
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે ..... ૪
સકલ સંગ છંડી કરી, કેવલજ્ઞાનને પામે,
અષ્ટ કર્મનો ક્ષય કરી, પહોંચ્યા શિવપુર ધામે ..... ૫
ભરતે બિંબ ભરાવીયા, એ શંત્રુજય ગિરિરાય,
શ્રી વિજય પ્રભુ સૂરિતણાં, ઉદયરત્ન ગુણ ગાય ..... ૬

## પાર્શ્વનાથ

જય ચિંતામણી પાર્શ્વનાથ, જય ત્રિભુવન સ્વામી,
અષ્ટકર્મ રિપુ જીતીને, પંચમી ગતિ પામી,
પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપત્તિ લહીએ,
પ્રભુ નામે ભવ ભવતણાં, પાતક સબ દહીએ,
ૐ હ્રીં વર્ણ જોડી કરી, જપીએ પાર્શ્વનામ,
વિષ અમૃત થઇ પરિણમે, લહીએ અવિચલ ઠામ.

## શાંતિનાથ

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો;
વિશ્વસેન કુળ નભોમણિ, ભવિજન સુખ કંદો ..... ૧
મૃગ લાંછન જિન આયખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ ..... ૨
ચાલીશ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ..... ૩

## મહાવીર સ્વામી

સિધ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ..... ૧
મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વરસનું આયખું, વીર જિનેશ્વર રાયા ..... ૨
ખિમાવિજય જિનરાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મવિજય વિખ્યાત .....૩

## સીમંધર સ્વામી

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરૂણાવંત કરૂણા કરી, અમને વંદાવો ..... ૧
સકલ ભકત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવોભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ ..... ૨
સયલ સંગ છંડી કરી, ચારીત્ર લઈશું;
પાય તુમારા સેવીને, શીવરમણી વરીશું ..... ૩
એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ;
ઈહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ ..... ૪
કર જોડીને વિનવું એ, સામો રહી ઈશાન;
ભાવ જિનેશ્વર ભાણ ને, દેજો સમકિત દાન

## પંચ તીર્થ

આજ દેવ અરિહંત નમું, સમરૂં તોરૂં નામ;
જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ ..... ૧
શત્રુંજય શ્રી આદિદેવ, નેમ નમું ગિરનાર;
તારંગે શ્રી અજિતનાથ, આબુ રિખવ જુહાર ..... ૨
અષ્ટાપદ ગિરિ ઉપરે, શ્રી જિન ચોવીસે જોય;
મણિમય મુરત માનશું, ભરતે ભરાવી સોય ..... ૩
સમેતશિખર તીરથ વડું એ, જ્યાં વીશે જિન પાય;
વૈભારવગિરિ ઉપરે, શ્રી વીર જિનેશ્વર રાય ..... ૪
માંડવગઢનો રાજીયો, નામે દેવ સુપાર્શ્વ;
ઋષભ કહે જિન સમરતાં, પહોંચે મનની આશ ..... ૫

## થોય

### ઋષભદેવ

પ્રહ ઉઠી વંદુ, ઋષભદેવ ગુણવંત,
પ્રભુ બેઠા સોહે, સમવસરણ ભગવંત;
ત્રણ છત્ર બિરાજે, ચામર ઢાળે ઈન્દ્ર,
જિનના ગુણ ગાવે, સુરનર નારી વૃંદ.

### સિધ્ધગિરિ

શ્રી શત્રુંજય તીરથ સાર, ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર,
ઠાકુર રામ અપર; મંત્રમાંહે નવકાર જ જાણું,
તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું;
પંખી માંહે જેમ ઉત્તમ હંસ, કુલમાંહે જેમ ઋષભનો વંશ,
નાભિતણો એ અંશ; ક્ષમાવંતમાં શ્રી અરિહંત,
તપશુરામાં મહામુનિવંત, શત્રુંજય ગિરિ ગુણવંત.

### પાર્શ્વનાથ

પાસજિણંદા વામાનંદા, જબ ગરભે ફળી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે,
નેમિરાજી ચિત્ત વિરાજી, વિલોકિત વ્રત લીયે.

### પાર્શ્વનાથ

શંખેશ્વર પાસજી પુજીએ, નરભવનો લ્હાવો લીજીએ;
મન વાંછિત પૂરણ સુરતરૂ, જય વામાસુત અલવેસરૂ ..... ૧
દોય રાતા જિનવર અતિ ભલા, દોય ધોળા જિનવર ગુણ નીલા;
દોય નીલ દોય શામળ કહ્યા, સોળે જિન કંચન વર્ણ લહ્યા ..... ૨
આગમ તે જિનવર ભાખિયો, ગણધર તે હઈડે રાખિયો;
તેહનો રસ જેણે ચાખિયો, તે હુવો શિવસુખ સાખિયો ..... ૩
ધરણેન્દ્ર રાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણાં ગુણ ગાવતી;
સહુ સંઘના સંકટ ચુરતી, નયવિમલનાં વાંછિત પુરતી ..... ૪

## શાંતિનાથ

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે,
સુમિત્રને ઘેર પારણું, ભવ પાર ઉતારે;
વીચરંતા અવની તળે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાનધ્યાન એક તાનથી, તિર્યંચને તારે.

## સીમંધર સ્વામી

શ્રી સીમંધર જિનવર, સુખકર સાહિબ દેવ,
અરિહંત સકલની, ભાવ ધરી કરૂં સેવ;
સકલાગમ પારગ, ગણધરભાષિત વાણી,
જયવંતી આણા, જ્ઞાનવિમલ ગુણ ખાણી.

## સીમંધર સ્વામી

મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી, સોનાનું સિંહાસનજી,
રૂપાના ત્યાં છત્ર બિરાજે, રત્નમણીના દીવા દીપેજી;
કુમકુમ વરણી ત્યાં ગહુંલી બિરાજે, મોતીના અક્ષતઃ સારજી,
ત્યાં બેઠા સીમંધર સ્વામી, બોલે મધુરી વાણીજી;
કેસર ચંદન ભર્યા કચોળા, કસ્તુરી બરાસેજી,
પહેલી રે પૂજા અમારી હોજો, ઉગમતે પ્રભાતે જી.

## કલ્લાણ કંદં

કલ્લાણકંદં પઢમં જિણિદં, સંતિ તઓ નેમિજિણં મુણિંદં;
પાસં પયાસં, સુગુણિકઠઠાણં, ભત્તીઇ વંદે સિરિવદ્ધમાણં.

## સંસારદાવા

સંસાર દાવાનલ દાહનીરં, સંમોહધૂલી હરણે સમીરં;
માયા રસા દારણ સારસીરં, નમામિ વીરં ગિરિ સાર ધીરમ્.

# આરતી

જય જય આરતી આદી જિણંદા, નાભિરાયા મરૂદેવી કો નંદા,

પહેલી આરતી પુજા કીજે, નરભવ પામીને લ્હાવો લીજે,

દુસરી આરતી દીનદયાળા, ધુલેવા મંડપમાં જગ અજવાળા,

તીસરી આરતી ત્રિભુવન દેવા, સુરનર ઈંન્દ્ર કરે તોરી સેવા,

ચોથી આરતી ચઉગતિ ચુરે, મનવાંછીત સહુ શીવસુખ પુરે,

પંચમી આરતી પુન્ય હું પાયો, મુળચંદે ઋષભ ગુણ ગાયો.

જય જય આરતી આદી જિણંદા, નાભિરાયા મરૂદેવી કો નંદા,

## મંગળ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતી ઉતારણ બહુચિરંજીવો,

સોહામણું ઘેર  પર્વ દિવાળી, અંબર ખેલે અમરાવાળી,

દિપાળ ભણે એણે કુળ અજવાળી, ભાવે ભગતે વિઘન નીવારી,

દિપાળ ભણે એણે એ કલિકાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે,

અમ ઘેર  મંગલિક, તુમ ઘેર  મંગલિક, મંગલિક ચર્તુવિધ સંઘને હોજો,

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો, આરતી ઉતારણ બહુચિરંજીવો.

# વધાઇ

દીનાનાથની વધાઇ બાજે છે,

મારા નાથની વધાઇ બાજે છે.

શરણાઇ સુર નોબત બાજે,

ઘોર ઘનન ઘન ગાજે છે,

ઇન્દ્રાણી મિલ મંગલ ગાવે,

મોતીઓના ચોક પુરાવે છે.....મારા

સેવક પ્રભુજીસે અરજ કરત હૈ,

ચરણોની સેવા પ્યારી લાગે છે.....મારા

# <u>છડી</u>

સોને કી છડી, રૂપે કી મશાલ,

ઝરીયનકા જામા, મોતીયન કી માલા,

આજુ સે, બાજુ સે, નિગાહ રખો,

જીવદયા પ્રતિપાલક, ત્રણ લોકનાં નાથ,

_______ તીર્થંકર દેવાધીદેવ શ્રી _________ ભગવાનને

ઘણી ખમ્મા..... ઘણી ખમ્મા..... ઘણી ખમ્મા